بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَّارۡزُقۡنِیۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**






સરપરસ્ત

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-3, January-2014**

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)

મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)

લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮

અનવરઅલી મતિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 6 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| ઝિયારતે વારેસાની તફસીર | 11 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 15 |
| અલી ઈબ્ને અબીતાલિબ | 18 |
| હાઈરે હુસૈની | 19 |
| પુરાતત્ત્વવિદ્યા સંબંધી કરબલાનો ઈતિહાસ | 19 |
| રાસેખૂન | 25 |
| મશાયખવાણી | 27 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 31 |
| રૂહાની અને જિસ્માની બીમારી | 33 |
| અલ ઈર્શાદ | 35 |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | 37 |
| નહજુલ અસરાર | 39 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 43 |
| જાફરી પંચાંગ | 46 |
| બ્લોગ | 47 |
| મીર અનીસના મરસિયા | 49 |
| ખુત્બો : લોકોમાં સુલેહ કરાવવી | 52 |
| જ્ઞાનગોષ્ઠિ | 55 |
| આપણા ઘરની વાતો | 58 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 63 |


# ઊઘડતે પાને...

**બની ઈસરાઈલનું એક ટોળું.** બની ઈસરાઈલનું આ ટોળું એક સમુદ્રના કાંઠે રહેતું હતું. જ્યાં તે રહેતું હતું તે સ્થળનું નામ હતું શહેર **'ઈલા'**. આજે આ શહેરને **'ઈલાત'** કહેવાય છે.

આ ટોળાની આઝમાઈશ માટે અલ્લાહ તઆલાએ તેમને હુકમ આપ્યો હતો કે અઠવાડિયાના બધા દિવસોએ તેઓ માછલીનો શિકાર કરે. માત્ર શનિવારના દિવસે તેઓ શિકાર ન કરે, પરંતુ એ લોકોએ આ હુકમનો સરે આમ વિરોધ કર્યો જેના પરિણામે તેઓ એક દર્દનાક અઝાબમાં સપડાઈ

ગયા. આનું વિગતવાર વર્ણન કુરઆનમાં કરવામાં આવ્યું છે.

કુરઆનમાં ઈરશાદ થયો છે :

وَسْـَٔلْهُمْ عَنِ الْقَرْيَةِ الَّتِىْ كَانَتْ حَاضِرَةَ الْبَحْرِ ۘ اِذْ يَعْدُوْنَ فِى السَّبْتِ... ﴿١٦٣﴾

*"જે યહૂદીઓ તમારા જમાનામાં મોજૂદ છે તેમને આ શહેરના માજરા વિષે સવાલ કરો કે જે સમુદ્રના કિનારે આવેલું છે. અને તેમને એ સમયની યાદ અપાવો કે જ્યારે તેઓ શનિવારના દિવસે અલ્લાહના કાનૂનનો વિરોધ કરતા હતા..."*

(સૂરા એઅરાફ, આયત–૧૬૩)

આવું એટલા માટે કે શનિવારનો દિવસ તેમના માટે ફુરસદ(રજા)નો દિવસ હતો, જેમાં એમને એવો હુકમ મળ્યો હતો કે આ દિવસે તેઓ પોતાનો કારોબાર છોડી દે અને ખુદાની ઈબાદતમાં મશગૂલ થાય, પરંતુ તેમણે તે હુકમની તરફ ધ્યાન ન આપ્યું.

ત્યાર પછી કુરઆને મજીદ આ વાકય કે જે પહેલાં સંક્ષિપ્તમાં આવી ગયું છે તેની એવી રીતે સ્પષ્ટતા કરે છે કે યાદ કરો,

...اِذْ تَاْتِيْهِمْ حِيْتَانُهُمْ يَوْمَ سَبْتِهِمْ شُرَّعًا وَّيَوْمَ لَا يَسْبِتُوْنَ ۙ لَا تَاْتِيْهِمْ ۚ... ﴿١٦٣﴾

*"...જ્યારે શનિવારના દિવસે માછલીઓ પાણીના ઉપર જાહેર થતી હતી અને અન્ય દિવસોમાં તે ઓછી દેખાતી હતી..."*

(સૂરા એઅરાફ, આયત-૧૬૩)

એ બાબત તો સ્પષ્ટ છે કે જે લોકો સમુદ્રના કિનારે જિંદગી વિતાવતા હતા તેમનો ખોરાક અને આવકનું મોટું માધ્યમ માછલીનો શિકાર હતો અને જો કે શનિવારના રોજ સતત ફુરસદ રહેતી હતી તેથી એ દિવસે માછલીઓ અમનનો અનુભવ કરતી હતી અને તેઓ ટોળે ટોળાં પાણીની સપાટી પર જાહેર થતી હતી, પરંતુ અન્ય દિવસોમાં તેમનો શિકાર કરવામાં આવતો હતો એટલા માટે તેઓ ઊંડા પાણીમાં જતી રહેતી હતી. ગમે તેમ કોઈ પણ આવી પરિસ્થિતિ ચાહે કોઈ સ્વાભાવિક કાર્યના પરિણામે હોય અથવા કોઈ ઈલાહીના નિત્યક્રમ વિરુધ્ધ બાબત હોય, તેનાથી તે લોકોની આઝમાઈશ ઈચ્છિત હતી જેમકે કુરઆન બયાન કરે છે :

...كَذٰلِكَ ۚ نَبْلُوْهُمْ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿١٦٣﴾

*"...અમોએ એવી રીતે એ લોકોની આઝમાઈશ કરી એવી વસ્તુના દ્વારા કે જેનો તેઓ વિરોધ કરતા હતા."* (સૂરા એઅરાફ, ૧૬૩)

જે વખતે બની ઈસરાઈલે આવી મોટી આઝમાઈશનો સામનો કર્યો કે જે તેમની જિંદગી સાથે સંકળાયેલી હતી, તો તેઓ ત્રણ ટોળાંમાં વિભાજિત થઈ ગયા.

એક એવું ટોળુ હતું કે જેની બહુમતી હતી. તે લોકો એવા હતા કે જેમણે આ ઈલાહી ફરમાનનો વિરોધ કરવા કમર કસી હતી. બીજું ટોળું કે જે અપેક્ષા પ્રમાણે એક નાની સંખ્યા પર આધારિત હતું. આ ટોળું પહેલા ટોળાના મુકાબલામાં અમ્ર બિલ માઅરુફ અને નહ્ય અનિલ મુન્કરની શરીઅતી જવાબદારી અદા કરતુ હતું. ત્રીજું ટોળું એવા લોકોનું હતું કે જે અવિચળ અને નિર્જીવ લોકો હતા. તેઓ ન તો ગુનેગારોની સાથે હતા અને ન તો તેમને તે ગુનાઓની મનાઈ કરતા હતા.

કુરઆનમાં આ ટોળાએ બીજા ટોળા સાથે જે વાતચીત કરી હતી તેને નકલ કરવામાં આવેલ છે :

એ સમયને યાદ કરો કે જ્યારે તેમનામાંથી એક ટોળાએ બીજાને કહ્યું :

તમે એ લોકોને શા માટે હિદાયત અને નસીહત કરો છો કે જેમને છેવટે ખુદા હલાક કરવાવાળો છે અથવા તો દર્દનાક અઝાબમાં સપડાવવાનો છે.

તેમણે જવાબમાં કહ્યું, અમે એટલા માટે બૂરાઈથી મનાઈ કરીએ છીએ કે ખુદાની સામે અમારી જવાબદારીને અદા કરી દઈએ અને તેઓ આ બાબતમાં અમને કોઈ પૂછપરછ ન કરે. ઉપરાંત હજુ પણ કદાચ તેમના દિલોમાં અમારી વાતોની કોઈ અસર પણ થઈ જાય અને તેઓ નાફરમાની અને બૂરાઈ કરવાથી હાથ ઉઠાવી લે.

(સૂરા એઅરાફ, આયત–૧૬૪)

فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖٓ اَنْجَيْنَا الَّذِيْنَ يَنْهَوْنَ عَنِ السُّوْٓءِ وَاَخَذْنَا الَّذِيْنَ ظَلَمُوْا بِعَذَابٍۭ بَئِيْسٍۭ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿١٦٥﴾

*"છેવટે દુનિયા પરસ્તીએ તેમના ઉપર વર્ચસ્વ જમાવી દીધું અને તેમણે ખુદાના ફરમાનને ભૂલાવી દીધું એ વખતે અમે એ લોકોને કે જે લોકો ગુનાહ કરવાની મનાઈ કરતા હતા, નજાત આપી, પરંતુ ગુનેગારોને તેમના ગુનાના કારણે સખત અઝાબમાં સપડાવી દીધા."*

(સૂરા એઅરાફ, આયત–૧૬૫)

ત્યાર પછી તેમને સજા આપી દેવાની કેફિયત એવી રીતે બયાન ફરમાવવામાં આવી :

فَلَمَّا عَتَوْا عَنْ مَّا نُهُوْا عَنْهُ قُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِئِيْنَ ﴿١٦٦﴾

*"તેમણે આ બાબતના મુકાબલામાં સરકશી કરી જેનાથી તેમને રોકવામાં આવ્યા હતા (તેથી) અમે તેમને કહ્યું, ધુત્કારેલા વાંદરાઓના ચહેરાવાળા થઈ જાઓ."* (સૂરા એઅરાફ, આયત-૧૬૬)

બની ઈસરાઈલના લોકોએ કયા સમયે કાનૂન ભંગ કર્યો તે બાબતમાં તફસીર કરનારાઓની વચ્ચે વિવાદ છે. કેટલીક રિવાયાતોથી એવું જાણવા મળે છે કે તેમણે એક કપટ રચ્યું. તેમણે સમુદ્રના કિનારે ઘણા બધા હોજ બનાવી દીધા હતા અને તેમને નહેરો દ્વારા સમુદ્ર સાથે મિલાવી દીધા હતા. શનિવારના દિવસે એ હોજના રસ્તા ખોલી દેતા હતા. પાણીની સાથે માછલીઓ પણ અંદર આવી જતી હતી. સૂર્ય આથમવાના સમયે જ્યારે માછલીઓ પાછી જવા ઈચ્છતી હતી તો પાછા જવાનો રસ્તો બંધ કરી દેતા હતા. જ્યારે રવિવારનો દિવસ આવતો હતો તો પછી તેમનો શિકાર કરી લેતા હતા અને તે કહેતા હતા કે અમે શનિવારના દિવસે શિકાર થોડો કર્યો છે અમે તો ફક્ત તેમને હોજોમાં લાવી દીધી હતી. અસલ શિકાર તો રવિવારના દિવસે થયો હતો.

કેટલાક તફસીરકારોએ એવું કહ્યું છે કે તે લોકો શનિવારના દિવસે માછલી પકડવાના કાંટાઓને દરિયામાં નાખી દેતા હતા. ત્યાર પછી જ્યારે તેમાં માછલીઓ ફસાઈ જતી હતી તો બીજા દિવસે તેમને કાઢી લેતા હતા અને આવા કપટથી તેઓ તેમનો શિકાર કરતા હતા.

કેટલીક રિવાયાતોથી એવું પણ જાણવા મળ્યું છે કે તે લોકો કોઈ પણ પ્રકારના કપટ વગર શનિવારના દિવસે ખૂબ જ ચોરી છૂપીથી શિકારમાં મશગૂલ થઈ જતા હતા. જ્યારે આ રીતે તેમની નજરમાં ગુનાનું મહત્વ ઘટી જતું હતું તો પછી તેમણે છડેચોક ગુના કરવાનું શરૂ કરી દીધું હોય અને શનિવારના દિવસની હુરમતને બેકાર કરી નાખીને માછલીનો વેપાર કરીને માલદાર થઈ ગયા હોય.

(સંદર્ભ : કસસે કુરઆન, પેજ ૪૨૩ થી ૪૨૬)




## ૨૫૭

સંપાદન : જાફરી આવાઝ કાર્યાલય



### :::: આડી ચાવીઓ ::::

(૧) અલ્લાહ બરકત આપે (૫)

(૪) માપદંડ, માપિયું, ત્રાજવું (૪)

(૬) ગાય, કુરાનના એક સૂરાનું નામ (૩)

(૮) મહાપ્રલય, કયામતનો દિવસ (૪)

(૧૦) આશરો, આશ્રય (૩)

(૧૨) શાશ્વતતા, હંમેશગી (૨)

(૧૪) અકબંધ, યથાવત્ (૫)

(૧૫) ગુણ, લક્ષણ (૩)

(૧૮) ઘેટું, બકરું અરબી શબ્દ (૩)

(૨૧) અંદાઝ, છેડો (૨૧)

(૨૩) વટેમાર્ગુ, રસ્તા પાર ચાલનાર (૨)

(૨૪) દીકરો, બેટો, ફરઝંદ (૩)

(૨૫) ચિત્ર, છબી (૩)

(૨૬) માત્ર, કેવળ (૩)

(૨૭) સમાપ્ત, ખલાસ (૩)

(૨૮) રાજગાદી, બેસવાનો પાટ, ઊંચું આસન (૩)

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) અદબપૂર્વક, સભ્યતા સાથે સવિનય (૪)

(૨) કરમ કરનાર, કૃપાળુ (૩)

(૩) એબિસિનીયા દેશનું જૂનું નામ (૩)

(૪) પાંખ, પીંછું (૨)

(૫) એવો પુરૂષ કે જેનાથી સ્ત્રીએ પડદો રાખવો પડતો હોય (૫)

(૭) ઈમામ હુસૈન(અ.)ની કતલની જગ્યા (૪)

(૯) નવાઈ, આશ્ચર્ય, અજબ (૩)

(૧૦) રાંધેલું ભોજન, તળેલી વસ્તુ (૪)

(૧૧) પોકાર, ઘોષ (૨)

(૧૩) પત્રવાહક, સંદેશવાહક (૩)

(૧૬) સેવા, ચાકરી, નોકરી (૪)

(૧૭) પાણી, જળ (૨)

(૧૮) આળસ, સુસ્તી, બેદરકારી, ભૂલ (૪)

(૧૯) દોલત, માલ (૨)

(૨૦) નીચતા, દુષ્ટતા, તોફાન (૪)

(૨૨) યુધ્ધમાંથી મળેલ લૂંટનો માલ (૪)

(૨૪) ધર્માદા પેટે આપેલ, સમર્પણ



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَاسْتَفْتِهِمْ اَلِرَبِّكَ الْبَنَاتُ وَلَهُمُ الْبَنُوْنَ ﴿١٤٩﴾

❂ માટે (હે રસૂલ !) તેમને પૂછ કે શું તારા પાલનકર્તા માટે તો પુત્રીઓ છે અને તેમના માટે પુત્રો ?

**(પારો–૨૩, સૂરએ સાફ્ફાત, આયત–૧૪૯)**

---

اِنَّ هٰذَآ اَخِيْ لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً وَّ
لِيَ نَعْجَةٌ وَّاحِدَةٌ فَقَالَ اَكْفِلْنِيْهَا وَ
عَزَّنِيْ فِي الْخِطَابِ ﴿٢٣﴾

❂ (સાંભળ) નિ:સંશય આ મારો ભાઈ છે; તેની પાસે નવ્વાણું મેંઢીઓ છે, અને મારી પાસે એક જ મેંઢી છે; છતાં તે મને કહે છે કે તે એક મેંઢી પણ મને સોંપી દે, અને (વળી) વાતચીત કરવામાં પણ તે મને દબાવે છે.

**(પારો–૨૩, સૂરએ સાદ, આયત–૨૩)**

---

قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ اِلٰى
نِعَاجِهٖ ۖ وَاِنَّ كَثِيْرًا مِّنَ الْخُلَطَآءِ لَيَبْغِيْ
بَعْضُهُمْ عَلٰى بَعْضٍ اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَ
عَمِلُوا الصّٰلِحٰتِ وَقَلِيْلٌ مَّا هُمْ ۗ وَظَنَّ
دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ فَاسْتَغْفَرَ رَبَّهٗ وَخَرَّ
رَاكِعًا وَّاَنَابَ ﴿٢٤﴾ السجدة

❂ (દાવૂદે) ફરમાવ્યું, ખચીત જ તેણે પોતાની આટલી (બધી) મેંઢીઓ હોવા છતાં તારી એક મેંઢી પણ તારી પાસે માગવામાં તારા ઉપર જુલ્મ કર્યો છે; અને નિ:સંશય ઘણા ભાગીદારો એવી રીતે એક બીજા પર જાસ્તી કરી જાય છે, સિવાય કે જેઓ ઈમાન લાવ્યા હોય તથા સદાચારી હોય, પણ તેવા ઘણા જ થોડા હોય છે. (આ સાંભળીને તેઓ ચાલ્યા ગયા) અને દાવૂદ સમજી ગયો કે અમોએ (આ ચુકાદા વડે) તેની કસોટી કરી છે, જેથી તેણે પોતાના પરવરદિગાયની ક્ષમા માગી અને તે સિજદામાં પડી જઈને (અલ્લાહની તરફ) ધ્યાનમગ્ન થઈ ગયો.

**(પારો–૨૩, સૂરએ સાદ, આયત–૨૪)**

| | |
|---|---|
| فَغَفَرْنَا لَهٗ ذٰلِكَ ۗ وَ اِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَ حُسْنَ مَاٰبٍ ﴿٢٥﴾ | ❂ જેથી અમોએ પણ તેનો આ (ગુનો) માફ કરી દીધો; અને બેશક અમારી પાસે તેની મોટી નજદીકી અને ઉત્તમ સ્થાન છે.<br>**(પારો–૨૩, સૂરએ સાદ, આયત–૨૫)** |
| اُرْكُضْ بِرِجْلِكَ ۚ هٰذَا مُغْتَسَلٌۢ بَارِدٌ وَّ شَرَابٌ ﴿٤٢﴾ | ❂ (અમોએ જવાબ આપ્યો કે) તું જમીન પર તારો પગ માર, (તેમ કરતાં એક ઝરણું વહી નીકળ્યું; પછી અમોએ ફરમાવ્યું કે) આ શીતળ જળ નાહવા માટે છે અને પીવા માટે પણ.<br>**(પારો–૨૩, સૂરએ સાદ, આયત–૪૨)** |
| وَ خُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِّهٖ وَلَا تَحْنَثْ ۗ اِنَّا وَجَدْنٰهُ صَابِرًا ۗ نِعْمَ الْعَبْدُ ۗ اِنَّهٗۤ اَوَّابٌ ﴿٤٤﴾ | ❂ અને (હે અય્યૂબ !) લીલી વનસ્પતિની એક ડાંખળી તારા હાથમાં લે અને તે વડે (તારી પત્નીને) માર અને તારી પ્રતિજ્ઞા જૂઠ્ઠી ન પાડ; નિ:સંશય અમોએ તેને (મહા) ધૈર્યવાન ભાળ્યો; તે કેવો ઉત્તમ બંદો હતો ! ખરે જ તે (પોતાને અલ્લાહ તરફ) મોટો રજૂ કરનારો હતો.<br>**(પારો–૨૩, સૂરએ સાદ, આયત–૪૪)** |
| وَ الَّذِیْ جَآءَ بِالصِّدْقِ وَ صَدَّقَ بِهٖۤ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿٣٣﴾ | ❂ અને તે કે જે સત્ય લઈને આવ્યો અને તે કે જેણે તેનો સ્વીકાર કર્યો તેઓ જ તો (અલ્લાહથી) ડરીને ચાલનારા છે.<br>**(પારો–૨૪, સૂરએ ઝુમ્ર, આયત–૩૩)** |
| وَ لَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ مِنْهُمْ مَّنْ قَصَصْنَا عَلَيْكَ وَ مِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ عَلَيْكَ ۗ وَ مَا كَانَ لِرَسُوْلٍ اَنْ يَّاْتِیَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ۚ فَاِذَا جَآءَ اَمْرُ اللّٰهِ قُضِیَ بِالْحَقِّ وَ خَسِرَ هُنَالِكَ الْمُبْطِلُوْنَ ﴿٧٨﴾ | ❂ અને ખરે જ અમોએ તારી પૂર્વે ઘણાય રસૂલો મોકલ્યા હતા, તેઓ માંહેના કેટલાકના કિસ્સા અમોએ તને વર્ણવી દીધા છે, અને તેઓ માંહેના કેટલાકના કિસ્સા અમોએ (હજી) તને વર્ણવ્યા નથી; અને કોઈ રસૂલની મજાલ નથી કે તે અલ્લાહના હુકમ સિવાય કોઈ મોઅજિઝો લાવી દેખાડે, માટે જ્યારે અલ્લાહનો હુકમ આવી જશે ત્યારે યોગ્ય નિર્ણય કરી દેવામાં આવશે, અને તે વેળા (સત્ય ધર્મને) અસત્ય માનનારા નુકસાનમાં જ રહેશે.<br>**(પારો–૨૪, સૂરએ મોમિન, આયત–૭૮)** |



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૨૯ નેક કામની તાકીદ કરવા અને ખોટા કામની મનાઈ કરવા વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ تُؤْمِنُوْنَ بِاللّٰهِ ... ﴿١١٠﴾

*(તમે કેટલા બધા સારા જનસમૂહના લોકો છો કે તમને લોકોની હિદાયત માટે પેદા કરવામાં આવ્યા છે. તમે લોકોને નેકીઓનો હુકમ આપો છો અને બૂરાઈઓની મનાઈ કરો છો અને અલ્લાહ ઉપર ઈમાન ધરાવો છો...)*

(સૂરા આલે ઈમરાન, આયત-૧૧૦)

(૪૨૭) જે કોઈ નેકીનો હુકમ આપે અથવા તો કોઈ બૂરાઈની મનાઈ કરે અથવા કોઈ ભલાઈની તરફ માર્ગદર્શન આપે અથવા નેકીને દર્શાવે તો તે ભલાઈમાં ભાગીદાર બની જાય છે.

(ખિસાલ સદૂક, બાબુસ્સલાસા, હદીસ-૧૩૧)

(૪૨૮) જે અમારા વડીલોનું માન ન જાળવે અને અમારા બાળકો ઉપર દયા ન કરે અને નેકીઓનો હુકમ ન આપે અને બૂરાઈઓ માટે મનાઈ ન કરે તે અમારામાંથી નથી.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૮)

(૪૨૯) જે સમયે મારી ઉમ્મતમાં દુન્યવી કામોને મહત્વનાં સમજવામાં આવશે તો તેમનામાંથી ઈસ્લામનો ડર દૂર કરવામાં આવશે અને જ્યારે નેકીઓની તાકીદ અને બૂરાઈઓની મનાઈ કરવાનું છોડી દેશે તો ગુનાઓમાં તે લોકો સપડાઈ જશે.

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૨૪૨)

(૪૩૦) ભલાઈ અને બૂરાઈ તે બન્ને અલ્લાહની મખ્લૂક છે કે જેમને કયામતના દિવસે લોકોની વચ્ચે રાખવામાં આવશે. નેકી પોતાના લોકોને પારખી લેશે અને જન્નતની તરફ લઈ જશે. જ્યારે બૂરાઈ પોતાના લોકોને પારખી લેશે અને તેમને જહન્નમની તરફ હાંકીને લઈ જશે.

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૨૪૯)

(૪૩૧) આદમજાતની બધી જ બાબતો તેને નુકસાનકર્તા છે, સિવાય કે તે નેકીઓનો હુકમ આપે, કોઈ બૂરાઈથી મનાઈ કરે, અલ્લાહનો ઝિક્ર કરે.

(ઈસ્નાઅશરીયા, સફા-૩૭)

## ૩૦ ગુના વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...وَكَفٰى بِهٖ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًا ﴿٥٨﴾

*(અને તેની હમ્દ અને સના કરતા રહો તે પોતાના*

*બંદાના ગુનાઓની જાણકારી માટે પૂરતો છે. (તે પોતે સમજી લેશે.))*

(સૂરએ ફુર્કાન, આયત-૫૮)

(૪૩૨) ગુનાઓનું વારંવાર આચરણ કરવાથી દિલો મરી પરવારે છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૧૧૮)

(૪૩૩) જે વ્યકિત હસતાં હસતાં ગુના કરશે તે રૂદન કરતો કરતો જહન્નમમાં દાખલ થશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ-૨, સફા-૨૮૬)

(૪૩૪) મને નવાઈ લાગે છે કે જે માણસ માંદગીના ડરથી ખાવાથી પરહેઝ કરે છે, તે જહન્નમની આગથી ડરીને ગુનાથી દૂર કેમ નથી રહેતો ?

(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૪૮૯)

(૪૩૫) અલ્લાહ તઆલા ફરમાવે છે હે આદમની ઓલાદ ! તમને લોકોના ગુના તમારા પોતાના ગુના વિષે નિશ્ચિંત ન કરી દે અને બીજાની નેઅમતો જોઈને તમે તમારી નેઅમતોને તુચ્છ સમજવા ન લાગો અને તમે લોકોને અલ્લાહની રહેમતથી નિરાશ ન કરો કારણ કે તમે પોતે જ તેની રહેમતની આશા રાખો છો.

(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૪૮૯)

(૪૩૬) એક બંદાને તેણે કરેલા ગુનાઓમાંથી એક ગુનાની સજામાં આખેરતનાં સો વરસ કેદમાં રાખવામાં આવશે આ વખતે તે જોઈ રહ્યો હશે કે તેનાં સગાંવહાલાં અને બાલબચ્ચાં જન્નતમાં છે.

(રૌઝતુલ વાએઝીન, સફા-૪૨૦)

(૪૩૭) કમનસીબીની નિશાનીઓમાં આંસુઓનું ન નીકળવું, દિલની કઠોરતા, દુન્યવી વસ્તુઓ હાંસિલ કરવાની તીવ્ર ઈચ્છા અને ગુનાઓને વળગી રહેવું શામેલ છે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૩)

(૪૩૮) તમે એ ન જુઓ કે ગુનો કેટલો મામૂલી છે, પરંતુ તમે એ જુઓ કે તમે કોની નાફરમાની કરી રહ્યા છો.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૭૭)

(૪૩૯) મોમિનનું દિલ ગુના કરતી વખતે એટલું બેચેન હોય છે જેટલું બેચેન જાળમાં ફસાયેલું એક પક્ષી હોય છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૭૭)

(૪૪૦) મોમિન ગુનાને એ રીતે જુએ છે કે જાણે તે પથ્થરની એક શિલાની નીચે ઊભો છે અને તે ભય અનુભવે છે કે તે શિલા તેના પર આવી ન પડે અને કાફિર ગુનાને એવો સમજે છે કે જાણે એક માખી તેના નાક પાસેથી પસાર થઈ ગઈ.

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૫૩)

(૪૪૧) અલ્લાહે ફરમાવ્યું છે, "હે આદમની ઓલાદ! તું મારી સાથે ન્યાયપૂર્ણ રીતે વર્તન કરતો નથી. હું તારાથી મોહબ્બત રાખીને તને નેઅમતો ઈનાયત કરું છું જ્યારે તું ગુનાઓનું આચરણ કરીને મારાથી દુશ્મનાવટ કરે છે. મારા તરફથી તારા ઉપર ભલાઈ ઊતરે છે અને તારા તરફથી બૂરાઈ ઉપર આવે છે. તારા તરફથી રોજ એક ફરિશ્તો અનિષ્ટ કૃત્યોને લઈને આવે છે. અય આદમના ફરઝંદ ! અગર જો તું તારો કોઈ સદ્‌ગુણ કોઈ બીજાના મોઢે સાંભળે તો તે પ્રશંસા કરનારને દુશ્મન સમજ, અગર તને ખબર ન હોય કે તે કોણ છે. (તરાએફુલ-હિકમ, જિલ્દ-૨, સફા-૩૯૧)

# ઝિયારતે વારેસાની તફસીર

(ગતાંકનુ ચાલુ)

...وَاَقِيْمُوا الشَّهَادَةَ لِلّٰهِ ... ﴿٢﴾

*(...અને (અય સાક્ષીઓ ! અલ્લાહનો ખોફ રાખીને) બરોબર સાક્ષી આપજો;...)*

(સૂરા તલાક, આયત–૨)

...وَلَا يَاْبَ الشُّهَدَآءُ اِذَا مَا دُعُوْا ... ﴿٢٨٢﴾

*(...અને ગવાહોને જ્યારે બોલાવવામાં આવે ત્યારે તેમણે ઈન્કાર કરવો જોઈએ નહીં...)*

(સૂરા બકરા, આયત–૨૮૨)

પયગમ્બરે પાક (સ.)એ આ આયતની સમજૂતી આપતાં ફરમાવ્યું છે :

"જો કોઈ માણસ એવી સાચી ગવાહી આપે એવી નિય્યતથી કે તે (તેની સાબિતી) વડે કોઈ મુસલમાન પોતાનો હક પાછો મેળવવા શકિતમાન બની જાય તો કયામતના દિવસે તેના ચહેરાને નૂરથી ચમકતો બનાવીને તેનો દરજ્જો વધારવામાં આવશે. તે નૂર એટલું બધું પ્રકાશિત હશે કે આંખો તેને જોઈ શકે એટલી દૂરીથી તેને નિહાળી શકશે. ત્યાં તેના ઉપર નૂર સિવાય બીજું કશું નહીં હોય. લોકો તેને તેના નામથી દેખાવથી અને વંશાવલીથી ઓળખી લેશે."

(બિહારુલ અન્વાર, જિલ્દ-૧૦૪, પેજ-૩૧૧, હદીસ-૯)

જ્યારે સૂરાએ બકરાની ૨૮૨મી આયતની તફસીરમાં આગળ વધતાં ઈમામ સાદિક (અ.) સમજાવે છે :

'સાબિતી આપવા માટેના આમંત્રણને આવું કહીને ઠુકરાવી દેવું કોઈ વ્યકિત માટે અયોગ્ય છે કે – 'હું તમારી તરફેણમાં સાબિતી નહીં આપું.'

(તફસીરે અય્યાશી, જિલ્દ-૧, પેજ-૧૫૬, હદીસ-૫૨૪)

"જ્યારે તમને સાબિતી (ગવાહી) આપવા માટે બોલાવવામાં આવે તો (તે વિનંતીને) આધિન થઈ જાઓ." (તેહઝીબ, જિલ્દ-૬, પેજ-૨૭૫, હદીસ-૭૫૨)

**(૨) ગવાહીને છુપાવવી :**

બે મહાન વસ્તુઓ - કુરઆન અને અહલેબૈત (અ.) - એ જેવી રીતે ગવાહી આપવા હકારાત્મકતાની આપણને રૂપરેખા આપી છે એવી જ રીતે તેમણે ગવાહીને છુપાવવા વિષે પણ નાપસંદી દર્શાવી છે. કુરઆન શરીફ આ અંગે ચેતવણી આપે છે :

...وَمَنْ اَظْلَمُ مِمَّنْ كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ... ﴿١٤٠﴾

*(...અને તેના કરતાં વધારે અન્યાયી કોણ છે કે જે એવી ગવાહીને છુપાવે છે કે જે તેના પાસે અલ્લાહથી (મળેલી) છે ?...)*

(સૂરા બકરા, આયત–૧૪૦)

એ જ સૂરામાં અલ્લાહ ચેતવે છે -

وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ ۚ وَمَنْ يَّكْتُمْهَا فَاِنَّهٗۤ اٰثِمٌ قَلْبُهٗ ۚ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ ﴿٢٨٣﴾

*(...અને ગવાહીને છુપાવો નહીં, અને જે કોઈ તેને છુપાવે છે, તેનું દિલ ચોક્કસપણે ગુનાહિત છે અને*

*અલ્લાહ એ જાણે છે કે તમે શું કરો છો.)*

(સૂરા બકરા, આયત–૨૮૩)

પયગમ્બરે પાક (સ.) ચેતવણી આપે છે એવા લોકોને કે જેઓ ગવાહીને છુપાવે છે :

"જે માણસ ગવાહીને છુપાવે છે અને ખોટી જુબાની આપે છે એ બાબત ઉપર આધારિત કે જેમાં કોઈ મુસલમાનનું ખૂન કરવામાં આવ્યું હોય અથવા તો તેની માલમિલકત હડપ કરી દેવામાં આવી હોય, તો પછી તે (ગવાહીને છુપાવનાર)ને કયામતના દિવસે બોલાવવામાં આવશે કે જ્યારે તેનો ચહેરો એટલી બધી કાળાશથી emanate કરવામાં આવશે કે તેની આંખને કંઈ પણ નહીં દેખાય. તે અપરાધીનો ચહેરો જખ્મોથી અને ઉઝરડાઓથી impaired કરવામાં આવશે અને લોકો તેને તેના દેખાવથી અને genealogyથી ઓળખાશે.

(તફસીરે નૂરૂસ્સલૈન, જિલ્દ-૧, પેજ-૩૦૧, હદીસ-૧૨૦૬)

સૂરા બકરાની ૨૮૩મી આયતની તફસીરમાં ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે : "તેનું દિલ ખરેખર ગુનાહિત છે"નો અર્થ એ થાય કે તેનું દિલ apostate બની ગયું છે."

(તફસીરે નૂરુસ્સકલૈન, જિલ્દ-૧, પેજ-૩૦૧, હદીસ-૧૨૦૭)

**(૩) ગવાહી આપવાના આદાબ :**

જ્યારે રસૂલે પાક (સ.)ને ગવાહી આપવાના આદાબ વિષે પૂછવામાં આવ્યું તો આપ (સ.)એ ફરમાવ્યું, "શું તમે સૂરજને જુઓ છો ? જો કોઈ બાબત સૂરજના જેટલી જ સ્પષ્ટ હોય તો ગવાહી આપો, નહીંતર તેનાથી દૂર રહો."

(વસાએલુશ્શીઆ, જિલ્દ-૧૮, પેજ-૨૫૦, હદીસ-૩)

એવી જ રીતે ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે :

"ગવાહી આપવાથી ત્યાં સુધી દૂર રહો જ્યાં સુધી તે બાબત તમારી સામે તમારા હાથની પીઠ જેટલી સ્પષ્ટ ન હોય." (ઉસૂલે કાફી, જિલ્દ-૭, પેજ-૩૮૩, હદીસ-૩)

હવે આપણે ગવાહી આપવાનું મહત્ત્વ શીખી ગયા છીએ તો આપણે આ ઝિયારત પણ બીજી ઝિયારતની માફક એટલી જ પ્રમાણિકતાપૂર્વક અને ઈમાનદારીપૂર્વક પઢવી જોઈએ કેમકે આપણે અહલેબૈત (અ.)ની પેશવાઈ (ઈમામત)ની સચ્ચાઈને ચકાસી રહ્યા છીએ. તેમની ઝિયારતોને તર્ક કરવી તે બાબત ગવાહીને છુપાવવા સમાન છે. બીજો એક અગત્યનો મુદ્દો કે જે આપણે નોંધ કરવા જેવો છે તે એ છે કે આપણે એવા traitsથી પરિચિત રહેવું જ જોઈએ કે જે આપણી ગવાહીના વિષયવસ્તુની આ માઅસૂમીન (અ.)ને તેમના અજોડ દરજ્જાને ધ્યાનમાં રાખીને ઓળખવા જ જોઈએ.

**اَنَّكَ**

اَنَّ શબ્દ 'હર્ફે મોશબ્બહતુન બિલ ફઅલ' છે. આ શબ્દ આગળના વિધાન પર ભાર મૂકવા અને તેની સ્પષ્ટતા કરવા માટે વપરાય છે. તે બીજા પુરુષ એકવચન પુલિંગ એટલે કે 'તમે' માટે વપરાય છે.

**قَدْ**

આ શબ્દ પણ ભાર મૂકવા વપરાય છે.

**اَقَمْتَ**

'તમે સ્થાપિત કર્યું.' આ بَابِ اَفْعَال નું ભૂતકાળ

છે. તેનું મૂળ قَوَمَ છે.

الصَّلٰوۃَ

صَلٰوۃٌ છે તે બાબે તફઅલનું મસ્દર છે. તેનું ભૂતકાળ સલ્લી (صَلّٰی) છે વર્તમાનકાળ યોસલ્લી (یُصَلّٰی) અને કર્તાવાચક નામ મોસલ્લી થાય છે.

اَنَّكَ قَدْ اَقَمْتَ الصَّلٰوۃَ નો અર્થ થાય છે.

'બેશક તમોએ નમાઝનો પાયો નાખ્યો.'

આ વિધાન ઈસ્લામી વિશ્વમાં નમાઝનું જે સ્થાન છે તેનું પ્રમાણપત્ર છે. ઘણી બધી હદીસો અનુસાર માઅસૂમીન (અ.)ની શફાઅત એવા લોકો સુધી નહીં પહોંચે કે જેઓ નમાઝને મહત્ત્વની ગણતા નથી, તો પછી એવા માણસ વિષે શું કહી શકાય કે જે નમાઝનો સંપૂર્ણપણે ત્યાગ કરી દે છે ?

એ બાબત અગત્યની છે કે આપણે નમાઝને તેની પૂર્વ જરૂરિયાતોની સાથે અદા કરીએ - આપણે તેને સમયસર પઢીએ, નમ્રતાપૂર્વક, મર્યાદાપૂર્વક અને શાંતચિત્તે પઢીએ, વગેરે. અ સંદર્ભમાં ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) મકકમતાપૂર્વક કહે છે.

"(તમારા ઉપર) નમાઝનો હક એવો છે કે તમે એવું કબૂલ કરો છો કે વસીલો છે. તો પછી જ્યારે કે તમે આવું સમજ્યા છો તો તમારે નમાઝમાં તમારા ઉપર આધિપત્ય ધરાવનાર માલિક અને ખાલિકની આગળ ઝલીલ, આશાવાદી, ગરીબ, ગભરૂ માણસની માફક ઊભા રહેવું જોઈએ. શાંતચિત્તતા, વિનમ્રતા, ભય, ખભા ઝુકાવીને સર્વશ્રેષ્ઠ રીતે મુનાજાત કરતાં કરતાં પોતાની ગરદનને મુકત કર્યાની સલામતી સાથે તમારા ગળાને ગુનાઓના અને નાફરમાનીના બંધનોથી એવી રીતે મુકત કરીને કે તેમનો નાશ કરી દીધો હોય. બેશક નથી કોઈ હલનચલન અને કુવ્વત, પરંતુ તે કે જે ખુદાએ બુઝુર્ગ અને બરતરથી છે."

(તોહફુલ ઉકૂલ, પેજ-૨૫૮)

નમાઝ આળસની કે ઊંઘના ઘેનની અવસ્થામાં અદા કરવી જોઈએ નહીં. ખરેખર ઈમામ હુસૈન (અ.)એ યોગ્યરીતે નમાઝ કેવી રીતે પઢવી તેનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

وَاٰتَیْتَ الزَّکٰوۃَ

'અને આપે ઝકાત અદા કરી.'

આપણે નમાઝની સાથે સાથે એક બીજી ગવાહી આપીએ છે.

زَکٰوۃٌ શબ્દ زَکَوَ ઉપરથી ઉતરી આવ્યો છે. આનો અર્થ થાય છે વધવું, વધારો કરવો. ઘણી વાર કુરઆનમાં ઝકા શબ્દ શુધ્ધતા અથવા પાકીઝગીનો અર્થ સૂચવે છે.

قَدْ اَفْلَحَ مَنْ زَكّٰىهَا ﴿٩﴾

*(બેશક તે કામયાબ થશે કે જે તેને પાક બનાવે.)*

(સૂરા શમ્સ, આયત–૯)

...وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَیْكُمْ وَرَحْمَتُهٗ مَا زَكٰى مِنْكُمْ مِّنْ اَحَدٍ اَبَدًا ... ﴿٢١﴾

*(...અને શું તે અલ્લાહના ફઝલ તમારા ઉપર નહોતો થયો અને તેની રહેમત, નહીંતર તમારામાંથી એક પણ પાક ન થયો હોત...)*

(સૂરા નૂર, આયત–૨૧)

અમુક વખતે તો આ શબ્દ 'હમ્દ' બતાવવા માટે પણ ઉપયોગમાં લેવાય છે. તેમ છતાં અહીં તેનો અર્થ વાજિબ, નાણાંકીય જવાબદારી થાય છે કે જે અલ્લાહે તેના આર્થિક રીતે સક્ષમ બંદાઓ ઉપર લાદી દીધી છે. કુરઆને પાકમાં અલ્લાહે ઠેર ઠેર ઝકાત આપવાની આજ્ઞા કરી છે.

...وَاٰتُوا الزَّكٰوةَ... ﴿٥٦﴾

*(...અને ઝકાત અદા કરો.)*

(સૂરા નૂહ, આયત–૫૬)

બદનસીબે મોટા ભાગના લોકો આ મહત્ત્વની ફરજ બજાવવાની આવે છે ત્યારે બેપરવા અને બેદરકાર હોય છે. ઈમામ સાદિક (અ.) ખૂબ જ યોગ્યરીતે આ બેદરકારીની ગંભીરતા ઉપર ભાર મૂકે છે. :

مَا فَرَضَ اللّٰهُ عَزَّ ذِكْرُهُ عَلٰى هٰذِهِ الْاُمَّةِ اَشَدُّ
عَلَيْهِمْ مِنَ الزَّكٰوةِ وَمَا تَهْلِكُ عَامَّتُهُمْ اِلَّا فِيْهَا

'અલ્લાહ તઆલાએ આ ઉમ્મત ઉપર ઝકાતના કરતાં વધારે કઠોર જવાબદાર બીજી કોઈ લાદી નથી. ઉમ્મત આ ઝકાત (આપવાની બેદરકારી)ના કારણે હલાકતમાં આવી જશે. (મિશ્કાતુલ અન્વાર, પેજ–૪૬)

(વધુ આવતા અંકે)

ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**



Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

:::::: અનુવાદક :::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## વૃધ્ધાવસ્થાનો સવાલ

(ગતાંકનુ ચાલુ)

જો આપણે એવું કહીએ કે અલ્લાહ તઆલા વર્તમાનકાળનો ભાગ છે એટલે કે વર્તમાનકાળ સિવાય તેના માટે કોઈ કાળ જ નથી તો દીને ઈસ્લામની નજરમાં આવું કહેવું કુફ્ર છે. તે માણસને કહો કે અલ્લાહ તઆલા ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ નથી તો પણ ભૂતકાળ અને ભવિષ્યકાળની જાણકારી ધરાવે છે.

અલ્લાહ જાણે છે કે માણસ ભૂતકાળમાં હતો અને તેણે ગુના કર્યા પછી સજા ભોગવી અને તેની સજા એ હતી કે તેને જન્નતમાંથી કાઢી દેવામાં આવ્યો, પરંતુ આપણે આદમ અને હવ્વાની ઓલાદ આદમ(અ.)ની સરખામણીમાં ભવિષ્યકાળનો ભાગ છીએ અને અલ્લાહ તઆલા આપણને આપણા પિતા આદમના ગુનાહની સજા નહીં આપે. તે માણસને કહો કે એ વાત કે અલ્લાહ ભૂતકાળ અને ભવિષ્યકાળનો ભાગ નથી અને એ વાત કે અલ્લાહ તઆલા ભૂતકાળ અને ભવિષ્યકાળની નિયુક્તિ નથી કરતો આ બન્ને વાતોમાં ગૂંચવાય નહીં. અલ્લાહ તઆલા કદીય પણ બાપ કે માના ગુનાહની સજા દીકરાને નથી આપતો અને આજ પછી પણ ક્યારેય કોઈ દીકરાને તેના મા-બાપ અથવા તો બન્નેમાંથી કોઈ એકના ગુનાની સજા નહીં આપે.

જાબિરે પૂછ્યું, તો પછી એવું કેમ કહેવામાં આવે છે કે દીકરો મા-બાપનાં ખોટાં કાર્યોની સજા ભોગવે છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, આ વાતમાં અને અલ્લાહ તરફથી આપવામાં આવતી સજામાં ફેર છે. જયારે મા અથવા બાપ એવાં કાર્યો કરે છે કે જે પ્રતિબંધિત છે તો એ કાર્યો એમના દીકરાના ભવિષ્યના જીવન ઉપર અસર કરે છે.

દાખલા તરીકે શરાબ પીવો હરામ છે અને જ્યારે બાપને શરાબનું વ્યસન હોય તો તેના જે દીકરા જન્મશે, શક્ય છે કે તેમની બુધ્ધિ ઓછી હોય. એક શરાબી માણસના દીકરાઓની ઓછી બુધ્ધિના હોવાની શક્યતા એ અલ્લાહ તરફથી સજા નથી, પરંતુ બાપના કાર્યનું પરિણામ છે કે જે કદાચ દીકરાઓને વારસામાં મળે અને તેમને મંદબુધ્ધિના બનાવી દે અથવા તો એ કે કોઈ બાપ જુલ્મ કરે અને કેટલાક બેગુનાહ લોકોને કતલ કરી દે તો જયારે તે મરી જશે તો મકતૂલોની ઓલાદ કાતિલની ઓલાદથી સ્વાભાવિક રીતે નફરત કરશે અને તેને મિત્રની નજરથી નહીં જુએ. આ વાતમાં કોઈ પણ પુરાવા કે દલીલની જરૂર નથી.

શું મકતૂલોના દીકરાઓ જો કાતિલના દીકરાઓ સાથે સારા સંબંધ ન કેળવે તો તેનો અર્થ એ થઈ જાય છે કે અલ્લાહે જાલિમ માણસના દીકરાઓને સજા આપી છે ? ક્યારેય નહીં. આ તો બાપના કાર્યનું પરિણામ છે કે જે તેના દીકરાઓ સુધી પહોંચે છે અને અલ્લાહ તઆલા

નહોતો ઈચ્છતો કે જાલિમ માણસના દીકરાઓ આવી પરિસ્થિતિમાં સપડાય, પરંતુ તે માણસે પોતે પોતાના દીકરાઓ માટે આવી પરિસ્થિતિ સર્જી દીધી.

જાબિરે પૂછ્યું, આવી રીતે તો અલ્લાહ તઆલા કોઈ પણ માણસને તેના માતપિતાના ગુનાઓના પરિણામે સજા નહીં આપે.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, ના, અય જાબિર ! અલ્લાહ આના કરતાં ઘણો જ મહાન છે કે આવાં મૂર્ખાઈભર્યાં કાર્યો કરે અને દીકરાઓને તેના માતા-પિતાના ગુનાહોના કારણે સજા આપે.

જાબિરે પૂછ્યું, મને ખબર છે કે કુન ફયકૂનનો અર્થ શું છે અને હું મુસલમાન છું માટે મારો અકીદો છે કે જેવી અલ્લાહની ઈચ્છા થઈ કે તરત જ કાઈનાત અસ્તિત્વમાં આવી ગઈ. પરંતુ હું એવું ઈચ્છું છું કે ફિલોસૉફીના આધારે કુન ફયકૂનનો અર્થ સમજી શકું કે જેથી આ વિષય ઉપર જ્યારે કોઈ ગૈરમુસ્લિમ માણસ સાથે વાતચીત કરું તો તેને સારી રીતે સમજાવી શકું.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તમારે ફિલોસૉફીના આધારે જવાબ આપવા માટે ઈરાદા વિશે વાતચીત કરવી જોઈએ. ઈરાદો એવી વસ્તુ છે કે જેનું અસ્તિત્વ છે. જો હું કોઈ તૌહીદમાં માનનારા માણસ સાથે વાતચીત કરું તો તેને કહીશ કે ઈરાદો અલ્લાહ તઆલાની સિફાતે સુબૂતિયાનો એક ભાગ છે. તેને કહીશ કે ઈરાદો અલ્લાહની જાતનો ભાગ છે કારણ કે અલ્લાહ તઆલાની સિફતો તેની જાત કરતાં જુદી નથી જ્યારે કે માણસમાં તેની સિફતો તેની જાત કરતાં જુદી છે. આવી રીતે દુનિયામાં જન્મ લેનાર બાળક બુધ્ધિશાળી હોતું નથી અને બુધ્ધિ તેની જાતમાં અસ્તિત્વ ધરાવતી નથી. તેને બુધ્ધિશાળી બનવા માટે એક લાંબા સમય સુધી ઈલ્મ પ્રાપ્ત કરવું પડે છે. પછી તે બુધ્ધિને કે જે પહેલાંથી તેની જાતનો ભાગ હોતી નથી તેને પામી લે છે.

કોઈ શિલ્પી જન્મની સાથે જ શિલ્પી બની જતો નથી અને શિલ્પકળા તેની જાતમાં અસ્તિત્વ ધરાવતી નથી. તેને શિલ્પકળા શીખવા માટે લાંબા સમય સુધી ઉસ્તાદ પાસે કામ શીખવું પડે છે. પછી તેને શિલ્પકળા આવડે છે અને ત્યારે શિલ્પકળા તેની જાતનો એક ભાગ બની જાય છે.

પરંતુ અલ્લાહ તઆલામાં જેટલી પણ સિફતો મોજૂદ છે તે બધી તેની જાતનો ભાગ છે. તે પહેલી ક્ષણથી (જો અલ્લાહ તઆલા વિશે પહેલી અને છેલ્લી ક્ષણની વાત કરી શકાય તો) બુધ્ધિશાળી અને શક્તિશાળી હતો અને જે કંઈ જાણતો હતો તે તેની જાતનો ભાગ હતો. તેના ઉપર ક્યારેય પણ કોઈ પણ વસ્તુનો વધારો નહીં થાય અને ક્યારેય પણ તેનાથી કોઈ પણ વસ્તુ ઓછી નહીં થાય.

ઈલ્મ અને શક્તિ કે જે પણ ઈલ્મના કારણે છે તે અલ્લાહની જાતનો ભાગ છે. પરંતુ જે માણસ તૌહીદમાં માનતો નથી તે આ વાતનો સ્વીકાર કરતો નથી અને હાસ્યાસ્પદ વાત તો એ છે કે તે બુતપરસ્તીમાં માનતો થઈ જાય છે અને એક બુતની કુદરતનો એકરાર કરે છે, પરંતુ એક અલ્લાહના ઈલ્મ અને કુદરતનો સ્વીકાર કરતો નથી. જોકે આવું છે કે જેમ તમે કહો છો કે બુતપરસ્ત માણસ પણ છેલ્લા તબક્કામાં એવી વસ્તુની પૂજા કરે છે કે જે બુત હોતી નથી કારણ કે તેને ખબર છે કે તેનો પોતાનો બનાવેલો આ બુત કુદરત ધરાવતો નથી. હું એક એવા માણસને કે જે તોહીદમાં નથી માનતો અને એક અલ્લાહનો અકીદો નથી ધરાવતો તેને કહીશ કે ઈરાદો આપમેળે જ અસ્તિત્વ ધરાવે છે

જો તે વાંધો ઉઠાવે અને કહે કે ઈરાદો આપમેળે અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ તેનું અસ્તિત્વ આપણા કારણે છે અને જો આપણે ન હોઈએ તો ઈરાદો પણ ન હોય તો હું તેને કહીશ કે ઈરાદો આપણા અસ્તિત્વ વગર પણ અસ્તિત્વ ધરાવે છે.

ફિલોસૉફીનો એક ઉસૂલ કે જેના ઉપર બધા જ ફિલોસૉફર સંમત છે તે એ છે કે જે વસ્તુ પણ અસ્તિત્વ ધરાવે છે તે ફના થતી નથી, પરંતુ ફક્ત તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. જો તે કહે કે આપણા મોત પછી ઈરાદો નાશ પામે છે તો હું તેના માટે દાખલો પ્રસ્તુત કરીશ અને કહીશ કે એક મોટી ટાંકી અથવા તો એક નહેર છે કે જેનાથી પાણી પાઈપ વડે ઘર સુધી પહોંચે છે. જો પાઈપને કાપી નાખવામાં આવે તો પાણી આપણા ઘર સુધી નહીં પહોંચે. પરંતુ શું પાઈપ કપાઈ જાય તો તેનો અર્થ એ છે કે તે ટાંકી અથવા નહેર કે જેના વડે પાણી આપણા ઘર સુધી પહોંચતું હતું તે ટાંકી કે નહેર હવે રહી જ નથી ? દેખીતી વાત છે કે આવું નથી. એ નહેર અથવા ટાંકી તો તેની જગ્યા ઉપર જ છે.

આપણું અસ્તિત્વ પણ ઈરાદાની સરખામણીમાં એ પાઈપ જેવું છે અને આપણા મોત પછી ઈરાદો ફના થતો નથી ફક્ત પાઈપ કપાઈ જાય છે. ઈરાદો તો ત્યાંને ત્યાં જ છે. હું તે તોહીદમાં ન માનનારા માણસને કહીશ કે ઈરાદો કાઈનાતની કાર્યક્ષમતા છે અને કાઈનાત એક એવો ઈરાદો છે કે જે વાસ્તવિક, સ્પષ્ટ અને સ્પર્શ કરી શકાય તેવા સ્વરૂપમાં જોઈ શકાય છે. જે સમયે ઈરાદાએ સ્પષ્ટ સ્વરૂપમાં સામે આવવાની ઈચ્છા કરી તો તેવા સ્વરૂપમાં તે સામે આવી ગયો. ઈરાદો એક એવું સર્જન છે કે જેનાથી સ્પષ્ટ અને સ્પર્શી શકાય તેવી કાઈનાત એટલી નજીક છે કે તે બન્ને એકબીજાથી અલગ નથી. (ક્રમશ:)


મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435809

**કામરાન એક્રેલીક**

**& L.E.D. સાઈન બોર્ડ**




- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફલેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર

Email ; newchiragled@gmail.com

# علی ابنِ ابی طالب

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

| | |
|---|---|
| امامِ مشرق و مغرب علی ابنِ ابی طالب | ઈમામે મશરિકો મગરિબ અલી ઈબ્ને અબીતાલિબ |
| ہراک غالب پہ توغالب علی ابنِ ابی طالب | હર ઈક ગાલિબ પે તૂ ગાલિબ અલી ઈબ્ને અબીતાલિબ |
| رسولِ پاک کے نائب علی ابنِ ابی طالب | રસૂલે પાક કે નાયબ અલી ઈબ્ને અબીતાલિબ |
| ہو تم حسنین کے صاحب علی ابنِ ابی طالب | હો તુમ હસનૈન કે સાહિબ અલી ઈબ્ને અબીતાલિબ |
| نبی کو جو کہے مولا ہیں اس انسان کے مولا | નબી કો જો કહા મૌલા હૈં ઉસ ઈન્સાન કા મૌલા |
| علی ابنِ ابی طالب، علی ابنِ ابی طالب | અલી ઈબ્ને અબીતાલિબ અલી ઈબ્ને અબીતાલિબ |
| کہا احمد نے حیدر سے جسے جانا ہو سوئے خلد | કહા અહમદને હૈદર સે જિસે જાના હો સૂએ ખુલ્દ |
| مودّت تم سے ہے واجب علی ابنِ ابی طالب | મોવદ્દત તુમ સે હૈ વાજિબ અલી ઈબ્ને અબીતાલિબ |
| نہ تھی اولاد قسمت میں مگر تیرے پسر نے دی | ન થી ઔલાદ કિસ્મત મેં મગર તેરે પિસરને દી |
| گیا خالی نہیں راہب علی ابنِ ابی طالب | ગયા ખાલી નહીં રાહિબ અલી ઈબ્ને અબી તાલિબ |

**ગડમથલ નં.૨૫૭નો ઉકેલ**

**આડી ચાવીઓ:** (૧) બારકલ્લાહ (૪) પયમાના (૬) બકર (૮) મહેશર (૧૦) પનાહ (૧૨) બકા (૧૪) બરકરાર (૧૫) સિફત (૧૮) ગનમ (૨૧) તાગ (૨૩) રાહી (૨૪) વલદ (૨૫) તસ્વીર (૨૬) ફકત (૨૭) ખતમ (૨૮) તખત **ઊભી ચાવીઓ:** (૧) બાઅદબ (૨) કરીમ (૩) હબશ (૪) પર (૫) નામહરમ (૭) કરબલા (૯) હેરત (૧૦) પકવાન (૧૧) નારા (૧૩) કાસિદ (૧૬) ખિદમત (૧૭) આબ (૧૮) ગફલત (૧૯) મતા (૨૦) શરારત (૨૨) ગનીમત (૨૪) વકફ

# હાઈરે હુસૈની

સંકલન : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદે.)

**હાઈરે હુસૈની એટલે શું ?**

હાઈરે હુસૈની એ પાક જમીનના ટુકડાને કહેવાય છે કે જે ઈમામ હુસૈન (અ.)ની કબ્રને અને કરબલાની આજુબાજુના કેટલાક વિસ્તારને પોતાની અંદર આવરી લે છે. અને 'હાઈરી'નો અર્થ, 'હાઈરે હુસૈનથી તથા તેના મુજાવરથી સંબંધિત,' એવો થાય છે.

'હાઇર' અને 'હૈર' શબ્દો ખાસ કરીને ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત સાથે સંબંધ ધરાવતી રિવાયતોમાં જ જોવા મળે છે, અથવા તો એવી રિવાયતોમાં જોવા મળે છે કે જે તમામ અને કસ્ર નમાઝના અહકામ સમજાવતી હોય, એવા મુસાફરના બારામાં કે જે હાઈરે હુસૈનીની ઝિયારત કરવા માગતો હોય.

**'હાઈર' નામ પડવાનો ઈતિહાસ :**

એવું માલૂમ પડે છે કે ઈમામ હુસૈન (અ.) ની કબ્ર અને તેની આજુબાજુના પાક ટુકડાનું સૌ પ્રથમ વાર હાઇર તરીકે ઈમામ જાફર સાદિક (અ.) ના સમયમાં નામ આપવામાં આવ્યું હોય, કારણ કે આપણે આ નામ ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતને લગતી હદીસોમાં જ જોઈએ છીએ, અને આ નામ આ સિવાયની તે પહેલાંના કોઈ પણ ઈમામની, કોઈ પણ હદીસમાં જોવામાં આવ્યું નથી.

આના અનુસંધાનમાં હસન ઈબ્ને અતીયાથી રિવાયત છે કે ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "જ્યારે તમે હૈરમાં દાખલ થાઓ," અને કેટલાક અન્ય લખાણમાં, "હાઇરમાં, તો કહો..."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૮૬, પેજ–૯૦)

વળી બીજી હદીસ એવી છે કે સોવૈર ઈબ્ને અબી ફાખેતાએ ઈમામ જાફર સાદિક (અ.)થી હુસૈન (અ.)ની ઝિયારતનો પરિચય આપતાં આવી રીતે રિવાયત કરી છે કે, "એટલે સુધી કે તમે હાઇર કે હૈરના દરવાજા તરફ વળો તો કહો..."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૮૬, પેજ–૯૦)

અને અબૂ હમઝા સિમાલીથી રિવાયત છે કે ઈમામ જાફર સાદિક (અ.)એ ઈમામ હુસૈનની ઝિયારતનો પરિચય આપતાં ફરમાવ્યું કે, "તે પછી હૈર અથવા હાઇરમાં દાખલ થાઓ અને કહો..."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૮૬, પેજ–૯૦)

**'હાઇર' નામ કેમ રાખવામાં આવ્યું ?**

એવું દેખાય છે કે હુસૈની રોજાનું નામ હાઇર અથવા હૈર અનેક કારણોસર રાખવામાં આવ્યું છે, અને અમારા માટે સ્પષ્ટ નથી કે ઈમામ જાફર સાદિક (અ.)એ કબ્ર શરીફ અને તેની આજુબાજુની જગ્યાને આ નામ શા માટે આપ્યું હતું, પરંતુ એ વાત સ્પષ્ટ છે કે આ નામને તે પછીના સમયે વેગ મળ્યો એક અન્ય કારણસર અને એક ઐતિહાસિક બદનસીબીના કારણે. જો કે અમે તે બદનસીબી વિષે જાણકારી આપીએ તે પહેલાં જરૂરી છે કે અમે 'હાઇર' અને 'હૈર' શબ્દોના અર્થ વિષે ચર્ચા કરીએ.

અલ્લામા તુરૈહી કહે છે કે 'હાઈર'નો મૂળ અર્થ 'પાણીનો સંગ્રહ થાય છે, અને 'હાઈરે હુસૈન'નો અર્થ "ઈમામ હુસૈન (અ.)ના રોજાની દીવાલોને અડીને શહેરનો આજુબાજુનો સલામતીભર્યો વિસ્તાર", એમ થાય છે.

અને અલ્લામા તુરૈહીએ એવું પણ ફરમાવ્યું છે કે, 'હૈર' એ 'હાઈર'નો જ ટૂંકો શબ્દ છે, અને તેનો અર્થ "કબ્ર અને એ જગ્યા કે જેમાં પાણી વહે છે", એવો થાય છે.

(મજમઉલ બહરૈન, જિલ્દ–૩, પેજ– ૨૮૦)

**'હાઈર' નામ નવેસરથી કયારે લેવામાં આવ્યું ?**

એ વાત સ્પષ્ટ છે કે આ મુબારક જમીનના ટુકડાને 'હાઈર' નામથી નવેસરથી ત્યારે ઓળખવામાં આવ્યો કે જ્યારે એક ઐતિહાસિક બદનસીબી સર્જાઈ અને તેમાં દોસ્ત અને દુશ્મન બન્નેને ઈમામ હુસૈન (અ.)નો મોઅજિઝો દેખાયો.

આ બદનસીબીનો સારાંશ એ છે કે મુતવક્કિલ અબ્બાસી ખાસ કરીને અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ની તથા અલવી ઘરાના પ્રત્યેની નફરત અને દુશ્મનાવટમાં કટ્ટર હતો, એટલા માટે તે સતત ઈમામ હુસૈન (અ.)ની ઝરીહને તોડી પાડવાના, કબ્ર મુબારકને ખોદી નાખવાના, આ પાક જમીનને તથા તેની અંદરના કબ્રસ્તાનને ખેડી નાખવાના તથા તેની ઉપર પાણી વહાવી દેવાના નિષ્ફળ પ્રયત્નો કરતો રહેતો હતો કે જેથી આ કબ્ર મુબારકનું નામોનિશાન બાકી ન રહે અને તે અહલેબૈત (અ.)ના મોહિબ્બોને તેમના મૌલા (અ.)ની કબ્રની ઝિયારતથી રોકી શકે - ખાસ કરીને જ્યારે એણે જોયું કે હુસૈન (અ.)ના દરબારમાં લોકોની મુરાદો કેવી રીતે પૂરી થાય છે, અને તેમની મુબારક જાગૃતિ કેવી રીતે ફેલાઈ રહી છે, અને તેનો પ્રભાવ તેના દરબારીઓ સુધી કેવી રીતે પહોંચી રહ્યો છે. તે જાણી ચૂકયો હતો કે સખ્ત મનાઈ હોવા છતાં અને આકરી સજા હોવા છતાં તેના કેટલાક અધિકારીઓ છૂપી રીતે હુસૈન (અ.)ની કબ્રની ઝિયારત કરે છે.

હાફિઝ જલાલુદ્દીન સુયૂતી આવી રીતે લખે છે કે હિ.સ. ૨૩૬માં તેણે હુકમ આપ્યો કે હુસૈન (અ.)ની કબ્રને તથા તેની આજુબાજુના ઘેરામાં જે કાંઈ છે તેને તોડી પાડવામાં આવે અને ખેતી કરવામાં આવે અને લોકોને ઝિયારતથી રોકી દેવામાં આવે તથા તેમની સામે યુદ્ધ કરવામાં આવે અને આ વિસ્તારને જંગલમાં ફેરવી દેવામાં આવે.

મુતવક્કિલ પોતાના પૂર્વગ્રહ માટે જાણીતો હતો એટલે મુસલમાનો આ વાતના કારણે ઘણા દુઃખી થઈ ગયા. બગદાદના લોકોએ તેના પર લા'નત કરતાં લખાણો દીવાલો ઉપર અને મસ્જિદો ઉપર લખ્યાં અને તેના વિષે શાયરોએ પણ ટીકાના શે'ર કહ્યા, જેમાંના કેટલાક આ પ્રમાણે છે :

بِاللّٰهِ اِنْ كَانَتْ اُمَيَّةُ قَدْ اَتَتْ
قَتْلَ ابْنِ بِنْتِ نَبِيِّهَا مَظْلُوْماً
فَلَقَدْ اَتَاهُ بَنُوْ اَبِيَّةَ بِمِثْلِهِ
هٰذَا لَعُمْرِیْ قَبْرُهٗ مَهْدُوْماً
اَسَفُوْا عَلٰی اَنْ لَّا يَكُوْنُوْا شَارِكُوْا
فِیْ قَتْلِهِ، فَتَتَبَّعُوْهُ رَمِيْماً

*અલ્લાહની કસમ ! જો બની ઉમય્યાએ આચરી હોય,*
*તેમના નબીની બેટીના ફરઝંદની કતલ મઝ્લૂમીમાં,*
*તો આચર્યું છે બની ઉમય્યાએ તેના જેવું કૃત્ય,*
*તે એ કારણે કે આ સમયે તેમની કબ્ર તૂટેલી છે.*
*પસ્તાવો કરો તમે, કે તમે આ કૃત્યમાં ભાગીદાર ન થઈ જાઓ,*

*તેમની કતલમાં, નહીંતર તમે ધૃણાસ્પદ રીતે તેનું અનુસરણ કરશો.*

(તારીખુલ ખુલફા, પેજ–૩૪૭)

**હુસૈની મોઅજિઝાનું જાહેર થવું :**

ઈબ્રાહીમ દૈઝિજ, કે જેને મુતવક્કિલે હુસૈન (અ.)ની કબ્રને તોડી પાડવાનો હુકમ કર્યો હતો, તે કહે છે કે, "મને મુતવક્કિલે હુસૈન (અ.)ની કબ્રને બરબાદ કરવા માટે કરબલા મોકલ્યો, અને મારી સાથે જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને અમ્મોર કાઝીને આપવા પત્ર મોકલ્યો જેમાં લખ્યું હતું કે, "હું તને જણાવું છું કે મેં ઈબ્રાહીમ દૈઝિજને કરબલામાં હુસૈન (અ.)ની કબ્ર ખોદી નાખવા માટે મોકલ્યો છે. તો જ્યારે તું મારો પત્ર વાંચે તો મામલાની દેખરેખ માટે ઊભો રહેજે અને જોતો રહેજે કે તે આ કાર્યને કરે છે કે નથી કરતો.""

દૈઝિજ કહે છે કે, "જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને અમ્મારે પત્રમાં જે લખેલું હતું તે મને જણાવ્યું, એટલે મેં તેના હુકમનું પાલન કર્યું અને પાછો તેની પાસે આવી ગયો, તો તેણે પૂછયું કે, "તેં શું કર્યું ?"

તો મેં જવાબ આપ્યો કે, "જેનો તમે મને હુકમ કર્યો હતો તે કામ મેં કરી દીધું, પણ મેં કાંઈ જોયું અને કાંઈ ન મેળવ્યું."

તેણે પૂછયું કે, "તો શું તેં ઊંડાણ સુધી ખોદી ન હતી ?"

મેં કહ્યું કે, "મેં ખોદી હતી પણ કાંઈ ન જોયું."

તો તેણે સુલ્તાનને પત્ર લખ્યો કે ઈબ્રાહીમ દૈઝિજે કબ્રને ખોદી પણ કાંઈ મળ્યું નથી, અને તેને હુકમ કર્યો કે તે જગ્યાએ પાણી પીવડાવે અને બળદ દ્વારા હળ ચલાવે."

અબૂ અલી અમ્મીરે કહ્યું કે મને વાત કહી ઈબ્રાહીમ દૈઝિજે કે જ્યારે મેં તેને કાર્યનો અહેવાલ પૂછયો, તેણે મને કહ્યું કે, "હું ત્યાં ફક્ત મારા એક ખાસ ગુલામની સાથે જ ગયો હતો, અને મેં કબ્રને ખોદી હતી તો મેં ત્યાં એક નવો ખાડો જોયો હતો અને તેમાં હુસૈન (અ.) ઈબ્ને અલી (અ.)નું બદન મુબારક હતું અને તેમાંથી મુશ્કની ખુશ્બો આવી રહી હતી. મેં ખાડાને જેમ હતો તેમ છોડી દીધો અને હુસૈન (અ.)ના બદનને એમાં જ રહેવા દીધું. મેં તેની ઉપર માટી નાખવાનું કહ્યું અને તેની ઉપર મેં પાણી છાંટયું અને મેં હુકમ કર્યો કે તેની ઉપર બળદનો હળ ચલાવવામાં આવે અને તેને ખેડવામાં આવે, પરંતુ બળદે તેની ઉપર પગ મૂકયો જ નહીં. આવું સતત થતું જ રહ્યું કે બળદ તે જગ્યાએ પહોંચીને ત્યાંથી પાછો ફરી જાય. એટલે મેં મારા ગુલામને અલ્લાહની તથા ઈમાનની સખત કસમ આપી કે જો તું કોઈને પણ આ વાત કરીશ તો હું તને મારી નાખીશ."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૫, પેજ–૩૯૫)

આવી રીતે મુતવક્કિલનો ત્યાં પાણી વહાવવાનો અને પાણીનો સંગ્રહ કરીને તે મુબારક જમીનને ડૂબાડીને કબ્ર શરીફનું નામોનિશાન મિટાવી દેવાનો ઈરાદો સફળ થયો નહીં. ત્યારથી આ જમીનના ટુકડાનું નામ 'હાઈર' અથવા 'હાઈરે હુસૈની' પડી ગયું. મુહક્કિક અલ્લામા શેખ મોહંમદ સાદિક કર્બાસી લખે છે કે, "કદાચ આ જ કારણે તેનું નામ નવેસરથી 'હાઈર' પડ્યું કે તેની આજુબાજુ પાણી ભરવામાં આવ્યું હતું. જો કે આ નામ ઈમામ સાદિક (અ.)એ હિ.સ. ૧૪૮માં પહેલેથી જ રાખી દીધું હતું.

(તારીખુલ મરાકિદ, જિલ્દ–૧, પેજ–૨૭૮)

અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ ઈચ્છયું હતું કે ઝિક્રે હુસૈન (અ.) હંમેશ માટે બાકી રહે અને તેમનું નૂર હંમેશાં પ્રકાશિત રહે, પછી ભલે ને દીને ઈસ્લામના દુશ્મનો કોશિશો કરતા રહે. એટલે થયું એ જ કે જે અલ્લાહ જલ્લ જલાલોહૂએ વાયદો કર્યો છે :

يُرِيدُونَ لِيُطْفِئُوا نُورَ اللَّهِ بِأَفْوَاهِهِمْ وَاللَّهُ مُتِمُّ نُورِهِ وَلَوْ كَرِهَ الْكَافِرُونَ ﴿٨﴾

*(તેઓ ઈચ્છે છે કે અલ્લાહના નૂરને તેમની ફૂંક વડે હોલવી દે પરંતુ અલ્લાહ તો પોતાના નૂરને સંપૂર્ણ કરનાર જ છે પછી ભલે ને કાફિરોને ખોટું લાગે.)*

(કુરઆન, સૂરા સફ, આયત–૮)

આ મામલો હાલના જમાનામાં બિલકુલ સ્પષ્ટ અને ઉજ્જવળ રીતે સાબિત થઈ ગયો છે કારણ કે આજે લાખો લોકો પોત પોતાના કાફલાઓમાં ઉત્સાહભેર દુનિયાની ચારેય બાજુએથી આ પાક મર્કદની ઝિયારત માટે આવે છે.

**'હાઈરે હુસૈની'ની હદો :**

અમે પહેલાં લખી ચૂકયા છીએ તેમ, અલ્લામા તુરૈહીના કહેવા પ્રમાણે, 'હાઈર'નો મૂળ અર્થ 'પાણીનો સંગ્રહ થાય છે, અને તેનો ભાવાર્થ 'હાઈરે હુસૈન (અ.)' છે, અને તે છે "ઈમામ હુસૈન (અ.)ના રોજાની દીવાલોને અડીને આવેલો શહેરનો આજુબાજુનો સલામતીભર્યો વિસ્તાર."

અલ્લામા તુરૈહીની વાતથી જાહેર થાય છે આ દીવાલ એ જગ્યાએ એવી રીતે ચણવામાં આવી હતી કે તેની અંદર પાણી ભરાઈ શકે (હાઈર) કારણ કે તે દીવાલ અને તે પાણીના સંગ્રહની (હાઈરની) દીવાલો સંયુક્ત હતી.

ઈસ્હાક ઈબ્ને અમ્માર રિવાયત કરે છે કે, "મેં સાંભળ્યું કે ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવી રહ્યા હતા કે, "હુસૈન (અ.)ની કબ્રની જગ્યાની હુરમત જાણીતી છે. જેણે તેને જાણી લીધી અને તેનું શરણ લીધું તે શરણ પામી ગયો."

"મેં કહ્યું, "મને તેની જગ્યાની ઓળખ આપો."

"ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, "ઈમામ હુસૈન (અ.)ની આજે જ્યાં કબ્ર છે, તેની સામેથી તમે પચ્ચીસ હાથ માપો, અને તેના સિરહાનેથી પચ્ચીસ હાથ માપો, અને તેના પગની બાજુથી પચ્ચીસ હાથ માપો, અને તેની પાછળથી પચ્ચીસ હાથ માપો..."" (અલ-કાફી, જિલ્દ–૪, પેજ–૫૮૮)

આ વાતથી, અને મુહકિકક અલ્લામા કર્બાસીએ રિવાયતોનો સંયુક્ત અર્થ કાઢતાં, એ તારણ નીકળે છે કે એ દીવાલ ઈમામ હુસૈન (અ.)ના મર્કદની તથા તેની આજુબાજુ રહેલા સેહનની ચારે બાજુ હતી.

આલી જનાબ અલ્લામા કર્બાસી આવી રીતે ઉમેરે છે કે, "આ જ સ્વરૂપમાં હાઈર ઈમામ મૂસા કાઝિમ (અ.)ના જમાના સુધી (હિ.સ. ૧૪૮ - ૧૮૩) રહ્યું જેવી રીતે કે હસન ઈબ્ને રાશિદ ઈમામ મૂસા કાઝિમ (અ.)થી રિવાયત કરે છે કે, "એટલે સુધી કે તેઓ હાઈર તરફ પાછા ફર્યા અને જ્યારે દરવાજામાં દાખલ થયા તો પોતાની હથેળી મૂકી..."

"આવી રીતે જાહેર થાય છે કે હાઈરનો વિસ્તાર ચારેય બાજુ ૨૫ x ૨૫ હાથ હતો, જેવી રીતે કે ઈમામ સાદિક (અ.)ની બન્ને રિવાયતોથી સંયુક્ત રીતે સમજાય છે. જ્યારે કે પહેલી રિવાયતમાં આવ્યું છે કે, "હુસૈન (અ.)ની કબ્રનો વીસ હાથ લાંબો અને વીસ હાથ પહોળો ટુકડો જન્નતના બગીચાઓમાંથી

એક બગીચો છે."

(કમાલુઝ ઝિયારાત, પેજ–૨૭૨, હદીસ–૫)

"વળી બીજી રિવાયતમાં આવ્યું છે કે, "ઈમામ હુસૈન (અ.)ની આજે જ્યાં કબ્ર છે ત્યાંથી માપો, તેની સામેથી તમે પચ્ચીસ હાથ માપો, અને તેની પાછળથી પચ્ચીસ હાથ માપો, અને તેના સિરહાનેથી પચ્ચીસ હાથ માપો..."

(કમાલુઝ ઝિયારાત, પેજ–૨૭૨, હદીસ–૫)

આ હદીસોથી જાહેર થાય છે કે સેહનને આવરી લેતા હાઈરની બહારની દીવાલોની લંબાઈ પચાસ હાથની હતી. આ જ વાત ઈબ્ને ઈદરીસ પોતાની રિવાયતમાં કરે છે કે, "હાઈર એટલે કે જે પોતાની અંદર મશહદ અને મસ્જિદ બન્નેને સમાવી લેતું હતું." (અસ્સરાઈર, પેજ–૭૮)

શેખ મુફીદ કહે છે કે, "હાઈરમાં આ બધું સમાયેલું હતું, પરંતુ અબ્બાસ (અ.)ની કબ્ર ન હતી કારણ કે તેઓ પૂરના માટે બનાવવામાં આવેલી પાળની પાસે શહીદ થયા હતા."

(અલ-ઈર્શાદ, પેજ–૨૨૬)

"એક અંદાજ એવો છે કે એક હાથ બરાબર લગભગ ૪૫.૮૩ સે.મી. થાય છે. તેના આધારે હાઈરની લંબાઈ ૪૫.૮૩ સે.મી. x ૫૦ હાથ = ૨૨.૯૧૫ મીટર થાય."

(આલી જનાબ શેખ સાલેહ કર્બાતી તરફથી મર્કઝ અલ-ઈશ્આઅ અલ-ઈસ્લામી માટે) *


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ કિલનીક**

**ડો.અહેમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**




કવર પેજ નં.૨ નું અનુસંધાન

## મૂળા

પાકા અને જૂના મૂળા ત્રિદોષકારક છે. સૂકાયેલા મૂળા કફ-વાતનાશક છે. મૂળાની ભાજીનો રસ મુત્રલ, સારક અને પથરીના દર્દી માટે પથ્ય છે. તેના ફુલ કફ અને પિત્તનાશક છે. મોગરી થોડીક ગરમ, કફ તથા વાયુનાશક છે.

ફાર્મે કોપીઆના લેખક ડો. ખોરી કહે છે કે મૂળો રેચક મુત્રલ છે. પેશાબના રોગોમાં વાપરવા ખાસ ભલામણ કરી છે. સ્ટુઅર્ટ કહે છે કે પંજાબમાં મૂળાનાં બીજ માસિક લાવનાર તરીકે વપરાય છે.

અવાજ બેસી ગયો હોય, કફવાળી ખાંસી, દમમાં અકસીર ઈલાજ તરીકે તેનો ઉપયોગ બતાવ્યો છે. પેટમાં બળતરા, આફરો, ખાટા ઓડકાર અને અમ્લપિત્તમાં મૂળા લાભદાયક છે. અપચામાં પણ તે ફાયદો કરે છે. તેમાં મેગ્નેસિયમ હોવાથી પાચનશક્તિ સારી કરવાનું તે કામ કરે છે. મૂળાના બીજમાં બ્લીચીંગ તત્વ હોવાથી કાળા ડાઘા ફ્રેકલ્સ, વિગેરે દૂર થાય છે. કોઢમાં મૂળાના બીમાંથી બનાવેલી પેસ્ટ લાભપ્રદ છે.

કમળા માટે પણ મૂળો ઘણો અકસીર ઈલાજ તરીકે જણાયો છે. તે કબજિયાત દૂર કરીને ભૂખ લગાડે છે. આમ મૂળો અનેક રીતે ઉપયોગી છે.

# પુરાતત્ત્વવિદ્યા સંબંધી કરબલાનો ઈતિહાસ

**૧૨મી મોહર્રમ હિજરી સન–૬૧ / ઈ.સ. ૬૮૦**

કરબલાનો જંગ સમાપ્ત થઈ ગયા પછી કરબલાના ઈતિહાસની શરૂઆત થઈ. સંભવત: બની અસદના કબીલાએ હઝરત ઈમામ હુસૈન (અ.), હઝરત અબ્બાસ અલમદાર (અ.) તેમજ અન્ય શહીદોની લાશોને દફન કરવામાં મદદ કરી.

**હિજરી સન–૨૪૭ / ઈ.સ. ૬૮૦**

અલ મુંતસિર અલ અબ્બાસીએ પવિત્ર રોઝા મુબારકને ફરીથી બાંધ્યા અને તેમના ફરતાં ઘર બાંધ્યાં. તેના પિતા અલ મુતવકિકલના રાજ્યશાસન દરમિયાન શહેરને ઘણું વેઠવું પડ્યું હતું કેમકે તેણે શરીરને નુકસાન પહોંચાડીને તેનો નાશ કર્યો હતો.

**હિજરી સન–૩૭૨ / ઈ.સ. ૯૮૨**

પવિત્ર રોઝાના ફરતાં સૌથી પહેલો કોટ બનાવવામાં આવ્યો કે જેની લંબાઈ ૨૪૦૦ મીટર હતી.

**હિજરી સન–૪૧૨ / ઈ.સ. ૧૦૨૧**

પ્રધાને (અલ ફાઝિલના દીકરા હસને) પવિત્ર રોઝાની બીજી દીવાલ બનાવી કે જેમાં લોખંડના ચાર દરવાજા મૂકયા.

**હિજરી સન–૯૪૧ / ઈ.સ. ૧૫૩૪**

ઈરાનના શાહ ઈસ્માઈલ અલ સફવીએ કરબલાની મુલાકાત લીધી અને શહેરમાં નદી લાવવા ખોદકામ કરવાનો હુકમ કર્યો અને ઈમામ હુસૈન (અ.)ના રોઝાને ફરીથી બાંધ્યો.

**હિજરી સન–૯૫૩ / ઈ.સ. ૧૫૪૬**

સુલેમાન અલ કાનોનીએ બન્ને રોઝાઓને રિપેર કર્યા.

**ઈસવી સનની ૧૯મી સદીમાં**

એક ભારતીય રાજા કરબલામાં આવ્યો. (વહાબીઓએ ૧૨૧૬ હિજરી સનમાં રોઝા ઉપર હુમલો કર્યો ત્યાર પછી) તેણે શહેરના ફરતાં ચુસ્ત દીવાલ બનાવડાવી અને હુમલામાં જેમણે ઘરબાર ગુમાવી દીધાં હતાં તેમના માટે સુંદર મકાનો અને બજાર બનાવડાવ્યાં.

**હિજરી સન–૧૨૧૭ / ઈ.સ. ૧૮૦૨**

સૈયદ અલી અલ તબાતબાઈએ વહાબીઓએ કરેલા હુમલા પછી શહેરના ફરતાં ત્રીજી દીવાલ બાંધી અને રોઝામાં જવા માટેના છ દરવાજા બાંધ્યા અને દરેક દરવાજાને નામ આપ્યું.

**હિજરી સન–૧૨૮૫ / ઈ.સ. ૧૮૬૮**

સુધારક (મિદહત બાશા)ના સમયગાળા દરમિયાન સરકારી ઈમારતો બનાવવામાં આવી અને ઘણાં બધાં બજાર પણ બાંધવામાં આવ્યાં.

**હિજરી સન–૧૩૩૨ / ઈ.સ. ૧૯૧૪**

પ્રથમ વિશ્વયુધ્ધના અંત સુધી આધુનિક મકાનો બાંધવામાં આવ્યાં અને હારબંધ વૃક્ષો સાથેના રસ્તાઓ પણ તૈયાર કર્યા.

(સંદર્ભ : Hussein Revivalism, Page-50)

# રાસેખૂન

**લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
ہُوَ الَّذِیۡۤ اَنۡزَلَ عَلَیۡکَ الۡکِتٰبَ مِنۡہُ اٰیٰتٌ
مُّحۡکَمٰتٌ ہُنَّ اُمُّ الۡکِتٰبِ وَ اُخَرُ مُتَشٰبِہٰتٌ ؕ
فَاَمَّا الَّذِیۡنَ فِیۡ قُلُوۡبِہِمۡ زَیۡغٌ فَیَتَّبِعُوۡنَ
مَا تَشَابَہَ مِنۡہُ ابۡتِغَآءَ الۡفِتۡنَۃِ وَ ابۡتِغَآءَ
تَاۡوِیۡلِہٖ ۚ وَ مَا یَعۡلَمُ تَاۡوِیۡلَہٗۤ اِلَّا اللّٰہُ ۘ وَ
الرّٰسِخُوۡنَ فِی الۡعِلۡمِ... ﴿۷﴾

*"તે એ છે કે જેણે તમારી તરફ કિતાબ નાઝિલ કરી છે, તેમાંની કેટલીક આયતો સ્પષ્ટ અર્થવાળી છે તેવી આયતો કિતાબના પાયા સમાન છે. જ્યારે બીજી આયતો અસ્પષ્ટ અર્થવાળી છે, તેથી જેના દિલોમાં વિકૃતિ છે તેઓ તેના બીજા અર્થનું અનુસરણ કરે છે, તેમનો હેતુ ગુમરાહ કરવાનો અને પોતાની મરજી મુજબનો અર્થ કાઢવાનો હોય છે. પરંતુ અલ્લાહ અને ઈલ્મ ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનારાઓ (રાસેખૂન) સિવાય તેનો કોઈ સાચો અર્થ જાણતું નથી..."*

(સૂરા આલે ઈમરાન, આયત–૭)

રસૂલલ્લાહ (સ.)એ અહલેબૈતમાંથી બાર હસ્તીઓને 'રાસેખૂન ફી ઈલ્મ' તરીકે ઓળખાવ્યા છે. રસૂલ (સ.)એ ઉમ્મતના લોકોને સ્પષ્ટપણે સૂચના આપી છે કે ભવિષ્યમાં જ્યારે પણ સુન્નત અને કુરઆન વિષે કાંઈ પણ વિવાદ ઊભો થાય તો આ 'રાસેખૂન ફી ઈલ્મ' મહાનુભવોથી હિદાયત હાંસિલ કરવી.

ઈમામ હસન અસ્કરી (અ.) આપણા અગિયારમા ઈમામ છે. આ ઈમામ પણ 'રાસેખૂન ફી ઈલ્મ' હસ્તીઓમાં શામેલ છે. રસૂલલ્લાહ (સ.) એ હદીસે સકલૈનમાં કહ્યું છે,

"હું મારા પછી અલ્લાહની કિતાબ અને મારી અહલેબૈતને મૂકતો જાઉં છું. તમે મક્કમતાથી આ બન્નેને વળગી રહો તેથી તમે કદી ગુમરાહ થશો નહીં, આ બન્ને જ્યાં સુધી હૌઝે કૌસર ઉપર મને નહીં મળે ત્યાં સુધી કદી એકબીજાથી વિખૂટા નહીં પડે."

નીચે બયાન કરેલી ઘટનામાં ઈમામ હસન અસ્કરી (અ.) એક ફિલસૂફને ગુમરાહીથી બચાવ્યો હતો.

દરેક કિતાબની સાથે તેના એક ખાસ આલિમની આવશ્યકતા હોય છે. આ જ રીતે કુરઆનના ઈલ્મને કોઈ અણઘડ જાહિલ પાસેથી લઈ શકાય નહીં કારણ કે અલ્લાહ કદી ગેરલાયક વ્યકિતને લોકોને હિદાયત કરવાનું કામ સોંપતો નથી, ભલે પછી જાહેર રીતે તે જ્ઞાની અને જાણકાર દેખાતી હોય. ફકત માઅસૂમ રાસેખૂન ફી ઈલ્મને જ એવી સમજ અને દૃષ્ટિ આપવામાં આવી છે કે જેની મદદથી તે માનવજાતની હિદાયત કરી શકે. જો એમ ન હોય તો સમાજમાં ગેરવ્યવસ્થા ઊભી થાય. ઈમામ હસન અસ્કરી (અ.)ના ૨૮ વર્ષના ટૂંકા જીવનકાળમાં આવી એક ઘટના બની હતી. તે સમયમાં યાકૂબ અલ કિન્દી નામે એક પ્રખ્યાત ફિલસૂફ રહેતો હતો. તેણે જુદી જુદી સંસ્થાઓમાં શિક્ષણ હાંસિલ કરીને મેળવેલું ઈલ્મ

તેના માટે અત્યંત જોખમકારક પૂરવાર થયું કારણ કે આવા ઈલ્મની મદદથી તે 'કુરઆનમાં દોષો અને વિરોધાભાસ'ના વિષય ઉપર એક પુસ્તક લખવા તૈયાર થયો. આ લેખની શરૂઆતમાં જે આયત આપવામાં આવી છે તેના અનુસાર તે ફિલસૂફનું મગજ આવી દ્વિઅર્થી આયતોમાં અટવાઈ ગયું અને તે કશું પણ લખી શક્યો નહીં અને પોતાનું પુસ્તક પૂરું કરવા ફાંફાં મારવા લાગ્યો. કિન્દીના સદનસીબે તેનો એક અનુયાયી સામરામાં ઈમામ હસન અસ્કરી (અ.) પાસે પણ હાજરી આપતો હતો. તેણે આ વાત ઈમામ (અ.)ને કરી ઈમામ (અ.)એ કિન્દીના અનુયાયીને કિન્દીથી એક પ્રશ્ન પૂછવાની સૂચના આપી. તે પેલો સવાલ લઈને ફિલસૂફ કિન્દી પાસે ગયો. સવાલ જોઈને કિન્દીને ભાન થયું કે તેણે કદી આ પાસા પર તો વિચાર જ કર્યો ન હતો. તેણે તેના અનુયાયીને પૂછ્યું કે આ સવાલ પૂછવાની તને કોણે સૂચના આપી. તેણે ઈમામ હસન અસ્કરી (અ.)નું નામ લીધું. કિન્દી ઈમામ હસન અસ્કરી (અ.)ના ઈલ્મથી ઘણો જ પ્રભાવિત થયો અને તેણે દુન્યવી ઈલ્મથી લખેલા તેના બધા જ પુસ્તકો બાળી નાખ્યા અને તેને પ્રતિત થયું કે રાસેખૂન ફી ઈલ્મ હસ્તીઓથી કોઈ બાબત છૂપી હોતી નથી.

આ ઉપરાંત ઈમામ હસન અસ્કરી (અ.)એ કુરઆનની અસંખ્ય આયતોની તફસીર સમજાવી છે. આ તફસીરને ભેગી કરીને એક પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તકનું નામ 'ઈમામ હસન અસ્કરી (અ.)ની તફસીર' આપવામાં આવ્યું છે. ખુરાસાનથી ઈલ્મ હાંસિલ કરવા આવેલા વિદ્યાર્થીઓને જ્યારે ઈમામ તાલીમ આપતા હતા તે સમયે ભેગી કરવામાં આવેલી આ તફસીર છે. આ પુસ્તકના ઉર્દૂ અનુવાદને 'આસારે હૈદરી' અને ગુજરાતી અનુવાદને 'સિરાતે મુસ્તકીમ' નામ આપવામાં આવ્યા છે.

આપણે પણ ગુમરાહીથી બચવા માટે 'રાસેખૂન ફી ઈલ્મ' હસ્તીઓના સિલસિલાથી સંકળાયેલા રહેવું જોઈએ. *




પટેલ સાહિલ તાહેરઅલી

(વડોદરા–કનાઈ)

B. E. (Mechenical)

with 8.35 CGPA

Job : L & T Bomay

Post : Design Engineer

જે કોઈ વિદ્યાર્થી ભાઈ બહેનને માહિતી જોઈતી હોય તો મો.9998547822 પર સંપર્ક કરવો





વેટરનરી ડોક્ટર

ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

મો. ૯૯૭૮૭૬૯૬૫૧

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૮

**સુનો ઈમામ હસન, હુસૈન રે જાનો,**
**એ નબીજી કે નવાસે, સહી રે પછાનો.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.) નબીજીના નવાસા છે તે બાબત તમે સાંભળો અને જાણો.)

**એસા ફરમુદા નબીકા, એ હે ફરઝંદ મેરે,**
**યું નબીજીને ચાહે, તમે સુનીયો સવેરે.**

(નબીજીનો એવો ફર્મૂદો છે - કથન છે- કે એ બન્ને જણ મારા ફરઝંદો છે. નબીજીએ તેમની સાથે મોહબ્બત કરી છે તે તમે સાંભળો.)

**બીબી ફાતેમાકે બેટે, એ સૈયદ કેલાએ,**
**એ નબીજીકી નસલમાં, હે રે લખાએ.**

(એવું લખવામાં આવ્યું છે કે આ બન્ને જણ બીબી ફાતેમા (અ.)ના બેટા છે અને તેથી જ તેમને સૈયદ કહેવાય છે અને તે બન્ને નબીજીની નસલમાંથી છે.)

**અનુ હક માંહે નબીને બોત બશારત દીતી,**
**સો હદીસસુ ખુબી, એસી હે રે સુણીતી.**

(આ બન્નેના હકમાં નબીજીએ ઘણી બધી ખુશખબરી-ભવિષ્યવાણી- કરી હતી. હદીસો દ્વારા તે બંનેની ખૂબીઓ સાંભળેલી છે.)

**એ દો બેહિશ્તકે જવાન, કર નબીને બતાએ,**
**એસી ખુબીસુ ઈમામ, દોનું હે રે કેલાએ.**

(આ બન્ને એટલે કે હસનૈન (અ.) જન્નતના જવાનોના સરદાર છે એવું નબીજીએ બતાવ્યું છે આવી ખૂબીને લીધે જ બન્નેને ઈમામ કહેવામાં આવે છે.)

**સો યતીમ અનુકા, ધરાયા નામા,**
**સુન જાગ રે ગાફિલ, એ હે સમજકી ઠામા.**

(વળી એમનું નામ "યતીમ" પણ ધરવામાં આવ્યું છે. અય ગાફિલ તું આ સાંભળીને જાગૃત થા કેમકે આ સમજવાની જગ્યા છે.)

**ઈમામ હસન હુસૈન, સહી નબીકે નવાસે,**
**બીબી ફાતેમાકે ફરઝંદ, કહીએ રે ખાસે.**

(ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) બંને જણ નબીજીના નવાસાઓ છે અને ખાસ કરીને બીબી ફાતેમા (અ.)ના ફરઝંદો છે.)

**સુનો અનુકુ રબને યતીમ રે કીતે,**
**હે યતીમસુ અનુકે, નામ સુન કર લીતે.**

(એ પણ સાંભળી લ્યો કે આ બન્ને ભાઈઓને અલ્લાહ તઆલાએ યતીમ કરી દીધા હતા તેથી જ તો તેમનાં નામ યતીમ પાડવામાં આવ્યાં છે.)

**ભી મઝલુમ અનુકા, ધરાયા નામા,**
**સો મઝલુમ નામા, હે લખ્યા કહી ઠામા.**

(વળી તેમનાં નામ મઝલૂમ પણ ધરવામાં આવ્યાં

છે. તેથી કેટલીય જગ્યાએ તેમનાં નામ મઝલૂમ (જેમના ઉપર જુલ્મ કરવામાં આવ્યો હોય તેવા) રાખવામાં આવ્યાં છે.)

**સો જિસ પાર ઝુલમ, કીયા રે જાવે,**
**સહી મઝલુમ ઉસકા નામ રે કેલાવે.**

(જેના ઉપર ઝુલ્મ કરવામાં આવ્યો હોય તેને મઝલૂમ કહેવામાં આવે છે.)

**હુએ ઈમામ એ દોનું, મઝલુમ કહીએ.**
**એ સુન સુન નસદન, એતના લહીએ.**

**-: રે તુંહી :-**

(આ બન્ને ઈમામો ઉપર જુલ્મ કરવામાં આવેલો હતો તેથી તેમને મઝલૂમ કહેવામાં આવે છે. એ બાબતને તમે હર હંમેશ ધ્યાનમાં લો.)

**ઈમામ હુએ યતીમ સહી, ભી મઝલુમ કેલાએ માન રે,**
**ભી મઝલુમ કેંલાએ માન,**
**નવસે નબીકિ એ સહી, સુન સુન લોં એ બ્યાન રે,**
**સુન સુન લોં એ બ્યાન.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ બન્ને ઈમામો યતીમ પણ થઈ ગયા અને મઝલૂમ પણ કહેવાયા. એ બન્ને નબીજીના નવાસાઓ હતાં તે વાતને તમે સાંભળી લ્યો.)

**બયાન નં.૧૯**

**ભાષા : રૂબાઈ**

**સુન સુન ભાઈ મેરે દીન કે, એસા તો હેં આપ રહેમાન રે,**
**દોસ્તકુ પોચાવે કસની, સહી કર વીરા એ જાન રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે અય મારા દીનના ભાઈ ! તું સાંભળ કે આપણો રહેમાન આવો છે. તે પોતાના દોસ્તને પીડા પહોંચાડે છે. અય ભાઈ ! તું આ બાબતને સાચી સમજીને માનજે.)

**ખુશી કરે જો પોચે કસની, જનુકુ હે રબકા રંગ રે,**
**નેહ કેરી બાત અનેરડી, અવળે હે દુની કેરે ઢંગ રે.**

(જેને અલ્લાહનો રંગ લાગેલો હોય તેને પીડા અથવા દુ:ખ પહોંચે છતાં પણ તે ખુશી કરતો હોય છે. પ્રેમની વાત જ અનોખી છે. દુનિયાની રીત એનાથી ઊલટી છે.)

**ઈમામ હસન હુસેન જાનીએ, નવાસે નબીકિ ખાસ રે,**
**યતીમ કીએ સહી રબને, સુનોને સુનો હો એ દાસ રે.**

(એ પણ જાણી લો કે ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) નબીજીના ખાસ નવાસા છે. તમે દાસ બનીને એ પણ સાંભળી લો કે અલ્લાહે તેમને યતીમ કર્યા હતા.)

**લાહોબાલી દરગાહ રબકી, હોને રહીએ બંદા આધાન રે,**
**રાજી હોઈએ હુકમ જ્યું રબકા, એ તો બંદેપણેકી નિશાન રે.**

(અલ્લાહ તઆલાની બારગાહ લા ઉબાલી છે - બેપરવા છે માટે બંદા તરીકે આપણે બન્યા રહીએ. અલ્લાહનો જેવો હુકમ હોય તેમાં જો રાજી રહીએ તો તે બંદાપણાની નિશાની છે.)

**જ્યું ચાવે સુરીજન ત્યું કરે, ચાહતા હે વે નેક જ કામ રે,**
**બંદા હોવે રાજી નેહસુ, કર કર સબુર કે કામ રે.**

(સુરીજન અલ્લાહ જેવું ઈચ્છતો હોય તેવું જ કરવું જોઈએ. અને અલ્લાહ તો નેક કામ જ ઈચ્છતો હોય છે. બંદાએ મોહબ્બતપૂર્વક રાજી રહીને સબુરનાં - સબ્રનો કાર્યો કરવાં જોઈએ.)

**નવાસે નબીજીકે જાનીએ, હસન હુસેસૈન દો નામ રે,**
**માતા અનુકી બીબી ફાતેમા, ઝહરા-બતૂલ જે નામ રે.**

(એ જાણી લો કે હસન (અ.) અને હુસૈન (અ.) નામધારી નબીજીના નવાસા છે. તેમની માતા

બીબી ફાતેમા (અ.) છે કે જેમને "ઝહરા" અને "બતૂલ" ના નામથી પણ ઓળખવામાં આવે છે.)

**મઝ્લૂમઅનુકુકીએસહી,એસાએસાસુરીજનહારરે,**
**મીતકુ સહી દેવે કસની, દુની માંહે નાંહી કરાર રે,**

(એ બન્નેને મઝ્લૂમ બનાવી દીધા એવો તે સર્જનહાર અલ્લાહ છે. પોતાનો જે દોસ્ત હોય, મીત હોય તેને જ તે દુ:ખ આપે છે અને એવા લોકોને દુનિયામાં રાહત હોતી નથી. તેઓ શાંતિ અનુભવતા નથી.)

**જો તુજે પીત હે મીતકી, કારણે નેહસુ ચાવ રે,**
**કરવત કભી તુજકુ રખે, રખે મોંડે શીશ તન દેહ રે.**

(જો તારે તારા મીત સાથે મોહબ્બત હોય તો તું તેની સાથે નેહથી પ્યાર કર. ભલેને પછી તે તારા ઉપર કરવત મૂકે, રખેને તું તારા માથાને અને શરીરને બચાવી લે.) ✻




દુકાન
૯૦૩૩૧૨૭૪૪૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

**યાદગાર હોજીયરી**
**એન્ડ કટલરી સ્ટોર્સ**
(વાઘરોલવાળા)

અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે.
નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથરૂ માલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (કુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

# કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૧** **સૂરએ તકવીર**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તો હું કસમ ખાઉં છું તે ચાલતા ચાલતા પાછા હઠનારા તારાની. (૧૫)**

**અને સહેલ કરતાં–કરતાં સંતાઈ જનારા (તારા)ની. (૧૬)**

૧૫ મી અને ૧૬મી આયતમાં કુદરત કહે છે કે હું કસમ ખાઉં છું ચાલતા અને સહેલ કરતા સંતાઈ જનારા સિતારાની હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી વર્ણન છે કે તેથી મુરાદ પાંચ સિતારાઓ છે. આ આયતમાં خُنَّسِ શબ્દ આવ્યો છે તેનો ભાવાર્થ સૂર્યના પ્રકાશમાં ઢંકાઈ જવું છે. કેટલાક કહે છે કે તેનો અર્થ એમ પણ થઈ શકે છે કે તે સિતારાઓ દિવસના છુપાઈ જાય છે, આમ લોકોએ જુદા જુદા અર્થ કર્યા છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને રાતની જ્યારે કે તે વિદાય થાય છે. (૧૭)**

**અને પ્રભાતની જ્યારે કે તે પ્રકાશવા માંડે છે. (૧૮)**

**બેશક આ (કુરઆન) એક માનવંત મોકલેલા (જિબ્રઈલ)એ પહોંચાડેલો સંદેશો છે. (૧૯)**

**જે અર્શના માલિકને ત્યાં શક્તિવાળો અને માનવંત છે. (૨૦)**

જે વસ્તુ વિષે કસમ ખાધી તે વિષે ફરમાવે છે કે તે કુરઆન માનવંતા રસૂલના કલામ છે કે જે ખુદા પાસેથી પયગમ્બર પાસે લાવેલ છે. આ સ્થળે રસૂલથી મુરાદ જિબ્રઈલ છે. رَسُوۡلٍ كَرِيۡمٍ એટલે કુરઆને મજીદ હઝરત મોહંમદ (સ.)ના પોતાના કલામ નથી પણ જિબ્રઈલ અલ્લાહ તરફથી લાવેલ છે અને જિબ્રઈલની સિફતોમાં છે રસૂલે કરીમ એટલે કે જિબ્રઈલ, અલ્લાહના મોકલેલ માનવંતા અને શક્તિશાળી છે જેમકે તેમણે એક પાંખથી પૂરી કોમને જમનથી ઉપાડી ઊંધી કરી નાખી અને અર્શના માલિકની નજીક તેનું સ્થળ છે એટલે કે બહુ જ મુકર્રબ અને માનવંત છે. પણ તેનો અર્થ એ નથી કે અલ્લાહને મકાન કે સ્થળ હોય કારણ કે અલ્લાહ એવી દરેક વસ્તુથી પાકો પાકીઝા છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ત્યાં ફરિશ્તાઓ તરફથી તેની તાબેદારી કરવામાં આવે છે, વળી તે (મહા) વિશ્વાસુ પણ છે. (૨૧)**

**અને (અય મક્કાવાસીઓ !) તમારો સૌથી મોહંમદ (સ.) દીવાનો નથી. (૨૨)**

**અને ખચીત જ તેણે તે (જિબ્રઈલ)ને આસમાનના વાદળાં વિનાના ક્ષિતિજ પર નિહાળ્યો છે. (૨૩)**

**અને તે ગેબની વાતોના સંબંધી કંજૂસ નથી. (૨૪)**

**અને આ (કુરઆન) લા'નત પામેલા શયતાનનું કહેણ નથી. (૨૫)**

**છતાં તમે ક્યાં (બહેકી) જાઓ છો. (૨૬)**

**આ (કુરઆન) કાંઈ નથી પણ તમામ દુનિયાઓ માટે (મહાન) નસીહત છે. (૨૭)**

**(ખાસ કરીને) તે શખ્સ માટે કે જે તમારામાંથી સન્માર્ગે ચાલવા ચાહે. (૨૮)**

**અને તમે કોઈ પણ ચાહશો નહીં, સિવાય કે ખુદા (અર્થાત્) તમામ દુનિયાનો પરવરદિગાર ચાહે. (૨૯)**

**مُّطَاعٍ** એટલે ફરમાબરદાર તમામ મલાએકા ભલેને જન્નતના દરબાન હોય યા જહન્નમના ઉપરી હોય, યા કોઈ પણ ફરિશ્તા હોય, તો પણ બધા જિબ્રઈલની ઈતાઅત કરે છે અને અલ્લાહની વહીના અમીન છે. એક વખત હઝરત રસૂલે ખુદા (સ.)એ જનાબે જિબ્રઈલને કહ્યું કે ખુદાએ આ આયતોમાં તમારી તા'રીફ કરી છે અને રસૂલે કરીમ અને શક્તિશાળી તથા અમીન, વગેરે તમારી સિફતોનું વર્ણન કરેલ છે ? તો તે વખતે જિબ્રઈલે કહ્યું કે મેં કૌમે લૂતને પાંખ વડે જમીન સમેત ઉપાડીને ઊંધી નાખી દીધી.

**وَمَا صَاحِبُكُمْ** એટલે ખુદા ફરમાવે છે કે કસમ છે એ ચીજોની કે આ કુરઆન હુઝૂરના પોતાના કલામ નથી પણ જિબ્રઈલે ખુદા પાસેથી રસૂલ (સ.)ના પહોંચાડેલા છે અને ન તો આપ દીવાના છો. આપે જિબ્રઈલને એક વખત પોતાના અસલ રૂપમાં જોયા હતા, એટલે મેઅરાજની રાતના ઉફુકીલ મુબીન પાસે જોયા હતા અને મારો રસૂલ ગેબની વાતો બતાવવા માટે કંજૂસી કરતો નથી, પણ જે કંઈ અલ્લાહ તરફથી નાઝિલ થાય છે તે લોકો સુધી પહોંચાડે છે, ન તો તેમાં ખયાનત છે ન તો કંજૂસી.

**وَمَا هُوَ بِقَوْلِ** મક્કાના મુશરિકો મઆઝલ્લાહ કહેતા હતા કે શયતાન તેમના દિલમાં આ વાતો નાખે છે તો ખુદા તેમના જવાબમાં તેનો રદ આપે છે અને ફરમાવે છે કે આ અલ્લાહના કલામ છે, શયતાનના નથી.

**وَمَا تَشَاءُونَ** એટલે અય કુફ્ફારે મક્કા ! તમે નહીં ઈચ્છી શકો જ્યાં સુધી કે અલ્લાહ ચાહે નહીં. એટલે કે અલ્લાહ તમને મજબૂર કરે ત્યારે તમે મુસલમાન થશો. જો કે તે કોઈને મજબૂર કરતો નથી અથવા એ કે એ આખરી વાક્યનો સંબંધ હઝરત મોહંમદ (સ.) અને આલે મોહંમદ (અ.)થી છે, કારણ કે તેઓ અલ્લાહની મશિય્યતને આધીન છે અને જે કંઈ અલ્લાહ ચાહે છે તેઓ પણ તે જ ચાહે છે.


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

# જિસ્માની અને રૂહાની બીમારી

**સંકલન : મોલ્વી હસનઅલી શરાફતઅલી (કઠોર)**

દરેક દર્દની દવા કુરઆનમાં છે. કુરઆનથી શિફા ચાહો. જેને કુરઆનથી શિફા ન મળે એને કોઈ વસ્તુ શિફા આપી શકતી નથી. બેશક અલ્લાહની કિતાબ હુદા છે કે જેમાં દરેક બીમારીની દવા છે. માણસ જો વિચારે અને મનન કરે તો એમાં રૂહાની નુસ્ખાની સાથે સાથે શરીરની તંદુરસ્તીની જરૂરિયાત જોડાયેલી નજર આવે છે. જ્યાં નમાઝ પઢો, ઝકાત અદા કરોના શરબતે રૂહે અફ્ઝાનો ઝિક્ર છે ત્યાં નમાઝની ફઝીલતમાં આ પણ હુકમ છે કે મસ્જિદમાં નમાઝ અદા કરો કે જેથી દરેક કદમ પર રૂહાની તરક્કીની સાથે શારીરિક કસરત પણ થઈને શરીરની તંદુરસ્તી માટે આવે છે. મસ્જિદમાં હુજૂરે મા'બૂદ નમાઝની અદાયગીની સાથે જ્યાં રૂહાની કુર્બત મળે છે ત્યાં કયામ, રુકૂઅ અને સજ્દાના હુકમથી શરીરની કસરત પણ આ નુસ્ખામાં મૂકી દેવામાં આવી છે.

કુરઆનમાં જ્યાં નેક આમાલ અને ફાયદાની બાબતોનો હુકમ કરે છે ત્યાં નુકસાનકારક કાર્યો અને નુકસાનકારક બાબતોની જાણ આપીને રૂહ અને શરીર બન્નેની તંદુરસ્તીનો ખ્યાલ રાખ્યો છે. જો રૂહની તંદુરસ્તી માટે નમાઝનો હુકમ આપવામાં આવ્યો છે, તો તંદુરસ્તીને નુકસાન કરનાર શરાબ માટે વારંવાર મનાઈ કરવામાં આવી છે. આથી સૂરા માએદા, આયત-૯૦ અને ૯૧માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَ
الْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ
فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٩٠﴾
اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ
الْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ
وَعَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ﴿٩١﴾

*(અય ઈમાનવાળાઓ ! શરાબ અને જુગાર તથા મૂર્તિઓ તથા બાણ પર લેવાતી સોરટી એ શયતાનના નાપાક કાર્યોમાંનું કાર્ય છે, માટે તમે તેનાથી બચતા રહો કે કદાચ તમે સફળતા મેળવો. ખરેખર શયતાન ઈચ્છે છે કે શરાબ અને જુગાર વડે તમારી વચ્ચે દુશ્મની કરાવે અને તમને અલ્લાહની યાદથી અને નમાઝ અદા કરતાં અટકાવે છે, તો પણ શું તમે (તેને અનુસરતા) અટકશો નહીં ?)*

સૂરા બકરા, આયત-૨૧૯માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ۭ قُلْ فِيْهِمَآ اِثْمٌ
كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ ۡ وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ
نَّفْعِهِمَا ۭ ... ﴿٢١٩﴾

*((હે રસૂલ !) લોકો તને શરાબ અને જુગાર વિષે પૂછે છે. કહે છે કે બન્નેમાં મોટો ગુનો છે અને લોકો માટે ફાયદાઓ પણ છે છતાં એ બન્નેમાં ગુના તેના ફાયદાઓ કરતાં વધારે છે.)*

બીજી એક આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

*"હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નશાની*

*હાલતમાં હો તો જ્યાં સુધી તમે જે કંઈ કહો છો તે સમજવા લાગો નહીં અને જ્યારે નાપાકીની હાલતમાં હો સિવાય કે તમે મુસાફરીમાં હો તો જ્યાં સુધી તમે ગુસ્લ ન કરી લો ત્યાં સુધી નમાઝની પાસે જશો નહીં."*

વસાએલુશ્શીઆમાં સાદિકે આલે મોહંમદ ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે,

"જેણે પોતાની દીકરી શરાબીને આપી એણે કતઅ રહમી કરી."

કદાચ આ હદીસ એમ કહેતી હોય કે તેણે પોતાની દીકરીની નસલ જ કાપી નાખી. હિલૈતુલ મુત્તકીનમાં છે કે પોતાની ઓલાદ માટે શરાબ પીવાવાળી અને સૂવ્વરના ગોશ્તવાળી 'દાયા' ન રાખો કેમકે એનું દૂધ એ બાળક પર અસર કરે છે.

દરેક માણસ એ સ્વીકારે છે કે સૌથી વધારે જરૂરી વસ્તુ તંદુરસ્તીના માટે દિલની શાંતિ અને સુકૂન છે. આથી તંદુરસ્તીના માટે જ્યારે દિલની શાંતિ જરૂરી થઈ તો હવે જોવાનું એ છે કે દિલની શાંતિ કેવી રીતે મળે. દિલની શાંતિ એને જ મળે છે કે જે પોતાની બીમારી અને તંદુરસ્તીને અલ્લાહ-ની તરફથી જાણે અને એના પર યકીન (વિશ્વાસ) રાખતો હોય. તેથી જ અલ્લાહ તઆલા ફરમાવે છે:

સૂરા રઅદ, આયત-૨૮

...أَلَا بِذِكْرِ اللَّهِ تَطْمَئِنُّ الْقُلُوبُ ﴿٢٨﴾

*(...અલ્લાહની યાદથી જ દિલને શાંતિ પ્રાપ્ત થાય છે.)*

જો બીમારને દુનિયાના બધા જ ડૉક્ટરો જવાબ આપી દે તો પણ તે જિંદગીથી નિરાશ નહીં થાય અને તેને વિશ્વાસ થઈ જાય કે અલ્લાહ તેનો મદદગાર છે, એના જ હાથમાં શિફા છે.


**શું... ? મકાનના ધાબામાંથી પાણી ટપકે છે**

**એક્વાપ્રુફ (વોટર પ્રુફીંગ) અને સ્નોકુલ (ઠંડક માટે)ટેકનોલોજી...**

**હવે નહિં રહે સીલીંગમાં લિકેઝીંગ, દિવાલોમાં તિરાડો...**

**...અને રહેશે ગરમીમાં છત (ધાબુ) ઠંડુ**

DR. FIXIT
WATERPROOFING SOLUTIONS

શુ ? આપના મકાન, દૂકાન, હોટલ, રેસ્ટોરન્ટ, શો-રૂમ ના ધાબામાં પાણી ટપકે છે.
તથા દિવલોમાં તિરાડો હોવાના કારણે... પાણી લિકેજ તેમજ ભેજ મારે છે.

પાણીના ટાંકા, સંડાસ, બાથરૂમમાંથી લીકેજ થતાં પાણીનું પણ સોલ્યુશન કરી આપવામાં આવશે...
બિલ્ડીંગનું રીનોવેશન કામ કરી આપવામાં આવશે દરેક પ્રકારનું કામ ગેરંટી સાથે કરી આપવામાં આવશે

AQUA Proof DRV
Acrylic Polymer for Water Proofing & All type of Concrete Applications

**યામ હોમ કેર**
ઓફિસ : C/o : શીફા આયુર્વેદીક સ્ટોર્સ

**એમ. જી. વિજાપુરા**
**મો. ૯૪૨૯૪ ૭૬૫૦૫**

૧૦, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, વિજાપુરા રોડ, ટીબી હોસ્પિટલ સામે, હિંમતનગર

# અલ ઈર્શાદ

## ઝાતુસ્સલાસિલનો જંગ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછી આપ (અ.) ચાલ્યા ગયા. આપ (અ.)એ એ પરચમ લીધો કે જે સામાન્ય રીતે પયગમ્બર (સ.)ની પાસે રહેતો હતો. સાંજ પડતાં સુધીમાં તો આપ (અ.)તે લોકોની પાસે પહોંચી ગયા. રાતમાં આપે કયામ કર્યો. સવાર પડ્યું તો આપ (અ.)એ ફજ્રની નમાઝ પઢી. આપ (અ.)ના મુસલમાન સાથીઓએ પણ નમાઝ પઢી. ત્યાર પછી આપ (અ.)એ સફો ગોઠવી અને તલવાર બહાર કાઢી. આપ દુશ્મનની તરફ આગળ વધ્યા અને કહ્યું.

"અય લોકો ! હું રસૂલે ખુદા (સ.)નો કાસિદ છું મને તમારા લોકોની પાસે મોકલવામાં આવ્યો છે. તમારે એ અહદ કરવો પડશે કે "અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ નથી. અને મોહંમદ (સ.) તેના બંદા અને રસૂલ છે. અગર તમે લોકોએ આ અહદ ન કર્યો તો હું, મારી તલવારથી તમારા ટુકડા કરી દઈશ."

તે લોકોએ જવાબ આપ્યો કે, "તમે પણ તમારા સાથીદારોની માફક પાછા ચાલ્યા જાઓ." આપ (અ.)એ જવાબ આપ્યો, કે અલ્લાહની કસમ, હું કદી પણ પાછો નહીં જાઉં, ત્યા સુધી કે જ્યાં સુધી તમે ઈસ્લામ કબૂલ ન કરી દો. નહીંતર હું મારી તલવારથી તમારું કામ તમામ કરી દઈશ. હું અલી ઈબ્ને અબીતાલિબ છું."

આ સાંભળીને તે લોકો બોખલા થઈ ગયા. જ્યારે તેમણે ગુમાવેલા હોશ પાછા આવ્યા ત્યારે તેમણે આપની સાથે જંગ કરવાની હિંમત કરી. આપ (અ.)એ છ અથવા સાત માણસોને હલાક કરી દીધા. તે બુતપરસ્તો નાસી ગયા અને મુસલમાનોને જીત મળી. તેમણે માલે ગનીમત એકઠો કર્યો અને પયગમ્બર (સ.)ની પાસે પાછા આવી ગયા.

(ઉમ્મે સલમા આ હદીસનાં રાવી છે. તેઓ કહે છે :)

"પયગમ્બરે ઈસ્લામ (સ.)નો એ નિત્યક્રમ હતો કે આપ મારા ઘેર આવીને કૈલૂલા (બપોરે ભોજન પછી થોડી વાર માટે આરામ) કરતા હતા. આપ (સ.) એ દિવસે ઊંઘમાંથી ચોંકી ગયા. મેં પૂછ્યું, ''અલ્લાહ એ છે કે જેણે આપની હિફાઝત કરી છે." આપ (સ.)એ જવાબ આપ્યો, "એ સાચું કે અલ્લાહ મને પોતાના રક્ષણમાં અને અમાનમાં રાખે છે, પરંતુ જિબ્રઈલ (અ.)એ મને બતાવ્યું છે કે અલી (અ.) પાછા આવી રહ્યા છે.

ત્યાર પછી આપ (સ.) બહાર આવ્યા અને લોકોને હુકમ આપ્યો કે તેઓ જઈને અલી (અ.) થી મુલાકાત કરે. રસૂલ (સ.)ના મુસલમાનોની બે હરોળો હતી. જ્યારે હઝરત અલી (અ.)એ

પયગમ્બર (સ.)ને જોયા તો આપ (અ.) ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યા અને આં હઝરત (સ.) નો બોસો લીધો. પયગમ્બર (સ.)એ તેમને કહ્યું,

"ઘોડા ઉપર સવાર થઈ જાઓ. આજે અલ્લાહ અને તેના રસૂલ (સ.)ને તમારી આ અદા પસંદ છે." અમીરુલ મોમિનીન (અ.)ની આંખો ખુશીમાં ભીની થઈ ગઈ અને પોતાના ઘર તરફ ચાલ્યા ગયા. મુસલમાનોએ માલે ગનીમત જમા કરી દીધો ત્યારે પયગમ્બરે ખુદા (સ.)એ તે લોકોને પૂછ્યું કે જેઓ આપ (અ.)ની સાથે પાછા આવ્યા હતા.

"તમારા કમાન્ડરની બાબતમાં તમારો શું ખયાલ છે ?"

તે લોકોએ જવાબ આપ્યો કે "અમે એના સિવાય વધારે બતાવી શકતા નથી કે આપ (અ.) એ અમારી નમાઝોની ઈમામત કરી. અને આ આયત ચોક્કસ પઢી,

"કહો અલ્લાહ એક છે."

પયગમ્બર (સ.)એ કહ્યું,

"હું જાતે જ તેમને પૂછીશ."

જ્યારે આપ (અ.) આં હઝરત (સ.)ની પાસે આવ્યા તો તેમણે પૂછ્યું,

"જ્યારે તમે નમાઝ અદા કરો છો તો માત્ર સૂરા ઈખ્લાસની તિલાવત કરો છો. એવું શા માટે ?''

આપ (અ.)એ જવાબ આપ્યો,

"યા રસૂલલ્લાહ ! હું આ સૂરાથી મોહબ્બત કરું છું.''

રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો

"સાચું છે કે અલ્લાહ તમારી સાથે એટલી જ મોહબ્બત કરે છે કે જેટલી તમે આ સૂરાથી કરો છો."

ત્યાર પછી આંહઝરત (સ.)એ કહ્યું,

"મને એ ચિંતા રહ્યા કરે છે કે ઘણા બધા લોકો તમારા થશે ત્યારે લોકો તમારા પગ નીચેની માટીને લઈ જશે જેવી રીતે ઈસા (અ.)ના પગ નીચેની માટી લઈ જતા હતા.''

આ જંગમાં વિજય પણ અમીરુલ મોમિનીન (અ.)ના કારણે થયો હતો. એટલે પયગમ્બર (સ.)એ આપની એવી પ્રશંસા કરી હતી કે કોઈ બીજા માણસમાં એવી ખૂબીઓ ન હતી જેવી કે અમીરુલ મોમિનીન (અ.)માં હતી. પયગમ્બરે ઈસ્લામ (સ.)ની જીવનકથા લખવાવાળાઓએ આવું લખ્યું છે કે એવું જંગ ઉપર સૂરા આદિયત નાઝિલ થયો હતો અને તેમાં અમીરુલ મોમિનીન (અ.)ના વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે આપ (અ.)એ કેવી રીતે આ જંગ ફતેહ કર્યો હતો. (ક્રમશઃ)


## લગ્ન વિષયક

૪૮ વર્ષીય પોતાના ધંધામાં સ્થિર, ત્રણ બાળકોના પિતા એવા મોમિન યુવક (બાદરપુર) માટે એક સુશીલ, સંસ્કારી, છૂટાછેડા થયેલા હોય તેવી નિ:સંતાન મોમિના યુવતીની જીવન સાથી તરીકે જરૂર છે.

ઈચ્છુક વાલીઓએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

મો. ૯૮૭૯૭ ૯૦૪૨૯

મો. ૯૮૯૮૯ ૩૮૩૬૧

મો. ૯૩૨૭૪ ૪૦૪૨૯




## ‘બોસ્તાન’માંથી ચૂંટેલી પંક્તિઓ

### ARMY (લશ્કર/સૈન્ય)

ملک را بود بر عدو دست چیر
چو لشکر دل آسوده باشند و سیر
بهای سر خویشتن میخورد
نه انصاف باشد که سختی برَد
چو داررند گنج از سیاهی دریَغ
دریغ آیدش دست بُردن به تیغ
چه مردی کُند در صف کارزار
که دستش تهی باشد و کار، زار

**મલક રા બૂદ બર અદૂ દસ્તચીર**
**ચૂ લશ્કર દિલ આસૂદા બાસન દો સીર**
**બહાઈ સર ખવીશતન મૈખૂરદ**
**ન ઈન્સાફ બાશદ કે સખ્તી બરદ**
**ચૂ દારન્દ ગંજ અઝ સિપાહી દરેગ**
**દરેગ આયદશ દસ્ત બુર્દન બે તેગ**
**ચે મર્દી કુનદ દર સફ કારઝાર ?**
**કે દુશ્મનશ તોહી બાશદોકારઝાર.**

(બાદશાહનો હાથ પોતાના દુશ્મનો ઉપર ફકત ત્યારે જ ઉપર રહે છે કે જ્યારે તેનું લશ્કર સંતુષ્ટ અને સંતોષી હોય છે. યુધ્ધમાં સૈનિક પોતાનું મસ્તક પોતાના માલિક ખાતર આપી દેતો હોય છે અને તેથી જ તો જો તેને હાડમારીઓ વેઠવી પડે તો તે બાબત અન્યાયપૂર્ણ હોય છે. જ્યારે બાદશાહના ખજાનામાંથી સૈનિકોને માલ આપવાનો ઈન્કાર કરવામાં આવે છે તો તે યુધ્ધના મેદાનમાં તલવાર ચલાવવાથી વેગળો થઈ જશે. જો તેના હાથ ખાલી હોય અને તેની સ્થિતિ દયાજનક હોય તો તમે તેની પાસે તે યુધ્ધમાં મર્દાનગીભર્યું કાર્ય કરે એવી આશા કેવી રીતે રાખી શકો ?)

دلاور که باری تهوّر نمود
بباید به مقدارش اندر فزود
که با دگر دل نهد بر هلای
ندارد زپیکار یاجوج باک
سپاهی در آسودگی خوش بدار
که در حالت سختی آید به کار
سیاهی که کارش نباشد به برگ
چرا دل نهد روز هیجا به مرگ ؟

**દિલાવર કે બારી તહવ્વર નમૂદ**
**બબાયદ બે મિકદારશ અંદર ફઝૂદ**
**કે બાર દિગર દિલ નહદ બર હલાક**
**નદારદ ઝ પૈકાર યાજૂદ બાક**
**સિપાહી દર આસૂદગી ખુશ બદાર**
**કે દર હાલત સખ્તી આયદ બે કાર**
**સિપાહી કે કારશ નબાશદ બે બર્ગ**
**ચરાદિલ નહદ રૂઝ હૈજા બે મર્ગ ?**
**કનૂન દસ્ત મર્દાન ચંગી બબૂસ**
**ને આંગા કે દુશ્મન ફરો કુફ્ત કૂસ**
**નવાહય્યે મુલ્ક અઝ કફ બદસુગાલ**
**બે લશ્કર નિગેહદાર વ લશ્કર બે માલ.**

(જ્યારે બહાદુર સિપાહી એક વાર બહાદુરી બતાવી દે તો તેને બઢતી આપી દેવી જોઈએ જેથી કરીને તે યુધ્ધમાં પોતાના જીવનું જોખમ ખેડી શકે અને 'ગોગ' જેવા લડવૈયા સામે લડતાં ગભરાય નહીં. રાહતના દિવસોમાં તમારી સૈનિક ટુકડીઓને આનંદી રાખો જેથી કરીને તેઓ કપરા સમય દરમિયાન તમારી ખિદમત કરી શકે. જો તમારી સૈનિક ટુકડીઓને સારી રીતે પૂરવઠો પૂરો પાડવામાં ન આવે તો તેઓ યુધ્ધના દિવસે શા માટે તેમના જીવનનું જોખમ ખેડે? તમારા બહાદુર સૈનિકોના હાથ અત્યારે હાલ જ ચૂમો અને નહીં કે જ્યારે દુશ્મન યુધ્ધનાં નગારાં વગાડતો હોય. તમારા રાજ્યના પ્રદેશોનું તમારા લશ્કરની મદદથી દુષ્ટ દુશ્મનોથી રક્ષણ કરો. અને તમારા ધનની મદદથી તમારા લશ્કરને સંતોષ આપી દો.

નોંધ :- 'ગોગ' (યાજૂજ) અને મેગોગ (માજૂજ) આ બન્ને જંગલી અને હિંસક લોકો હતા કે જેઓ તેમના પડોશમાં આવેલી સરહદોના રહેવાસીઓને ત્રાસ આપતા હતા. જેમના ઉપર જુલ્મ કરવામાં આવ્યો હતો તે લોકોએ ઝુલ્કરનૈન પયગમ્બરને અરજ કરી કે યાજૂજ માજૂજના ત્રાસથી બચવા માટે એક દીવાલ ચણી આપો. ઝુલ્કરનૈન (અ.)એ એવું કર્યું અને અલ્લાહના ફઝલો કરમથી આવા દુષ્ટ લોકોના આક્રમણનો અંત આણ્યો. (કુરઆને પાક, સૂરા-૧૮, સૂરા કહ્‌ફ, આયત નં. ૯૩ થી ૯૭)


મોમિન રોશનઅલી મો.૯૪૨૭૦ ૮૬૦૧૦ મોમિન મોહસિનઅલી મો.૯૦૯૯૬૧૭૯૫૦

મોમિન હાસમભાઇ મો.૯૪૨૯૩ ૮૨૬૬૪

(રસુલપુર – ખેરાલુવાળા)





યાદગાર હાર્ડવેર

હાર્ડવેર, પ્લાયવુડ, પ્લમ્બર પાઇપ ફીટીંગ

સામાનના છૂટક તથા જથ્થાબંધના વહેપારી.

૩૦, ડિવાઇન પ્લાઝા શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ રોડ, વડનગર.

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

**અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## ઈમામની તારીફ : હદીસે તારેક

(ગતાંકનું ચાલુ)

તો પછી કોણ છે એવા કે જે અમારી માઅરેફત પ્રાપ્ત કરી શકે ? અથવા અમારા દરજ્જા સુધી પહોંચી શકે ? અથવા અમારી કરામતોને નિહાળી શકે ? અથવા અમારી મંઝેલતને સમજી શકે? આ મામલામાં બુધ્ધિઓ હેરાન, વિવેક બુધ્ધિઓ પરેશાન છે. આ એવો મરતબો છે કે જેની આગળ મોટા મોટા લોકો તુચ્છ (વામણા) છે, તેની સમજથી આલિમો અસમર્થ, શાયરોનાં અલંકારભર્યા વર્ણનો અને ખુત્બા મૂંગામંતર અને બહેરા, ફસીહ લોકો આજિઝ અને જમીન તેમજ આસમાન અવલિયાની શાનમાં એક પ્રશંસા પણ બયાન કરવાથી મજબૂર છે. તેને કોણ ઓળખી શકે કે સમજી શકે કે તેનો અનુભવ કરી શકે છે ? જોકે તે કાઈનાતનો નુક્તો, વર્તુળોનાં કેન્દ્ર, શક્ય બાબતોનું રહસ્ય અને અલ્લાહના જલાલનું નૂર અને જમીન અને આસમાનનો શરફ છે. આલે મોહંમદ (સ.)નો મકામ તો આના કરતાં ય એટલો ઊંચો છે કે કયો એવો ગુણગાથા ગાનારો છે કે તેના ગુણોનું વર્ણન કરી શકે ? અને તેમની નઅત અને તા'રીફ લખી શકે? અને સઘળાં આલમોમાં કોઈને તેમની સાથે કયાસ કરી શકે. તે નૂરે અવ્વલ અને તેનો અને નૂરાની નામો અને કિબ્રિયાની વહદાનિયત છે. જેણે તેનાથી મોઢું મરડ્યું તે વહેદાનિયતથી ફરી ગયો અને એ જ ખુદાનો મહાન અને ઉચ્ચ હિજાબ છે.

તો પછી આવા ઈમામને કોણ ચૂંટી શકે છે, અને બુધ્ધિઓ તેમને કયાં ઓળખી શકે તેમ છે ? અને કોણ એવો છે કે જે તેમને ઓળખતો હોય? અથવા તેનાં વખાણ બયાન કરી શકે ? જે લોકો એવું ગુમાન કરે છે કે આ (ઈમામત) આલે મોહંમદ (અ.) સિવાય બીજાઓમાં પણ જોવા મળે છે, તેઓ જુઠ્ઠા છે. તેમનાં કદમ (રાહે રાસ્તથી) ખસી ગયાં છે. તેમણે વાછરડાને પોતાનો રબ બનાવ્યો છે અને શયતાનોને પોતાની જમાઅત બનાવી લીધી છે. આ બધું બૈતે સિફ્વત (શ્રેષ્ઠ ઘર) અને પવિત્ર ઘરથી બુગ્ઝ (રાખવા)ના કારણે અને હિકમતની ખાણ અને રિસાલત સાથે હસદનું કારણ છે. શયતાને તેમના માટે આમાલને શોભિત કરી દીધા છે ખુદા તેમને હલાક કરે કે કેવી રીતે તેમણે એને ઈમામ બનાવી દીધો કે જે જાહિલ, બુતપરસ્ત અને જંગના દિવસે બુઝદિલી બતાવનારો હતો. જો કે એ વાજિબ છે કે ઈમામ એવો હોય કે તેનામાં કોઈ પણ પ્રકારનું જહ્લ (અજ્ઞાનતા) ન હોય અને એવો શૂરવીર હોય કે કોઈ પણ પ્રસંગે મોઢું ન ફેરવે અને ન તો હસબમાં તેના કરતાં કોઈ ઉચ્ચ હોય કે ન નસબમાં તેની સાથે કોઈ બરાબર હોય. આમ ઈમામ કુરેશના ખાનદાનમાંથી અને બની હાશિમના ઈજ્જતદાર લોકોમાંથી અને ઈબ્રાહીમ (અ.)ની બાકીની ઓલાદમાંથી હોય છે અને તે નબીએ કરીમ (અ.)ની ડાળીમાંથી હોય છે. તે નફ્સે રસૂલ (સ.) હોય છે અને ખુદાની રજામંદીથી મુકર્રર થાય છે અને આ ઈન્તેખાબ (પસંદગી) અલ્લાહ તરફથી થાય છે.

આમ તે ઈજ્જત છે, ઈજ્જતદાર લોકોનો અંશ છે, અબ્દેમનાફનો અને તે મુલ્કની વ્યવસ્થાનો આલિમ હોય છે અને (જમીનના લોકો ઉપર) આમ જનતાની સરદારી ધરાવતો હોય. તેની ઈતાઅત કયામત સુધી ફરજ કરવામાં આવી છે. ખુદા તેના હૃદયમાં પોતાનાં રહસ્યો ભરી દે છે અને તેનામાં પોતાની જીભને બોલતી કરે છે. તેથી માઅસૂમ અને موفق من الله હોય છે, તે જાહિલ અને બુઝદિલ નથી હોતો.

તેથી અય તારિક ! લોકોએ એવા ઈમામને છોડી દીધો અને હવસ અને હોશને તાબે થઈ ગયા, તેનાથી વધારે ગુમરાહ કોણ હોઈ શકે છે કે જે ખુદાની હિદાયત વગર પોતાની ખ્વાહિશોની પેરવી કરે ? અય તારિક ! ઈમામ બશર (માણસ) ની સૂરતમાં ફરિશ્તો, આસમાની શરીરમાં એક અમ્રે ઈલાહી અને પવિત્ર રૂહ હોય છે. તેનું મકામ ઊંચું, તે નૂરે જલી (પ્રગટ થયેલું નૂર) અને સરખફી (ઈલાહીનો ગુપ્ત ખયાલ) એ ઈલાહી હોય છે. તેથી તે મલકીઉલ ઝાત (ફરિશ્તાની જાતવાળો) અને ઈલાહી ગુણોવાળો અને ઝાયદુલ હસ્નાત (સુંદર વસ્તુઓને પેદા કરનાર) અને આલિમુલ મુગૈબાત હોય છે. તે રબ્બુલ આલમીનથી (તહેકીક થયેલો) અને સાદિકુલ અમીન (અર્થાત્ રસૂલે ખુદા)થી સંબંધિત હોય છે. આ બધી જ બાબતો માત્ર આલે મોહંમદ (અ.)માં જ છે અને કોઈ બીજા એમનામાં તેમનો શરીક નથી કેમકે આ જ મોઅદ્દને તંઝીલ (ઈલ્હામની ખાણ) અને (કલામે ખુદાના) ભાવાર્થ, તાવીલ (સ્પષ્ટીકરણ), રબ્બે જલીલના ખાસ (માણસો) અને જિબ્રઈલે અમીનના નાઝિલ થવાનું સ્થાન છે. આ ખુદાના બરગુઝીદા, ખુદાનું રહસ્ય અને તેના કલમા, નબુવ્વતના અને શુજાઅતની ખાણ તેમના હકીકી કલામ અને છેવટની દલીલો, મજબૂત રિસાલત, નૂરે જલાલે ઈલાહી, જનબુલ્લાહ (અલ્લાહનો સિતારો) અને તેની અમાનત, કલમાએ ખુદાનાં મોજાં, હિકમતની ચાવી, ચિરાગે રહેમત અને તેની નેઅમતનાં ઝરણાં છે. આ જ ખુદાની માઅરેફતનો રસ્તો અને સલસબીલ (મનપસંદ વસ્તુ) છે અને એ જ મીઝાને મુસ્તકીમ, સિરાતે મુસ્તકીમ અને ખુદાએ હકીમનો મજબૂત ઝિક્ર અને રબ્બે કરીમનો ચહેરો અને નૂરે કદીમ છે. આ જ ઈજ્જત, બુઝુર્ગી એ તકવા અને તફઝીલ (શ્રેષ્ઠતા) અને તા'ઝીમવાળા સાહેબો, નબીએ કરીમ (અ.)ના જાનશીનો, રસૂલ (સ.)ના રઉફ અને રહીમ અને ખુદાએ અલીય્યુલ અઝીમના અમાનતદારો છે. આ બઅઝહા મિન બઅઝની ઓલાદ છે. અલ્લાહ બધું જ સાંભળે છે અને જાણે છે. આ જ હિદાયતનાં બુલંદ નિશાનો અને સીધો રસ્તો છે જેમણે તેમને ઓળખી લીધા અને તેમની પાસેથી માઅરેફત પ્રાપ્ત કરી; તેઓ તેમનાથી છે. રસૂલે ખુદા (સ.)નો કોલ : 'મન તબૂઅની ફાના મિન્ની'માં આના તરફ ઈશારો છે (અર્થાત્ : જેણે મારી પેરવી કરી તે મારાથી છે.) અલ્લાહે તેમને પોતાના નૂરે અઝમતથી પેદા કર્યા છે અને તેમને પોતાના મુલકોનાં કાર્યોના વાલી બનાવ્યા છે તેથી તેઓ જ અલ્લાહનાં છૂપાં રહસ્યો છે અને તેમનાં અવલિયા નિકટતા ધરાવનાર છે. કાફ અને નૂન (કોહે કાફ અને કોહે નૂન)ની વચ્ચે તેમના અમ્ર છે, બલ્કે તેઓ જ કાફ અને નૂન છે. તેઓ ખુદાની તરફ દાવત આપે છે અને તેના તરફથી વાત કરે છે અને તેના અમ્ર (હુકમ) પર કાર્ય કરે છે. તમામ અંબિયાનું ઈલ્મ તેમના મુકાબલામાં અને તમામ અવસિયાનાં રહસ્યો તેમનાં રહસ્યોના મુકાબલામાં અને તમામ અવલિયાની ઈજ્જત તેમની ઈજ્જતના મુકાબલામાં એવી જ છે કે જેવી

સમંદરના મુકાબલામાં બિંદુ અને રણપ્રદેશના મુકાબલામાં એક રજકણ હોય. તમામ જમીન અને આસમાન ઈમામની નજીક તેમના હાથ અને હથેળીની માફક છે. તેઓ તેમના જાહેર અને બાતિનને ઓળખે છે અને નેક અને બદને જાણે છે. અને તે દરેક ખુશ્કોતરનો આલિમ છે કેમકે અલ્લાહે પોતાના નબી (સ.)ને ભૂતકાળનું અને ભવિષ્યકાળનું સઘળું ઈલ્મ આપ્યું હતું અવસિયાએ મુન્તજબુન (પરિણામ આપનાર) તે સુરક્ષિત રહસ્યના માલિક થયા જે આ બાબતથી ઈન્કાર કરે તે બદબખ્ત અને મલઊન છે. તેના ઉપર ખુદા લા'નત કરે છે, અને લા'નત કરવાવાળા લા'નત કરે છે. ખુદા કેવી રીતે પોતાના બંદાઓ ઉપર આવા માણસની ઈતાઅત ફર્ઝ કરી શકે છે જેનાથી આસમાન અને જમીનના ફરિશ્તાઓ ગુપ્ત હોય અને ખરેખર આલે મોહંમદ (સ.)ની શાનમાં એકે એક શબ્દ સિત્તેર સિત્તેર વિશેષતાઓ ધરાવે છે. અને બધાયના માટે ઝિક્રે હકીમ અને કિતાબે કરીમ અને કલામે કદીમમાં એક આયત જરૂર મોજૂદ છે કે જેમાં સૂરત, આંખ, હાથ, અને પડખાનો ઝિક્ર છે. તેથી એ બધાયથી મુરાદ આ આ વલી જ છે કેમકે તે જનબુલ્લાહ, વજહુલ્લાહ અર્થાત્ હક્કુલ્લાહ અને ઈલ્મુલ્લાહ, ઐનુલ્લાહ અને યદુલ્લાહ છે જાણે કે તેની જાહેરી સિફ્તો ઝાહેરાની બાતિન છે. અને તેમનું બાતિન, બાતિની સિફ્તોનું ઝાહિર છે. તેથી તે બાતિનનો ઝાહિર અને ઝાહિરનો બાતિન છે. અને રસૂલે ખુદા (સ.) ના કોલનો આની તરફ ઈશારો છે કે ''ઈન્ન ઐન વ અયાદી વ અન વ અન્ત યા અલીય્યો મિન્હા'' (ખરેખર અલ્લાહના માટે હાથ અને આંખો છે. અય અલી ! હું અને તમે એનાથી છીએ.) (ક્રમશ:)


આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

# અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

### અહલે અબા (અ.)ના ફઝાએલનું વર્ણન

(૧) અનસ બિન માલિક એ આયતે કરીમાની તફસીરમાં કે બે દરિયા એકબીજાને મળે છે તેના સંદર્ભમાં ફરમાવે છે કે બે દરિયાથી મુરાદ જનાબે અલી (અ.) અને જનાબે ફાતેમા (અ.) છે અને બીજી આયતે કરીમા કે જેનો ભાવાર્થ એ છે કે બહાર કાઢ્યા છે તેમનામાંથી મોતી અને મૂંગાની તફસીરમાં કહે છે કે તેનાથી મુરાદ ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) છે.

(૨) જનાબે અમીર (અ.)થી મરવી છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે સૌથી પહેલો જન્નતમાં હું દાખલ થઈશ પછી અય અલી ! તમે અને પછી ફાતેમા અને હસન અને હુસૈન. મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! આપણા મોહિબો ? આપ (સ.)એ ફરમાવ્યું, તમારી પાછળ.

(૩) અબૂ હુરૈરા (રઝી.અ.) કહે છે કે આંહઝરત (સ.)એ અલી (અ.), ફાતેમા (અ.) અને હસન (અ.) અને હુસૈન (અ.)ની તરફ નજર ફરમાવીને કહ્યું, હું લડવાવાળો છું એમની સાથે કે જે એમની સાથે લડે અને સુલેહ કરવાવાળો છું એમનાથી કે જે એમનાથી સુલેહ કરે.

(૪) ઝૈદ બિન અરકમ (રઝી.અ.) કહે છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ અલી (અ.) અને ફાતેમા (અ.) અને હસન (અ.) અને હુસૈન (અ.) ની તરફ નજર ફરમાવીને ઈરશાદ કર્યો, હું જંગ કરવાવાળો છું એમનાથી કે જે તમારાથી લડે અને સુલેહ કરવાવાળો છું એમનાથી કે જે તમારાથી સુલેહ કરે.

(૫) હઝરત અબૂ બક્ર સિદ્દીક (રઝી.અ.) થી મરવી છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને એક ખયમો ઊભો કરતા જોયા અને આપ (સ.) અરબી કમાન પર તકિયો (ટેકો) કરેલી અવસ્થામાં હતા અને ખયમામાં જનાબે અલી (અ.) અને ફાતેમા (અ.) અને હસન (અ.) અને હુસૈન (અ.) તશરીફ ફરમાવી રહ્યા હતા. હુઝૂર (સ.)એ ઈરશાદ કર્યો, અય મુસલમાનોની જમાઅત ! હું આ ખયમાવાળાઓથી સુલેહ કરવાવાળાની સાથે સુલેહ કરવાવાળો અને જંગ કરવાવાળાઓની સાથે જંગ કરનારો છું અને તેને દોસ્ત રાખું છું કે જે તેમને દોસ્ત રાખે, એમને દોસ્ત રાખશે પરંતુ નેકબખ્ત, પાક વિલાયતવાળો અને તેમને દુશ્મન નહીં રાખે પરંતુ બદબખ્ત, નાપાક વિલાયતવાળો.

(૬) અબૂ હુરૈરા (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે નબીએ કરીમ (સ.)એ ફરમાવ્યું છે કે મહશૂર (કયામતના દિવસે જીવતા) કર્યા કરશે અલ્લાહ કયામતના દિવસે અંબિયા (અ.)ને સવારીઓ ઉપર, સાલેહ નબીને તેમની ઊંટડી પર જેથી તે કયામતના

દિવસે પોતાની ઉમ્મતના મોમિનોની સાથે સમાનતા કરે. અને હસન (અ.) અને હુસૈન (અ.) ને જન્નતની ઊંટડીઓ પર સવાર કરવામાં આવશે અને અલી ઈબ્ને અબી તાલિબને મારી ઊંટડી પર સવાર કરવામાં આવશે અને હું બૂરાક પર સવાર હોઈશ અને બિલાલને પોતાની ઊંટડી પર સવાર કરવામાં આવશે અને અઝાનમાં પોકારશે અને તમામ મખ્લૂક હક હક કહીને તેની ગવાહી આપશે અને જ્યારે 'અશહદો અન્ન મોહંમદુર્રસૂલિલ્લાહ' કહેશે તો તમામ અવ્વલના અને આખરની ખિલ્કત તેની શહાદત (સાક્ષી) આપશે. પછી જ્યારે મારે જેને કબૂલ કરવો હશે તેને હું કબૂલ કરીશ.

(૭) હોઝૈફા (રઝી.અ.)થી મરવી છે કે મેં મારી વાલેદાને કહ્યું, જનાબે નબીએ કરીમ (સ.) તશરીફ લાવ્યા છે. હું તેમની સાથે મગરિબની નમાઝ પઢવા માટે જતો હતો અને હુઝૂરે નબવીથી મારા માટે તમારા માટે મગ્ફેરત ચાહીશ. પછી હું જનાબે રસૂલે ખુદા (સ.)ની ખિદમતમાં હાજર થયો અને હુઝૂર (સ.)ની પાછળ મગરિબની નમાઝ અદા કરી. પછી હઝરત (સ.)એ ઈશાની નમાઝ પઢી અને પાછા આવ્યા. મેં હઝરત (સ.)નું અનુસરણ કર્યું. હઝરત (સ.)એ મારો અવાજ સાંભળીને ફરમાવ્યું, કોણ છે? શું હોઝૈફા છે ? મેં અરજ કરી, હા. આપ (સ.) એ ફરમાવ્યું, તારી શું હાજત છે ? અલ્લાહ તારી અને તારી માની મગ્ફેરત કરે, આ એક ફરિશ્તો આ રાતના પહેલાં કદી જમીન પર નાઝિલ થયેલો નથી. તેણે મારા પરવરદિગારથી મારી સલામ માટે રજા માગી છે અને મને જન્નતની બશારત આપી છે કે ફાતેમા જન્નતવાસી સ્ત્રીઓની સરદાર છે અને હસન અને હુસૈન (અ.) જન્નતવાસી જવાનોના સરદાર છે.

(૮) અબૂ હુરૈરા (રઝી.અ.)થી રિવાયત છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે એક ફરિશ્તાએ મારી ઝિયારત કરી ન હતી. અલ્લાહ તઆલાએ તેને મારી ઝિયારત કરવાની પરવાનગી આપી. તેણે મને બશારત આપી કે ફાતેમા (અ.) મારી ઉમ્મતની બધી જ સ્ત્રીઓની સરદાર છે અને હસન (અ.) અને હુસૈન (અ.) જન્નતના જવાનોના સરદાર છે.

(૯) ઈબ્ને ઉમર (રઝી.અ.)થી મરવી છે કે જનાબે સરવરે કાઈનાત (સ.)એ ફરમાવ્યું કે તેહકીકની સાથે ફાતેમા (અ.) અને અલી (અ.) અને હસન (અ.) અને હુસૈન (અ.) રબ્બુલ આલમીનની પાક દરગાહમાં સફેદ ગુંબજમાં હશે કે જેની સકફ ખુદાનું અર્શ છે.

(૧૦) અબૂ મૂસા કહે છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે હું અને અલી અને ફાતેમા અને હસનૈન કયામતના દિવસે અર્શની નીચે એક કુબામાં હોઈશું.

(૧૧) ઈબ્ને મસઊદ (રઝી.અ.)થી મરવી છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે તમારા બધા આદમીઓમાં બહેતર અલી છે અને તમારા નવજવાનોમાં બહેતર હસન અને હુસૈન છે અને તમારી સ્ત્રીઓમાં બહેતર ફાતેમા છે.

(૧૨) અબ્દુલ્લાહ બિન ઉમર અને જનાબે અમીર (અ.)થી મન્કૂલ છે કે તેહકીકની સાથે નબીએ કરીમ (સ.)એ ફરમાવ્યું છે કે હસન અને હુસૈન જન્નતના જવાનોના સરદાર છે અને તેમનો બાપ તેમનાથી બહેતર છે.

(૧૩) જનાબે અમીર (અ.)થી મરવી છે કે તેહકીકની સાથે જનાબે રસૂલલ્લાહ (સ.) હસન (અ.) અને હુસૈન (અ.)નો હાથ પકડીને ફરમાવ્યું કે જે માણસ મને અને એ બન્નેને અને તે બન્નેના મા-બાપને વહાલા રાખે તે કયામતના દિવસે મારી સાથે મારા દરજ્જામાં હશે.

(૧૪) અનસ (રઝી.અ.) કહે છે કે તેહકીકની સાથે જનાબે રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે અમે અબ્દુલ મુત્તલિબની ઓલાદ જન્નતના સરદાર છીએ અને હમ્ઝા અને અલી અને જાફર અને હસન અને હુસૈન અને મહદી છે.

(૧૫) ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)થી મરવી છે કે જનાબે સરવરે કાઈનાત (સ.)ને મેં એ કાનોની સાથે સાંભળ્યું છે નહીંતર બન્ને બહેરા થઈ જાય કે હું વૃક્ષ છું અને અલી તે વૃક્ષની કલમ છે અને ફાતેમા તેનો બોજ છે અને હસન અને હુસૈન તેના ફળ છે અને અમે અહલેબૈતના મોહિબ્બો તેનાં પાંદડાં છીએ. સાચે સાચું અમે બધા જન્નતમાં હોઈશું.

(૧૬) જનાબે અમીર (અ.) રિવાયત કરે છે કે આંહઝરત (સ.) જનાબે ફાતેમા (અ.)થી ફરમાવતા હતા કે હું અને તમે અને હસન અને હુસૈન અને આ સૂઈ રહેનારો અર્થાત્ અલી કયામતના દિવસે એક મકાનમાં હોઈશું.

(૧૭) ઈબ્ને અબ્બાસ કહે છે કે સરવરે આલમ (સ.)એ ફરમાવ્યું કે હું ઇલ્મનું ત્રાજવું છું અને અલી તેનાં પલ્લાં છે અને હસનૈન તેની કસાન છે અને ફાતેમા તેનો ઈલાકો છે અને મારી ઉમ્મતના ઈમામ તેના સ્તંભો છે કે જેમાં અમારા મોહસિન અને મુબઅસીનના આમાલ વજન કરવામાં આવે છે.




# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે જાન્યુઆરી–૨૦૧૪ થી તા. ૧૫, માહે ફેબ્રુઆરી–૨૦૧૪<br>મુ.તા. ૧૪, રબી.અવ્વલ–૧૪૩૫ થી મુ.તા. ૧૪, રબી.આખર–૧૪૩૫ |
|---|---|---|---|
| જાન્યુ. | રબી.અ. | – | |
| 16 | ૧૪ | ગુરૂ | વિલાદત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા |
| 17 | ૧૫ | શુક્ર | વિલાદત : પીર સૈયદ રહેમતુલ્લાહ (રહે.) |
| 19 | ૧૭ | રવિ | વિલાદત : હ. રસૂલે ખુદા (સ.) અને હ. ઈ.જાફર સાદિક (અ.) * હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન |
| 20 | ૧૮ | સોમ | વિલાદત : જનાબે ઉમ્મે કુલસૂમ (અ.) બાવા સાહેબ (મદ્દે.)ના જન્મની ઉજવણી |
| 24 | ૨૨ | શુક્ર | વિલાદત : પીર સૈયદ ઈસ્માઈલ સાની (રહે.) |
| 25 | ૨૩ | શનિ | વીંછુડો બેસે : રાત્રે ૧૦–૨૬ |
| 26 | ૨૪ | રવિ | પ્રજાસત્તાક દિન * વીંછુડો |
| 27 | ૨૫ | સોમ | વીંછુડો ઉતરે : રાત્રે ૧૨–૫૭ |
| ફેબ્રુ.11 | રબી.આ.૧૦ | મંગળ | વિલાદત : હઝરત ઈમામ હસન અસ્કરી (અ.) |
| 14 | ૧૩ | શુક્ર | વિલાદત : પીર સૈયદ મશાયખ બાવા (રહે.) |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) અલ્લાહે કયા નબીને પોતાની પત્નીને લીલી વનસ્પતિની ડાળખી મારવાનું કહ્યું હતું ?

(૨) અલ્લાહ તઆલાએ બની ઈસરાઈલના લોકોને કયા વારે માછલીનો શિકાર કરવાનો હુકમ કર્યો હતો ?

(૩) કુરઆને મજીદમાં મોતી અને મૂંગાની તફસીરમાં કયા બે ઈમામને ગણવામાં આવ્યા છે ?

(૪) 'અમ્મે વલદ' એટલે શું ?

(૫) 'તલાકે રજઈ' તલાકનો કયો તબકકો છે ?

(૬) 'ઈન્તેખાબ' શબ્દનો અર્થ શું થાય છે ?

(૭) રસૂલલ્લાહ (સ.)એ અહલેબૈત (અ.)માંથી કેટલી હસ્તીઓને 'રાસેખૂન ફીલ ઈલ્મ' કહ્યા છે ?

(૮) જિસ્માની અને રૂહાની બીમારીની દવા શામાં છે ?

(૯) "અલ્લાહની યાદથી જ દિલને શાંતિ પ્રાપ્ત થાય છે" આ આયત કયા સૂરાની છે ?

(૧૦) જેણે પોતાની દીકરી શરાબીને આપી તેણે ...................... કરી.

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Obesity** (સ્થૂળતા/તગડાપણું)

  You simply cannot remain obese unless you are proud of your imposing looks.

  જો તમે તમારા પ્રભાવશાળી દેખાવથી ગર્વ ન અનુભવતા હો તો તમે સ્થૂળ રહી જ ન શકો.

- **Heart-Attack** (હાર્ટ એટેક / હ્દયરોગનો હુમલો)

  A momentary breather taken by an overworked heart of a person who is determined to live.

  એવી વ્યક્તિ કે જે જીવવા માટે દ્રઢ નિશ્ચયી હોય તેના જરૂર કરતાં વધારે કામ કરતા હ્દયે લીધેલો ક્ષણિક વિસામો (તેનું નામ હાર્ટ એટેક).

- **The World** (દુનિયા)

  The world is like a fountain. What's in the pipe or in the drain is always unseen and much more than what's in the air, but what's in the air dazzles the most.

  દુનિયા એક ઝરણા સમાન છે, જે કંઈ પાઈપમાં અથવા ગટરમાં હોય છે તે હંમેશાં અદ્રશ્યમાન હોય છે અને જે કંઈ હવામાં હોય તેના કરતાં વધારે હોય છે, પરંતુ જે હવામાં હોય છે તેનો છંટકાવ તો સૌથી વધારે પ્રમાણમાં થાય છે.

- **Religion** (ધર્મ)

  Philosophy is for the intellectual, simple thoughts are for the simple-minded, politics is for the powerful, survival instinct is for the weak. What unites the intellectual, the simple-minded, the powerful and the weak, is religion.

  ફિલસૂફી બુધ્ધિજીવીઓ માટે હોય છે, સીધા સાદા વિચારો ભોળા માણસો માટે હોય છે, રાજકારણ શક્તિશાળી લાકો માટે હોય છે, જીવવાની ઈચ્છા કમજોર માણસો માટે હોય છે. બુધ્ધિજીવીઓ, ભોળા લોકો, શક્તિશાળીઓ, કમજોર માણસો આ બધાયને એક સાથે જો કોઈ જોડતું હોય તો તે ધર્મ છે.

- **Bravery** (બહાદુરી/વીરતા)

  When the heartless become brave, they oppress. When the oppressed become brave, they survive. Bravery, as such, is a virtue often misused by insensitive people. For the society to be safe, bravery should be encouraged, insensitivity should be discouraged.

  જ્યારે જાલિમ લોકો બહાદુર બની જતા હોય છે તો જુલમ કરે છે. જ્યારે મઝલૂમ લોકો બહાદુર બની જતા હોય છે તો તેઓ બચી જતા હોય છે. બહાદુરી એક એવો ગુણ છે કે જેનો લાગણીશૂન્ય લોકો દુરૂપયોગ કરે છે. જો સમાજને સલામત રાખવો હોય તો બહાદુરીને ઉત્તેજન આપવું જોઈએ અને લાગણીશૂન્યતાને નિરૂત્સાહ કરી દેવી જોઈએ.

- **How not to be controversial** (કેવી રીતે વિવાદાસ્પદ ન બનવું)

  If people are doing wrong, avoid shouting in front of them. Shout at them from inside their own heart. That is, become the voice of their own conscience.

  જો લોકો ખોટું કરી રહ્યા હોય તો તેમની સામે બૂમો પાડવાનું ટાળો. તેમના પોતાના દિલની અંદર રહીને તેમના તરફ બરાડા પાડો. એટલે કે તેમના પોતાના આત્માનો અવાજ બની જાઓ.

- **Fame** (ખ્યાતિ)

  Creating controversies is the shortest way to fame. Real greatness lies in bringing about reforms without creating controversies. Therein lies lasting fame.

  વિવાદો ઊભા કરવા તે ખ્યાતિ મેળવવાનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે. સાચી મહાનતા તો વિવાદો ઊભા કર્યા વગર સુધારાઓ કરવામાં રહેલી છે. એમાં જ કાયમી ખ્યાતિ રહેલી છે.

- **Perseverence** (અડગતા)

  Do you want to do something in life? Life itself will make you do something really good. On your part, do only one thing. Please don't run away at the time of adversity. Just stay put.

  શું તમારે જીવનમાં કંઈક કરવાની ઈચ્છા છે ? જીવન પોતે જ તમારી પાસે ખરેખર કંઈક સારું કરાવશે. તમારા પક્ષે તો માત્ર એક જ બાબત કરો. મહેરબાની કરીને મુસીબતના સમયે નાસી ના જતા. માત્ર અડીખમ રહો.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# મીર અનીસના મરસિયા

**મરસિયા—૨**

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ

ماموں پہ یہ آفت ہے اور ان کو نہیں کچھ دھیان — اب صدقے نہ ہوئیں گے تو کب ہوئیں گے قربان
بن باپ کے بچّے تو سدھارے سوئے میدان — ہشیار ہیں عاقل ہیں کچھ ایسے نہیں نادان
شب تک تو وہ مرنے کی قسم کھاتے تھے مجھ سے
ہاں دودھ انہیں باتوں پہ بخشاتے تھے مجھ سے؟

**મામૂપેયેઆફત હૈ ઔર ઉનકો નહીં કુછ ધ્યાન — અબ સદકે ન હોવેંગે તો કબ હોવેંગે કુરબા,**
**બિન બાપકે બચ્ચે તો સિધારે સૂએ મયદાન — હોંશિયાર હૈ, આકિલ હૈ, કુછ ઐસે નહીં નાદાન**
**શબ તક તો વો મરનેકી કસમ ખાતે થે મુઝસે,**
**હાં, દૂધ ઈન્હીં બાતોંપે બક્ષાતે થે મુઝસે.**

(બીબી ઝૈનબ (અ.) કહેવા લાગ્યાં, કે તેમના મામા ઉપર તો આફત તૂટી પડી છે અને તે બન્ને જણાને તો તેનું કંઈ ભાન જ નથી. હવે સદકે થશે તો કુરબાન ક્યારે થશે ? બાપ વગરનાં બાળકો તો મેદાનમાં ક્યારનાંય વિદાય થઈ ગયાં. જ્યારે આ બન્ને તો હોંશિયાર છે, બુધ્ધિશાળી છે અને કંઈ એટલા બધા નાદાન પણ નથી. રાતે તો મારી આગળ મરી જવાની કસમ ખાતા હતા. હા, આ બાબતે તો મારી આગળ દૂધ બક્ષાવવાની વાતો કરતા હતા.)

وہ کیا تھا جو دونوں یہ کیا کرتے تھے تقریر — ہو جائیں گے ہم پہلے نثارِ سرِ شبیرؑ
اب کیا ہے جو مر جانے میں کرتے ہیں وہ تاخیر — شرمندہ ہوئی بھائی سے ہے ہے مری تقدیر
وہ جانے نہ دیتے تھے اگر فوج ستم پر
کیوں گر نہ پڑے دوڑ کے ماموں کے قدم پر

**વો કયા થા જો દોનોં યે કિયા કરતે થે તકરીર — હો જાએંગે હમ પહેલે નિસારે સરે શબ્બીર**
**અબ કયા હૈ જો મર જાનેમેં કરતે હૈ વો તાખીર — શરમિંદા હુઈ ભાઈસે હય હય મેરી તકદીર**

**વો જાને ન દેતે થે અગર ફૌજે સિતમ પર**

**ક્યૂં ગિર ન પડે દૌડકે મામૂ કે કદમ પર**

(બીબી ઝૈનબ (અ.) કહેતાં હતાં કે આ બન્ને જાણા કેવી તકરીર કર્યા કરતા હતા કે અમે તો મામા શબ્બીરના સર ઉપર પહેલાં જ કુરબાન થઈ જઈશું. હવે એવું શું થઈ ગયું કે મરવા જવામાં તેઓ વિલંબ કરે છે ? હાય, હાય, મારી આ તકદીર ફૂટી ગઈ કે હું મારા ભાઈથી શરમિન્દા થઈ ગઈ. જો તેમના મામા તેમને સિતમગરોની ફોજ સામે લડવા જવા દેતા ન હતા તો તેઓ તેમના મામાના કદમો પર કેમ ન પડી ગયા ?)

اچھا کیا جو کچھ کیا مرنے کو نہ جائیں　　پر کوئی یہ کہہ آئے کہ اب گھر میں نہ آئیں

کیا کام ہے مجھ سے، مجھے صورت نہ دکھائیں　　مادر کی ملاقات سے بس ہاتھ اٹھائیں

پھر جائیں وطن چھوڑ کے مجھ خستہ جگر کو

ماں مرگئی آباد کریں باپ کے گھر کو

**અચ્છા કિયા જો કુછ કિયા, મરનેકો ન જાએં　　પર કોઈ યે કેહ આએ કે અબ ઘરમેં ન આએં**

**ક્યા કામ હૈ મુઝસે, મુઝે સૂરત ન દિખાએં　　માદરકી મુલાકાતસે બસ હાથ ઉઠાએં**

**ફિર જાએં વતન, છોડકે મુઝ ખસ્તા જિગરકો**

**માઁ મર ગઈ, આબાદ કરે બાપકે ઘરકો**

(બીબી ઝૈનબ (અ.) કહેતાં હતાં કે તેમણે જે કર્યું તે સારું કર્યું કે તેઓ મરવા માટે ન જાય પરંતુ કોઈ એમની પાસે જઈને કહો કે હવે તમે બન્ને ઘરમાં ન આવતા. મારે હવે તેમનું શું કામ છે ? મને ચહેરો ન દેખાડતા. પોતાની માતાની મુલાકાત કરવાનું હવે છોડી દે. મારા જેવી દુ:ખી દિલવાળીને છોડીને વતનમાં પાછા ફરી જાય. તેમની માઁ તો મરી ગઈ હવે જઈને તેમના બાપના ઘરને આબાદ કરે.)

یہ کہتی تھیں جو شور ہُوا فوج میں اک بار　　ٹکڑے ہوئے تلواروں سے مسلم کے بھی دلدار

پھر جا کے خبر لائی یہ فِضہؑ جگر افگار　　روتے ہیں بھتیجوں کے لیے سیّدِ ابرار

سب خوردو کلاں فوج کے نرغے میں گھرے ہیں

زینبؑ کے پسر ماموں کے قدموں پہ گرے ہیں

**યે કહેતી થી જો શોર હુવા ફોજમેં ઈકબાર　　ટુકળે હુએ તલવારોંસે મુસ્લિમકે ભી દિલદાર**

**ફિરજાકેખબરલાઈયેફિઝ્ઝાજિગરઅફગાર　　રોતે હૈ ભતીજોં કે લિયે સૈયદે અબરાર**

**સબ ખુર્દો કલાં ફોજકે નર્ગેમેં ઘિરે હૈ**

**ઝૈનબકે પિસર મામૂંકે કદમોં પે ગિરે હૈ.**

(બીબી ઝૈનબ (અ.) આવું કહેતાં હતાં એટલામાં તો ફોજમાં એક શોર બુંલંદ થયો કે મુસ્લિમ બિન અકીલના દિલદાર ફરઝંદો તલવારોથી ટુકડે ટુકડા થઈ ગયા. પછી દુ:ખી દિલવાળી ફિઝ્ઝા જઈને ખબર લાવી કે સૈયદે અબરાર હુસૈન

(અ.) પોતાના ભત્રીજાઓની શહાદત ઉપર રડી રહ્યા છે. બધા નાના મોટા યઝીદી ફોજના ઘેરામાં ઘેરાઈ ગયા છે. જ્યારે ઝૈનબ (અ.)ના ફરઝંદો પોતાના મામા હુસૈન (અ.)ના કદમો ઉપર પડી ગયા છે.)

فرماتے ہیں شبیرؑ کہ خیمے میں تو جاؤ　　قدموں سے اُٹھو سر مری چھاتی سے لگاؤ

یہ داغ بھی سہہ لیں گے تم آنسو نہ بہاؤ　　منظور جدائی ہے تو مادر سے مل آؤ

وہ کہتے ہیں منہ ان کو دکھانے کے نہیں ہم

اماں ہیں خفا خیمے میں جانے کے نہیں ہم

**ફરમાતે હૈ શબ્બીર કે ખૈમેમેં તો જાઓ　　કદમોંસે ઊઠો, સર મેરી છાતીસે લગાઓ**

**યે દાગ ભી સેહ લેંગે, તુમ આંસૂ ન બહાઓ　　મંઝૂર જુદાઈ હૈ તો માદરસે મિલ આઓ**

**વો કહેતે હૈ મુહ ઉનકો દિખાને કે નહીં હમ**

**અમ્મા હૈ ખફા, ખૈમેમેં, જાને કે નહીં હમ**

(શબ્બીર પોતાના બન્ને ભાણીયા, ઔનો મોહંમદને કહેતા હતા કે તમે બન્ને જણ ખૈમામાં જાઓ. મારા પગ પરથી ઊભા થાઓ અને તમારાં માથાં મારી છાતી સાથે લગાવો. તમારા આ દાગ પણ સહન કરી લઈશું પરંતુ તમે આંસુ ન વહાવો. જો તમને મારી જુદાઈ મંજૂર હોય તો તમારી માને મળી આવો. તે બન્ને જણ કહેવા લાગ્યા કે અમે તો તેમને અમારું મોઢું બતાવવાના જ નથી. કેમકે અમારી અમ્મા ખૂબ ગુસ્સામાં છે અમે ખૈમામાં જવાના જ નથી.)


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૪ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

ઉમરા ઝિયારત પ્રોગ્રામ

૧૦–૫–૨૦૧૪ : ૪૦ દિવસ

::::: આયોજક:::::

**હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**

મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦ / ૯૫૭૪૭ ૬૮૪૨૯

ઓફિસ : ૦૨૭૬૧ ૨૨૩૦૬૩

**હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)**

મો. ૯૫૭૪૯ ૯૯૭૩૫ / ૯૯૦૯૬ ૭૬૯૫૩



**એહસાનઅલી એચ. બધરા**
(હૈદરપુરા)
મો. ૯૫૩૭૬૭૨૧૭૨
મો.૯૫૩૭૬૬૭૪૧૪
ઓ. ૦૨૭૬૬ ૨૩૪૭૮૬

કમ્પ્યૂટર તેમજ લેપટોપનું રિપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

**આશિષ ઇન્ફોટેક**

**કમ્પલિટ કોમ્પ્યૂટર સોલ્યુશન**

* કોમ્પ્યૂટર સેલ્સ એન્ડ સર્વિસ
* નેટવર્કીંગ, પેરીફેરલ્સ * લેપટોપ રીપેરીંગ
* એન્યુઅલ મેઈનટેનન્સ * સીસીટીવી કેમેરા
* સોફ્ટવેર

દુ.નં.૪, સંતોકબા હોલની બાજુમાં, રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

# ખુત્બો : લોકોમાં સુલેહ કરાવવી

૧૦

પ્રસ્તુતકર્તા : મોલ્વી અબ્બાસઅલી રહીમભાઈ આસુંદ (કેસીમ્પા)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيۡنَ

લોકોમાં સુલેહ કરાવવી એટલે કે અણબનાવ કે ઝઘડા પછી બે માણસો અથવા બે જૂથો જુદા પડી ગયા હોય તેમની વચ્ચે પાછી એકતા કરાવવી. દરેક મુસલમાન ઉપર ફરજ છે કે આવા બે જૂથોમાં સુલેહ કરાવે. આના અનુસંધાનમાં અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારો-૨૬, સૂરા હોજોરાત, સૂરા-૪૯, આયત-૧૦૦

اِنَّمَا الۡمُؤۡمِنُوۡنَ اِخۡوَةٌ فَاَصۡلِحُوۡا بَيۡنَ اَخَوَيۡكُمۡ ‌وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ ۝١٠

*(ખરેખર બધા મોમિનો ભાઈચારામાં છે, માટે તમારા બે ભાઈઓ વચ્ચે સુલેહ કરાવો અને અલ્લાહનો તકવો કરો કે કદાચ તમારા ઉપર રહેમ કરવામાં આવે.)*

તો આ આયતથી આપણે જાણ્યું કે લોકો વચ્ચે સુલેહ કરાવવી એક ઈબાદત છે કે જેથી અલ્લાહ આપણા ઉપર રહેમ કરે, પછી ભલે તે આપણા સગા ભાઈ હોય કે કોઈ મોમિન ભાઈ હોય.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે તમારા માટે માફી આપવી જરૂરી છે. તે તમારી ઈજ્જતમાં વધારો થવાનું કારણ છે, માટે એકબીજાને માફી આપો.

આ વાત પણ અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં આવી રીતે સમજાવે છે :

(પારો-૨૫, સૂરા શૂરા, સૂરા-૪૨, આયત-૪૦)

وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثۡلُهَا ۚ فَمَنۡ عَفَا وَاَصۡلَحَ فَاَجۡرُهٗ عَلَى اللّٰهِ ؕ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيۡنَ ۝٤٠

*(અને બૂરાઈનો બદલો તેના જેટલી જ બૂરાઈ છે, પરંતુ જેણે માફી આપી અને સુલેહ કરી તો તેનો બદલો અલ્લાહ ઉપર છે. ખરેખર તે (અલ્લાહ) જાલિમોની સાથે મોહબ્બત નથી કરતો.)*

રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે, *"કયામતના દિવસે એક અવાજ આવશે કે ખુદા ઉપર કોઈનો બદલો હોય તે ઊભો થાય. તો તે વખતે એક જમાઅત આવશે. તેમને પૂછવામાં આવશે કે તમારો શું અજ્ર (બદલો) છે ? તો તેઓ જવાબ આપશે કે અમોએ દુનિયામાં એ લોકોને માફી આપી હતી કે જેમણે અમારા ઉપર જુલ્મ કર્યો હતો, તો તે વખતે હુકમ થશે કે તેઓને જન્નતમાં દાખલ કરો."*

અમીરુલ મોમિનીન (અ.)એ પોતાની વફાતના સમયે પોતાના સંતાનોને આ મુજબ વસિયત ફરમાવી હતી, "અય મારા સંતાનો ! હું તમને તાકીદ કરું છુ કે પરહેઝગારીને તમારી પ્રણાલિકા બનાવો, તમારી

(આંતરિક) બાબતોને સંગઠિત રાખો અને તમારી વચ્ચે હંમેશાં સુલેહ અને સુમેળ જાળવી રાખજો કેમકે મેં તમારા માનવંતા નાનાજાન હઝરત રસૂલે ખુદા (સ.) પાસેથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું છે, "બે વ્યક્તિઓ વચ્ચે સુલેહ કરાવવી ખુદાની દ્રષ્ટિએ એક વર્ષની નમાઝ અને રોઝા કરતાં શ્રેષ્ઠ છે."

મૌલા અલી (અ.) પણ સમજાવે છે કે બે જૂથોમાં સુલેહ કરાવવી એ પણ સદકો જ છે. આપે ફરમાવ્યું,

''બે જૂથો દરમિયાન સુલેહ કરાવવી તે સર્વશ્રેષ્ઠ સદકો છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે અલ્લાહ જે સદકાને પસંદ કરે છે તે એ છે કે લડતા લોકોને સુલેહ માટે તૈયાર કરો અને રિસાયેલા દિલોને એકબીજાથી મનાવી લો, તેમજ આપે ફરમાવ્યું કે દીનારોનો સદકો આપવા કરતાં બે વ્યક્તિઓ વચ્ચે સુલેહ કરાવવી મને વધારે પસંદ છે અને આપે મુફઝ્ઝલને ફરમાવ્યું કે બે મોમિનો વચ્ચે સુલેહ કરાવવા માટે જેટલો પણ માલ ખર્ચ થાય તે મારા માલમાંથી ખર્ચ કરો. જે વ્યક્તિ બે જણાની સુલેહ કરાવે તેને જૂઠો કહેવામાં નહીં આવે એટલે કે સુલેહ કરવા માટે અગર જુઠ્ઠું બોલવું પડે તો તે માટે તે ગુનેગાર થશે નહીં.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

(પારો-૨૫, સૂરા હોજોરાત, સૂરા-૪૯, આયત-૯)

وَاِنْ طَآئِفَتٰنِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا بَيْنَهُمَا ۚ فَاِنْۢ بَغَتْ اِحْدٰىهُمَا عَلَى الْاُخْرٰى فَقَاتِلُوا الَّتِيْ تَبْغِيْ حَتّٰى تَفِيْٓءَ اِلٰٓى اَمْرِ اللّٰهِ ۚ فَاِنْ فَآءَتْ فَاَصْلِحُوْا بَيْنَهُمَا بِالْعَدْلِ وَاَقْسِطُوْا ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ۝

*(અને મોમિનોના બે જૂથ ઝઘડો કરે તો બન્ને વચ્ચે સુલેહ કરાવો, પરંતુ જો તેમાંથી એકબીજાની હદોનું ઉલ્લંઘન કરે તો જે જૂથ હદોનું ઉલ્લંઘન કરી રહ્યું છે તે જૂથ સામે લડાઈ કરો એટલે સુધી કે તે અલ્લાહના હુકમનું પાલન કરતો ન થઈ જાય, પછી જો તે પાલન કરે તો બન્નેમાં ઈન્સાફ વડે સુલેહ કરાવો અને ન્યાય કરો. ખરેખર અલ્લાહ ન્યાય કરનારાઓની સાથે મોહબ્બત કરે છે.)*

આ દુનિયામાં આવાં કાર્યો કરવાં આપણને અઘરાં લાગે છે, પણ જે અલ્લાહનો હુકમ છે તે એ વખતના સમયમાં પણ હતો અને આજના સમયમાં પણ લાગુ પડે છે, આજના જમાનામાં સૌ કોઈને પોતાની ફિકર છે. કોઈ કોઈના મામલામાં પડવા નથી માગતું કે આપણે શું જોવાનું ? તેમનું જે થવું હોય તે થાય. એ બન્નેના ઝઘડામાં આપણે શું કામ ફસાઈએ ? પણ આવા વિચારોથી દૂર રહેવું જોઈએ કારણ કે લોકોમાં સુલેહ કરાવવી એ તો રસૂલની સુન્નત છે. આપણા ઈમામો અને પીરોએ આપણને એ રસ્તે દોરેલા છે કે આપસમાં ભાઈચારો રાખો અને લોકોની અંદરના કુસંપને પણ દૂર કરો.

યાદ રાખો કે રસૂલ (સ.)એ આપણને સમજાવ્યું છે કે, "જો કોઈ મુસલમાનોના મામલામાં રસ નથી લેતો તે મુસલમાન નથી."

સુલેહ કરતાં પહેલા એ વાતનું ધ્યાન ન રાખો કે પહેલાં શું બન્યું હતું. આગળના સંજોગો ભૂલી જાઓ.

તેના માટે સબ્રનો પણ સાથ લેવો પડે તો લઈ લો. એક માણસે ઈમામ રઝા (અ.) પાસે પોતાના ભાઈની ફરિયાદ કરી ત્યારે આપે ફરમાવ્યું, "તમારા ભાઈને તેના ગુના માટે લાચાર સમજો અને તેના એબને ઢાંકો. નાદાન માણસના આક્ષેપો અને જમાનાના સંજોગો પર સબ્ર કરો, તમારી બુઝુર્ગીને લક્ષમાં લઈને તેને જવાબ ન આપો અને જુલ્મ કરનારનો મામલો તેના હિસાબ કરનારને એટલે કે ખુદાને સોપી દો."

આપણી આગળ કોઈ સુલેહ માટે હાથ લંબાવે તો તેની વાત માની લેવી જોઈએ કારણ કે હઝરત અલી (અ.) ફરમાવે છે, "મલઊન છે, મલઊન છે એ માણસ કે જેની તરફ તેનો ભાઈ સુલેહ માટે હાથ લંબાવે અને તેને તે તરછોડી દે."

અંતમાં દુઆ માગીએ :

- અય અલ્લાહ ! મોહંમદ વ આલે મોહંમદના સદકામાં અમારામાં જે કોઈ ઝઘડેલા કે રિસાયેલા હોય તો તેમની વચ્ચે સુલેહ કરાવજે.
- બારે ઈલાહા ! બીજાઓની વચ્ચે સુલેહ કરાવવામાં અમને શકિત મદદ કરજે અને તેવું કરવાની શકિત આપજે.
- અય મા'બૂદ ! સુલેહ કરાવવામાં જે તારા તરફથી બદલો છે, તેનાથી અમને વંચિત ન રાખજે.

**સલવાત**


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪, મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

**ગુલામને આઝાદ કરવાની, સદકે કરવાની અને હજના માટે વસિયત :**

હસન બિન મહેબૂબે અબી જમીલાથી, તેમણે હમરાનથી તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે એક માણસે પોતાના મોત વખતે વસિયત કરી કે મેં ફલાણા ફલાણા પાંચ જણનાં નામ લઈને કહ્યું કે મેં આ બધાયને આઝાદ કર્યા, પરંતુ તેની એક તૃત્યાંશ વસિયતની રકમ તે પાંચ ગુલામોની કે જેમનાં તેણે નામ લીધાં હતાં તેમની કિંમત બરાબર નથી. આપ (અ.)એ ફરમાવ્યું કે એ ગુલામોને જોવામાં આવશે કે જેમનાં નામ લીધાં હતાં અને તેમની કિંમત લખવવામાં આવશે અને તેના એક તૃત્યાંશ માલને સામે મૂકવામાં આવશે. પછી પહેલાને આઝાદ કરવામાં આવશે, પછી બીજાને, પછી ત્રીજાને, પછી ચોથાને, પછી પાંચમાને અને તેમાં જે ગુલામ સુધી પહોંચીને તેના એક તૃત્યાંશ માલની હદ ખતમ થઈ જશે તેના પછી બીજાનું જે નામ લીધું હતું તેણે પોતાના એ તૃત્યાંશને ખતમ કર્યો કે જે તેની મિલકતમાં નથી એટલા તેના માટે જાઈઝ નહોતું. (૫૪૯૩)

અલાઅ બિન રઝીને મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. એમનું બયાન છે કે એક વખત મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે એક માણસના મોતનો સમય જ્યારે નજીક આવ્યો આવ્યો તેણે પોતાના ગુલામને આઝાદ કરી દીધો અને કંઈક માટે વસિયત કરી દીધી કે જે બધું મળીને એક તૃત્યાંશથી વધારે છે. આપ (અ.)એ ફરમાવ્યું કે ગુલામની આઝાદી તો અમલમાં લાવવામાં આવશે અને બાકીનામાં કમી કરવામાં આવશે. (૫૪૯૪)

અહમદ બિન મોહંમદ બિન ઈસાએ અબી હુમામ ઈસ્માઈલ બિન હુમામથી, તેમણે હઝરત ઈમામ અબુલ હસન (અ.)થી રિવાયત કરી છે, એવા માણસની બાબતમાં કે જેણે પોતાના મોત વખતે પોતાના નિકટના લોકોના માટે અમુક માલની વસિયત કરી અને એક ગુલામને આઝાદ કરી દીધો તો જે વસ્તુઓ માટે તેણે વસિયત કરી છે તેના માટે એક તૃત્યાંશથી વધારે થાય છે. હવે તેની વસિયતની બાબતમાં શું કરવું? આપ (અ.)એ ફરમાવ્યું, વસિયત ગુલામની આઝાદીથી શરૂ થાય છે પછી બીજી વસિયતો લાગી થશે. (૫૪૯૫)

નઝર બિન શોએલ ખાલિદ બિન માદથી તેમણે જઝીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.) થી રિવાયત કરી છે કે એક માણસની વફાત થઈ હતી. તે એક કનીઝ મૂકી ગયો અને તેણે તેને એક તૃત્યાંશ આઝાદ કરી દીધી તો તેના વસીએ તેની સાથે નિકાહ કરી દીધા, મીરાસની વહેંચણીના પહેલાં આપ (અ.)એ ફરમાવ્યું કે તે કનીઝ અને તેનો શોહર બન્ને મળીને બાકીની કિંમતની અદાયગી માટે કોશિશ કરે. કિંમત નકકી થઈ ગયા પછી હવે સ્ત્રીને અગર આઝાદી મળે છે અને અગર ગુલામીથી સામનો કરે છે તો બન્ને પરિસ્થિતિઓમાં એ જ હુકમ તેના બાળક ઉપર પણ લાગુ પડશે. (૫૪૯૬)

અહમદ બિન મોહંમદ બિન અબી નસ્ર બઝનતીએ અહમદ બિન ઝિયાદથી રિવાયત કરી

છે. એમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ અબુલ હસન (અ.)ને પૂછ્યું કે એક માણસની વફાતનો સમય નજીક આવ્યો. તેના કેટલાક ગુલામ હતા કે જે ખાસ તેના પોતાના છે અને કેટલાક ગુલામ અન્ય છે કે જે તર્કામાં મળ્યા છે અને બીજાની ભાગીદારી શિર્કતમાં છે તો તેણે પોતાની વસિયતમાં કહ્યું કે મારા બધા ગુલામ આઝાદ છે સિવાય એ ગુલામોના કે જે શિર્કતના છે. તો આંજનાબ (અ.)એ મસઅલાના જવાબમાં લખાણ લખ્યું કે પહેલાં તો એ ગુલામોની કિંમત લગાવવામાં આવશે અને જોવામાં આવશે કે તેના માલના એક તૃત્યાંશની હદમાં આવે છે કે નહીં ત્યાર પછી તે ગુલામો આઝાદ થશે. (૫૪૯૭)

મોહંમદ બિન ઈસ્માઈલ બિન બઝીએ અલી બિન નોઅમાનથી, તેમણે સુવૈદ કલાઅથી તેમણે અય્યુબ બિન હારથી, તેમણે અબૂ બક્ર હઝરમીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. તેનું બયાન છે કે મેં આંજનાબ (અ.)થી અરજ કરી કે અલ્કમા બિન મોહંમદે મને વસિયત કરી છે કે હું તેમના તરફથી એક બંદો આઝાદ કરું તો મેં તેમના તરફથી એક સ્ત્રીને આઝાદ કરી દીધી શું આ કાફી છે કે હું મારા માલથી તેની તરફથી એક બંદો આઝાદ કરું ? આપ (અ.)એ ફરમાવ્યું, કે મારા ફરઝંદની મા ફાતેમાએ મને વસિયત કરી કે હું તેમના તરફથી એક બંદાને આઝાદ કરું તો મેં તેમના તરફથી એક સ્ત્રીને આઝાદ કરી દીધી હતી. (૫૪૯૮)

મુઆવિયા બિન અમ્મારે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે એક માણસની વફાત થઈ અને મને વસિયત કરી ગયો કે હું તેના તરફથી હજ કરું. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તેણે હજુ સુધી કોઈ હજ નથી કરી તો તેના અસલ માલમાંથી હજ કરવામાં આવશે અને અગર તે હજ કરી ચૂકયો હતો તો તેના ૧/૩ એક તૃત્યાંશ માલમાંથી હજ કરવામાં આવશે. (૫૪૯૯)

અને આપ (અ.)એ એક એવી સ્ત્રીના સંબંધમાં ફરમાવ્યું કે જેણે એવી વસિયત કરી કે તેના અમુક માલમાંથી ગુલામ આઝાદ કરવામાં આવે અને સદકો આપવામાં આવે, પરંતુ તેની રકમ તે બધાયના માટે કાફી નથી. આપ (અ.)એ ફરમાવ્યું, પહેલાં હજ કરો એટલા માટે કે તે ફરજ છે. પછી બાકીમાંથી એક ભાગ સદકામાં અને એક ભાગને આઝાદ કરવામાં વાપરો. (૫૫૦૦)

ઈબ્ને અબી ઉમૈરે અલી બિન અબી હમ્ઝાથી રિવાયત કરી છે કે તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ અબુલ હસન (અ.)ને પૂછ્યું કે એક માણસે ત્રીસ દીનાર આપીને વસિયત કરી કે આના વડે અમારા જેવા વિચારોવાળા ગુલામોમાંથી કોઈ ગુલામને આઝાદ ફરી દેવામાં આવે. તો આવો કોઈ ન મળ્યો. આપ (અ.)એ ફરમાવ્યું, પછી આમ લોકોમાંથી કોઈ ગુલામ ખરીદ કરીને આઝાદ કરી દેવામાં આવે. (૫૫૦૧)

અલી બિન અબી હમ્ઝાએ આંજનાબ (અ.) થી એ પણ રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે આમ લોકોમાંથી કોઈને ખરીદી લેવામાં આવે એ શરતે કે તે નાસબી (એટલે લે મોહંમદ વ આલે મોહંમદ (સ.)નો દુશ્મન) ન હોય. (૫૫૦૨)

અબાન બિન ઉસ્માને મોહંમદ બિન મરવાનથી તેમણે શેખ અર્થાત્ હઝરત ઈમામ મૂસા બિન જાફર (અ.)થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે હઝરત

ઈમામ મોહંમદ બાકિર (અ.)ની વફાત થઈ. આપ (અ.) ૬૦ ગુલામે મમ્લૂક (દાસ ગુલામ) છોડી ગયા જેમાંથી ૧/૩ અલ તૃત્યાંશને આઝાદ કરી દેવાની વસિયત ફરમાવી તો મેં એમાં કુરૂઆ ઉછાળ્યા અને ૧/૩ એક તૃત્યાંશ (ત્રીજા ભાગના)ને આઝાદ કરી દીધા. (૫૫૦૩)

કાસિમ બિન મોહંમદ જોહરીએ અલી બિન અબી હમ્ઝાથી તેમણે અબી બસીરથી રિવાયત કરી છે તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ને પૂછ્યું, એક આઝાદ કરેલી કનીઝની બાબતે કે જેને મારા ભાઈએ આઝાદ કરી હતી, મારા ભાઈએ મરતી વખતે મને એવી વસિયત કરી હતી કે આ કનીઝને પૂરા માલથી ખર્ચ આપજો. આપ (અ.)એ ફરમાવ્યું, હવે જો તે એ લોકોની સાથે રહેતી હોય તો તેને ખર્ચ આપો અને તેમની વસિયત પર અમલ કરો. (૫૫૦૪)


**રક્ષણ ફેબ્રીકેશન ગ્રૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે



કરી આપવામાં આવશે.



**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**


## શબ્દ પરિચય

### તલાક

**તલાક :** (طلاق) તલાક શબ્દ અરબી ભાષાનો છે તેનો અર્થ થાય છે : તલાક, છૂટાછેડા, લગ્નવિચ્છેદ, પતિ-પત્નીનું છૂટા થવું, નિકાહનું બંધન સમાપ્ત થવું. **તલાકે હસન** - ઈસ્લામી શરીઅત પ્રમાણે થતી તલાક, એક એક કરીને મુકર્રર સમય પછી આપવામાં આવતી તલાક. **તલાકે રજઈ** - તલાકનો પહેલો તબકકો – એવી તલાક કે જેના પછી પુરૂષ પત્ની તરફ રુજૂઅ કરી શકે છે. **તલાકે બાઈન** - જુદા કરનારી તલાક કે જેમાં રુજૂઅ કરી શકાતું નથી. આવી તલાક આપવામાં આવી હોય તો તલાક આપેલી સ્ત્રી જ્યારે બીજા પુરુષ સાથે નિકાહ ન કરી લે અને તેની સાથે સહવાસ ન થઈ જાય અને તે પુરુષ તે સ્ત્રી સાથે ફરીથી નિકાહ કરી શકે છે, સ્પષ્ટ તલાક અથવા બીજા તબકકાની તલાક **તલાકે ખુલૂઅ** - કંઈક આપીને સ્ત્રી દ્વારા લેવામાં આવતી તલાક **તલાકે કિનાયા** - કોઈના ઈશારાથી આપેલી તલાક કે જે સ્પષ્ટ શબ્દોમાં ન હોય **તલાકે બિદ્અત** - કાયદા વગરની તલાક, એકી સાથે ત્રણ વખત 'તલાક' શબ્દ ઉચ્ચારીને આપવામાં આવતી તલાક **તલાકે મુગલ્લઝા** - એવી તલાક કે જેમાં પુરુષ તલાકશુદા સ્ત્રી સાથે ફરીથી નિકાહ ન કરી શકે. કેટલાક રૂઢિપ્રયોગો : **તલાક દેના** - પત્નીને છોડી દેવી, મઝહબના કાનૂન પ્રમાણે પત્ની સાથેનો સંબંધ કાપી નાખવો. **તલાક લેના** - પત્નીએ પતિથી આઝાદી પ્રાપ્ત કરવી. **તલાકનામા** - એવો દસ્તાવેજ કે જેમાં તલાકની શરતો લખવામાં આવેલી હોય.

# આપણા ઘરની વાતો

**● મદીનતુલ ઇલ્મ–કિશોરગઢ મુકામે ''હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ'' યોજાયો :**

નામદાર હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.)ની દીની ઉપરાંત દુન્યવી ચિંતનના આધારે મકતબા જાફરીયા નોલેજ એન્ડ રીસર્ચ એકેડમી, સેદ્રાણા સ્કવેરના સહયોગથી શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા મદીનતુલ ઈલ્મ સ્ટડી સેન્ટર, કિશોરગઢ ખાતે **"હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ"**નો કાર્યક્રમ તા.૨૨/૧૨/૨૦૧૩ને રવિવારે ૯:૩૦ થી ૧૨:૩૦ દરમ્યાન સફળ રીતે અલ્લાહના ફઝલો કરમથી પાર પાડવામાં આવ્યો.

આ ચિંતન શિબિરમાં નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.), હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) અને જનાબ સૈયદ અમીરઅબ્બાસ જાફરીની ઉપસ્થિતિમાં સૌ મોમિન ભાઈ બહેનો ઉસ્તાહભેર ઉમટી પડ્યા હતા. આમંત્રિત ડૉકટર્સ, સૌ મહેમાનો અને મોમિન ભાઈ બહેનોએ પોતાની બેઠક મેળવી લીધા પછી નિયત સમય પ્રમાણે કુરઆન શરીફની તિલાવત અને દુરુદ શરીફ બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કુરઆન શરીફની તિલાવત મોલ્વી સાહેબ મંજૂરઅલી ખાણશીયાએ કરી હતી અને દુરુદ શરીફ મોલ્વી સાહેબ અકબરઅલી શેખપુરવાળાએ પઢી હતી. શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાના પ્રમુખ જનાબ ઈસ્માઈલભાઈ ગોદડે જાફરી પરિવારના પુષ્પો, આમંત્રિત મહેમાનો, ડૉકટર્સ, સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને સભ્યો તેમજ સૌ મોમિન ભાઈ બહેનોનું ઉમળકાભેર શબ્દોથી સ્વાગત કર્યું હતું.

અહમદ વિકાસ મંડળના પ્રમુખ જનાબ અબ્બાસભાઈ ડી. મોમિન સાહેબે કાર્યક્રમની રૂપરેખા આપતાં જણાવ્યું કે નામદાર મુશાહિદહુસૈન બાવા સાહેબે ૩૭ વર્ષ સુધી હિદાયત કરી આપણી જમાતને ગૌરવવંતી બનાવી છે અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબે કુરઆન અને હદીસ દ્વારા હિદાયત ફરમાવી છે. તેઓ આપણી રૂહના સાથે તન-મનની સુધારણા માટે ચિંતન કરે છે તે બદલ શુક્રિયાગુજાર કરી જણાવ્યું હતું કે મોહર્રમ માસમાં ૨૫ સેન્ટરો પર કરવામાં આવેલ બ્લડ ડોનેશનમાં સમાજની બહેનોમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું જણાતાં હેલ્થ અવેરનેસ પ્રોગ્રામની પ્રેરણા રૂહાની રહેબરે આપી છે. તેમણે જણાવ્યું કે શિફાની બાબતમાં વિજ્ઞાન ગૂંચવાય છે પણ ઈસ્લામ ધર્મ સ્પષ્ટ છે કે હલાલ રીતે મેળવેલી રોજી શરીર અને રૂહ માટે એક શિફા છે. આ સાથે તેમણે રૂહાની રહેબરના દિવ્ય સંકેતને પ્રોત્સાહક પ્રતિસાદ આપી, વ્યસનમુકત, ખુશહાલ, તંદુરસ્ત અને પ્રસન્ન જમાતની રહેબરને ભેટ આપવાની હાકલ કરી હતી અને જાફરી ઘરાનાનો શુક્રિયા ગુજાર કર્યો હતો.

સૌ પ્રથમ ગાયનેક ડૉકટર જનાબ આબિદઅલી મોમિન સાહેબ (ગણેશપુરા)એ સૈયદા પરવીનફાતેમા મુશાહિદહુસૈન જાફરી સાહેબાની યાદમાં **'એનીમિયા નિવારણ કાર્યક્રમ'**ના ભાગરૂપે એનીમિયા થવાના કારણો, તેને અટકાવવાના ઉપાયો અને આ રોગ ન થાય તેની તકેદારી રાખવા જરૂરી સૂચનો અને ખોરાક અંગે માર્ગદર્શન પૂરું પાડતું મનનીય પ્રવચન આપ્યું હતું. ખાસ કરીને આપણા સમાજની બહેનોમાં HB (હિમોગ્લોબીન)નું પ્રમાણ ઓછુ હોવાની ચિંતા વ્યકત કરી HBનું પ્રમાણ ઊંચું લાવવા બાબતે ત્રણ

તબકકાઓની સુંદર સમજ આપી હતી.

ત્યારબાદ ઈલોલના જનાબ વારિસઅલી એમ. હોલ્ડા સાહેબ, B.D.S. (ડેન્ટલ સર્જન) કે જેઓ હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ ડેન્ટલ હોસ્પિટલ ખાતે સેવા આપે છે તેમણે પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ પ્રેરિત **'વ્યસન નિવારણ કાર્યક્રમ'**ના ઉપક્રમે સમાજમાં જોવા મળતા વ્યસનના પ્રમાણની ચિંતા વ્યકત કરીને ફાયદાકારક વ્યસન અને નુકસાનકારક વ્યસનની સમજ આપીને નમાઝ અને રોઝા જેવાં ફાયદાકારક વ્યસનની આદત કેળવવા અને ધૂમ્રપાન તેમજ તમાકુ સેવન જેવા નુકસાનકારક વ્યસનો છોડી દેવા નમ્ર અપીલ કરી હતી. વ્યસન એટલે શું ? વ્યસન કરવાની ઈચ્છા કેમ થાય છે ? વ્યસનથી થતાં નુકસાન બાબતે ખૂબ જ સારી છણાવટ કરી વ્યસની વ્યકિતને ચોટ લાગે તેવી ધારદાર રજૂઆત કરી હતી. તેમણે સૌને વ્યસનથી થતાં કેન્સર, ગેંગરીન, હ્દયરોગ તેમજ માનસિક અસ્વસ્થતા જેવાં રોગોથી બચવા વ્યસન છોડી કુટુંબ તેમજ સમાજને ઉપયોગી જીવન જીવવા હાકલ કરી હતી.

જાફરી પરિવારના પારિવારિક ઘનિષ્ટ સંબંધો ધરાવતા ફેમીલી ડૉકટર શ્રીમાન ચેતન ઠકકર સાહેબ (M.D. Cardialogist) હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ પ્રેરિત **'બ્લડપ્રેશર, ડાયાબિટીઝ, અને હાર્ટએટેક અગમચેતી અને નિવારણ કાર્યક્રમ'** સંલગ્ને તળપદી અને સરળ ભાષામાં અસરકારક રજૂઆત કરી હતી. સૌ પ્રથમ તેમણે નામદાર મુશાહિદહુસૈન બાવા સાહબને, ગાદીપતિ નામદાર મુજાહિદહુસૈન બાવા સાહેબને અને અમીરઅબ્બાસ બાવા સાહેબને વંદન કરી સૌ મોમિન ભાઈ બહેનોને નમસ્કાર પાઠવી પોતાના વ્યકતવ્યની શરૂઆત કરી હતી. તેમણે બ્લડપ્રેશર, ડાયાબિટીઝ, અને હ્દયરોગ થવાના કારણો અને ઉપાયો વિશે સચોટ ઉદાહરણો અને દાખલા ટાંકીને રમૂજ સાથે આ રોગોથી બચવા અંગૂલી નિર્દેશ કર્યો હતો. ડાયાબિટીઝના પ્રકાર, બ્લડપ્રેશર ઊંચું થવાના કારણો અને ધીમા તેમજ તીવ્ર હાર્ટએટેક બાબતે સમજ આપી કસરત દ્વારા, સમતોલ આહાર, અને પારિવારિક સંબંધો જાળવી તેમજ ઝડપી ચાલથી ચાલવું (જોગિંગ) રમત-ગમત, સ્વીમીંગ દ્વારા, આપણી ક્ષમતાથી કઠીન કામ ઉપાડવાથી દૂર રહી અને મેદસ્વીતાથી બચીને સંયમ અને સમજણ પૂર્વકના આહાર દ્વારા સ્વસ્થ અને આનંદપ્રદ જીવન કેવી રીતે જીવી શકાય તે બાબત પર ભાર મૂકીને નિરોગી સમાજ રચવાનું આહ્વાન કર્યું હતું.

અલ્લાહતઆલાના હમ્દ પછી હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબે હિદાયતના રુપમાં શિબિરમાં થયેલી દરેક બાબતને Thought Provoking ગણાવી હતી. સમય મર્યાદાને પ્રાથમિકતા આપીને મનનીય બોધવચનો ઉચ્ચાર્યા હતા. અલ્લાહે આપણને સ્વાસ્થ્ય આપ્યું હોય તો સ્વાસ્થ્યમાં અલ્લાહને યાદ કરવાનો છે અને બિમારીમાં પણ અલ્લાહને યાદ કરવાનો છે. બીમારીમાં હઝરત રસૂલ (સ.) જે પ્રકારે ઈલાજ કરતા હતા અને તેમના પછી તેમના આલમાંથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.) પછી તેમની ઓલાદમાંથી હઝરત ઈમામ અલી રઝા (અ.) સમયમાંના ઔષધશાસ્ત્રની વાત કરીને એ જ આધારે સિબ્તે નબવી, સિબ્તે સાદિક અને સિબ્તે રઝા નામની કિતાબો જે ઉપલબ્ધ છે તેની જાણ કરી હતી. તેમણે જણાવ્યું કે હઝરત રસૂલ (સ.)ની સુન્નત પર અમલ કરી સવાબ હાંસિલ કરી બીમારીનો ઈલાજ કરાવી નેકી કમાવી અને પોતાની જાતને બીમારીથી સુરક્ષિત રાખવી એ તકવો છે અને પરહેઝગારીની નિશાની છે. આપણે જ્યારે સુન્નતે નબી ઉપર ચાલીશું તો આપણને ઈલાજ કરાવવાનો શોખ પેદા થશે. ઈલાજના માધ્યમથી આપણે શિફા અલ્લાહથી લેવાની છે આપણે કયારેક અલ્લાહને યાદ રાખી ઈલાજ

કરાવીશું તો અલ્લાહ જરૂરથી શિફા આપશે. આપણે સુન્નતે નબી પર ચાલી, ઈલાજનો શોખ પેદા કરી, ડૉક્ટર પાસે જઈ વધારે ખુલ્લા મને વાત કરીએ તો ડૉક્ટરને આપણી બીમારીનું નિદાન કરવામાં સહેલાઈ થશે અને તે સારી રીતે આપણો ઈલાજ કરી શકશે. કેટલાક લોકો ડૉક્ટરથી એટલા પ્રભાવિત હોય કે જાણે એક પીરીમુરીદી હોય તે રીતે ડૉક્ટરના સામે પ્રશ્નો જ ના ઊભા કરે, ખુલ્લા મને વાતચીત ના કરે તો ડૉક્ટરના ફેંસલાઓ - નિદાન ભૂલભર્યા હોઈ શકે છે. આપણી શિફા માટે ડૉક્ટર પોતાની શિફા આપણને નથી આપતો પરંતુ ડૉક્ટર આપણને મદદ કરે છે. શરીરને બીમારીથી બચાવવું એ છે બંદગી અને ઈબાદત. આપણે સિગારેટ છોડીએ, વ્યસન છોડીએ, ખોટી ટેવોથી દૂર રહીએ તો ઈબાદતનો સવાબ પણ મળશે અને આપણે આપણા જીવનને ફૈઝવાળુ બનાવી આખી દુનિયાને ફાયદો પહોંચાડીશું અને અલ્લાહે આપણને જે મકસદથી પેદા કર્યા છે તે મકસદ પણ સાર્થક થશે. ડૉક્ટરોએ ખૂબ જ મહેનત કરી સાયન્ટીફીક વાતો કરી તે બાબતે તે બધાને જઝાકલ્લાહ અને સર્વે મોમિન ભાઈ બહેનોએ સમજદારીપૂર્વક પ્રતિક્રિયાઓ આપી સબરની સાથે વાતો સાંભળી અને દિલમાં ઉતારી તેમને પણ જઝાકલ્લાહ પાઠવી જીવનના મકસદની કામિયાબી સાથે દિલી દુઆ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન 'મોમિન રત્ન' અને જાફરી આવાઝના તંત્રી જનાબ કાસમભાઈ વિજાપુરા અને મંત્રી જનાબ શેરઅલી વિજાપુરાએ કર્યું હતું. કાર્યક્રમમાં હાજર સૌ મહેમાનો અને મોમિન ભાઈ બહેનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

**● કિશોરગઢ ગામમાં નવીન તાઝિયા મુબારકની શરુઆત :**

શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત કિશોરગઢ તરફથી ચાલુ વર્ષે હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ની પરવાનગી લઈને નવીન તાઝિયા મુબારક બનાવેલ છે. તાઝિયા મુબારક નામદાર બાવા સાહેબના આદેશ અનુસાર અને જનાબ સૈયદ ઈરફાનહૈદર જાફરી બાવા સાહેબના સંપૂર્ણ સલાહ અને માર્ગદર્શન હેઠળ હૂબહૂ હઝરત ઈમામ હુસૈન (અ.)ના રોઝા મુબારક જેવા તાઝિયા મુબારક બનાવેલ છે. જે પ્રશંસાને પાત્ર છે. તાઝિયા મુબારક બનાવવા માટે કારીગર તેમજ કલાકૃતિ ક્ષેત્રે નામી તથા અનામી ભાઈઓએ જે સાથસહકાર અને માર્ગદર્શન પૂરું પાડેલ છે તેમનો કિશોરગઢ ગામ જમાઅત હ્દયપૂર્વક આભાર માને છે.

જોગાનુજોગ તા.૧૫–૧૨–૨૦૧૩ થી તા.૨૨–૧૨–૨૦૧૩, માહે સફર–૧૪૩૫ સુધી નામદાર બાવા સાહેબ અને મકતબામાં ટ્રેઈનીંગ લઈ રહેલ મોલ્વી સાહેબો સાથે પધરામણીનો પ્રોગ્રામ હતો જેમાં રાત્રે મજલિસોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેનો આજુબાજુની જમાઅતના ભાઈ–બહેનોએ લ્હાવો માણ્યો હતો. તા.૨૨–૧૨–૧૩ના રોજ પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) પધાર્યા હતા. આ રીતે ગામ જમાઅતને એક અનેરો મોકો મળ્યો હતો.

**● અભિનંદન :**



કિશોરગઢ નિવાસી **મો.મંઝૂરએહમદ ગુલામહુસૈન ખણશિયા**એ સન ૨૦૧૧-૧૨માં લેવાયેલ GPSCની commercial Tax inspectorની પરીક્ષા પાસ કરી હાલમાં અમદાવાદની મુખ્ય શાખામાં વાણીજ્ય વેરા નિરીક્ષક (Commercial Tax) તરીકે નિમણુંક થયા છે. આ પહેલા તેવો પ્રાથમિક શિક્ષક તરીકેની ફરજ બજાવતા હતા.



←જેઠીપુરા નિવાસી **મો.અબ્બાસઅલી હૈદરઅલી ભટ્ટ** GUJARATI STATE ELIGIBILITY TEST FOR LECETURESHIP, SEPTEBER 2013 (GSET) શિક્ષણ (EDUCATION) વિષય સાથે QUALIFIED થયા છે.



જોગેશ્વરી-મુંબઈ **મોમિના મેઅરાજફાતમા મિકદાદહૈદર** સેંકન્ડરી પરીક્ષામાં ૯૧% મેળવી ઉતીર્ણ થયેલ છે. →

જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી તમામને હાર્દિક અભિનંદન.

● **ઇન્નાલિલ્લાહે..:**



શેરપુરા નિવાસી **મર્હૂમા મો.હાજીયાણી મરયમબેન હાજી દાવૂદભાઈ મુસબજી** મુ.તા. ૧૦, મોહર્રમ–૧૪૩૫ (શબે આશૂરા) તા. ૧૫-૧૧-૨૦૧૩ને શુક્રવારના રોજ ૪૦ દિવસ બીમાર રહીને ૭૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતનાં ચાહક હતાં અને નમાઝ અને ઈબાદતગુઝાર હતાં. →



←**મર્હૂમ મો.રસૂલ મીયાંજી કુકવા** ૭, મોહર્રમ–૧૪૩૫, તા.૧૨-૧૧-૨૦૧૩ના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ પાંચ ટાઈમના નમાઝી હતા. તેઓ બુલંદ અવાજે દરરોજ અઝાન આપતા હતા અને તેઓ ઝવ્વારે હુસૈન હતા અને હુસૈન (અ.)ના મોહિબ હતા.



ઈલોલ (તલાવ) નિવાસી **મર્હૂમ મો. મહદીહુસૈન ગુલામભાઈ ભટ્ટા** કે જેઓ **'સાગર કુમાર'**ના ઉપનામથી મશહૂર હતા. તેઓ મુ.તા. ૨૬, મોહર્રમ–૧૪૩૫, તા. ૧-૧૨-૨૦૧૩ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમના પાડોશીઓ સાથેના સદવર્તન અને નવજુવાનો સાથેની મિત્રતા આ બે ગુણો ખૂબ જ વખાણવા લાયક હતા. એક આર્ટિસ્ટ તરીકે તેઓ આપણા સમાજ સિવાય પણ અન્ય સમાજોમાં અને સંસ્થાઓમાં પ્રખ્યાત હતા. નામદાર બાવા સાહેબની ડિસ્ટ્રીકટ વખતે તેમણે નવજુવાનોના સહકારથી ખૂબ જ અદ્‌ભૂત સ્ટેજ 'ઐવાને હૈદરી' બનાવ્યું હતું. મર્હૂમ ઉમરા અને ઝિયારત પ્રવાસથી મુશર્રફ થયા હતા. તેમના અણધાર્યા અવસાનના સમાચારથી ગામના ઘણા બધા લોકોને ઊંડો આઘાત લાગ્યો હતો.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો. ઈસ્માઈલભાઈ ગફૂરભાઈ સુથાર** મુ.તા. ૩૦, ઝિલહજ-૧૪૩૪, તા.૫-૧૧-૨૦૧૩ને મંગળવારના રોજ ૬૪ વર્ષની વયે હૃદયરોગના ભારે હુમલા બાદ અલ્લાહની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, શાંત, મિલનસાર અને નિખાલસ હતા. તેઓ વ્યવસાયે મિકેનીક તેમજ ડ્રાઈવર હતા. વાહન ચલાવવામાં ચીવટ રાખતા હતા. વિઝડમ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ (બાદરપુર)માં સ્કૂલ

બસના ચાલક તરીકે ટૂંકી સેવા બજાવી હતી. નાનાં બાળકો અને સ્ટાફમાં ખૂબ જ પ્રિય બની ઘણી સારી લોકચાહના મેળવી હતી. તેઓ ગામના જમણવારમાં અબ્બાસભાઈ કામદારની સાથે દાલ-કઢી બનાવવામાં મદદરૂપ બનતા હતા.



શેરપુરા નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન અલીમદ અઘારીયા** મુ.તા. ૨૧, ઝિલકાદ–૧૪૩૪, તા. ૨૮-૯-૧૩ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ (અ.) અને પીરાને તરીકતના ચાહક હતા. ⟶



⟵કનાઇ નિવાસી **મર્હૂમા મો.ઝૈનબબેન હબીબભાઈ લોઢા** મુ.તા. ૨૨, મોહર્રમ–૧૪૩૫, તા.૨૭-૧૧-૨૦૧૩ને બુધવારના રોજ ૬૨ વર્ષની વયે સવારે સુબ્હના સમયે 'યા અલ્લાહ' નો ઝિક્ર કરતાં કરતાં અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ નિખાલસ હતા. મોહંમદ વ આલે મોહંમદ તથા પીરાને તરીકતનાં ચાહક હતાં.



⟵પાડગોલ નિવાસી **મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ ગુલામહુસૈન મોમિન** તા.૧૫–૧૨–૨૦૧૩, મુ.તા. ૧૧, સફર–૧૪૩૫ને રવિવારના રોજ ટૂંકી માંદગીબાદ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ભોળા હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદના ચાહક હતા. પાડગોલ તથા આજુબાજુના ગામોમાં બની રહેલ ઈમામવાડા તથા ધાર્મિક કાર્યમાં પૂરેપૂરો સાથ સહકાર અને માર્ગદર્શન આપતા હતા. પાડગોલ ઈમામવાડા–ઈદગાહ તથા ભારત સોસાયટીના કાર્યમાં પૂરી જવાબદારીપૂર્વક કાર્ય કરતા હતા.



કાટવાડ નિવાસી **મર્હૂમા મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ ડોડીયા** મુ.તા. ૨૧, મોહર્રમ–૧૪૩૫, તા.૨૬–૧૧–૨૦૧૩ને બુધવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ ઓછા બોલા અને માયાળુ હતા. ⟶



⟵કાકોશી નિવાસી **મર્હૂમ મો.ગાલિબઅલી મતલૂબઅલી શેલીયા** મુ.તા. ૨૫, સફર–૧૪૩૫, તા.૨૦–૧૨–૨૦૧૩ને રવિવારના રોજ ૧૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ધાર્મિક કામકાજમાં ખૂબ જ રસ દાખવતા હતા. તેઓ સ્વાભાવે નિખાલસ અને પીરો મુરશિદના ચાહક હતા.



જાફરીપુરા નિવાસી **મર્હૂમા મો.ખાતૂનબેન મોહંમદઅલી બાલસાણીયા** મુ.તા. ૨૨, ઝિલ્હજ–૧૪૩૪, તા.૨૮–૧૦–૨૦૧૩ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ સ્વભાવે દયાળુ હતા. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મેઅરાજફાતમા મિકદાદહૈદર મોમિન (જોગેશ્વરી-મુંબઈ) તરફથી સારા ગુણ મેળવીને પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ હાજીયાણી મરયમબેન હાજી દાવૂદ મુસબજી (શેરપુરા)ની રૂહના સવાબ અર્થે. તેમના પરિવાર તરફથી.

રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ રૂસેદઅલી ગુલામઅલી મોમિન (લંડન-વસો) તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે અને ૭૨ શહીદોના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.યમાનઅલી મોહંમદઅલી ભગત તરફથી ૭૨ શહીદોના રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ રસૂલ મીયાંજી કુકવા (હૈદરપુરા)ના સવાબ અર્થે**

રૂા.૧૫૧/- મો.નૂરીબેન રસૂલ મીયાજી કુકવા
રૂા.૧૦૧/- મો.ગુલામઅલી રસૂલ મીયાંજી કુકવા
રૂા.૧૦૧/- મો.ખાદિમહુસૈન રસૂલ મીયાંજી કુકવા
રૂા.૫૧/- મો.કુલસૂમ ગુલામરસૂલ કુકવા
રૂા.૧૦૧/- મો.હાજરાબેન ખાદિમહુસૈન કુકવા
રૂા.૨૫/- મો.હસનઅલી ગુલામઅલી કુકવા
રૂા.૨૫/- મો.આબિદઅલી ગુલામઅલી કુકવા
રૂા.૨૫/- મો.કનીઝ એહમદ જગરાલા
રૂા.૨૫/- મો.રહેમતફાતેમા ગુલામરસૂલ કુકવા
રૂા.૨૫/- મો.ઝહરાબેન ખાદિમહુસૈન કુકવા
રૂા.૨૫/- મો.સકીનાબેન ખાદિમહુસૈન કુકવા
રૂા.૨૫/- મો.મોહંમદઅલી ખાદિમહુસૈન કુકવા
રૂા.૧૦૦/- મો.કુલસૂમ જમાલ કડીવાલ
રૂા.૧૦૦/- મો.ફાતેમા અલ્તાફહૈદર પટાવટ
રૂા.૧૦૦/- મો.ઝહરા ઈમ્દાદઅલી મુખી
રૂા.૫૦/- મો.ઝરીના અબ્બાસ ગુ. સુણસરા
રૂા.૫૦/- મો.મોહંમદસાદિક અલ્તાફહૈદર પટાપટ
રૂા.૨૫/- મો.આબેદા અલ્તાફ પટાપટ
રૂા.૨૫/- મો.સાજેદા અલ્તાફ પટાપટ
રૂા.૨૫/- મો.હસનઅલી ઈમ્દાદઅલી મુખી
રૂા.૨૫/- મો.શાકેરાબેન ઈમ્દાદઅલી મુખી
રૂા.૨૫/- મો.અઝમતફાતેમા અબ્બાસ ગુ. સુણસરા
રૂા.૫૦/- મો.સકીનાબેન જમાલ કડીવાલ
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા ગુલામ કડીવાલ
રૂા.૫૦/- મો.નૂરીબેન ગુલામ જમાલ સુણસરા
રૂા.૫૦/- મો.હુસૈના અબ્બાસલી સુણસરા
રૂા.૫૦/- મો.નજમા મંઝૂર સુણસરા
રૂા.૨૫/- મો.અલીબક્ષ અબ્બાસ સુણસરા
રૂા.૨૫/- મો.નજમાબેન હસનઅલી કુકવા
રૂા.૨૫/- મો.શાકેરાબેન આબિદઅલી કુકવા

રૂા.૧૪૨૯/- યુનિક ઓફસેટ (અમદાવાદ) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

**ભગત પરિવાર (દમણ) તરફથી ભગત પરિવારના મર્હૂમ સગાસંબંધીઓની અરવાહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૨૫/- મો.અલીરઝા ગુલામમોહંમદ ભગત
રૂા.૧૨૫/- મો.જબીનબાનુ અલીરઝા ભગત
રૂા.૧૨૫/- મો.શબીનાબાનુ અલીરઝા ભગત
રૂા.૧૨૫/- મો.મહેરબાનઅલી અલીરઝા ભગત
રૂા.૧૦૦/- મો.મિકદાદઅલી ગુલામહુસૈન ભગત
રૂા.૧૦૦/- મો.ફિઝા મિકદાદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.હબીબાબાનુ ઈમ્તિયાઝઅલી ભગત
રૂા.૧૦૦/- મો.મુખ્તારઅલી ઈમ્તિયાઝઅલી ભગત
રૂા.૧૦૦/- મો. અર્શદહુસૈન ઈમ્તિયાઝઅલી ભગત

રૂા.૧૦૦/- મો.ઈમ્દાદઅલી મિકદાદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.ઈશરતબાનુ ઈમ્દાદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.સાદિકાફાતેમા ઈમ્દાદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.આરેફાફાતેમા ઈમ્દાદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.ફુરાતહુસૈન યમાનઅલી ભગત
રૂા.૧૦૦/- મો.ખાદિમહુસૈન યમાનઅલી ભગત
રૂા.૧૧૦/- મો.સકીનાબેન નૂરમોહંમદ ભગત
રૂા.૫૧/- મો.અઝમતઅલી નૂરમોહંમદ ભગત
રૂા.૫૧/- મો.ફિઝ્ઝાબાનુ અઝમતઅલી ભગત
રૂા.૫૧/- મો.અકબરઅલી અઝમતઅલી ભગત
રૂા.૫૧/- મો.આબિદઅલી અઝમતઅલી ભગત
રૂા.૫૧/- મો.સાજીદઅલી અઝમતઅલી ભગત
રૂા.૫૧/- મો.રહેમતફાતેમા અકબરઅલી ભગત
રૂા.૫૦/- મો.મૈસમઅલી મોહંમદઅલી ભગત
રૂા.૫૦/- મો.અમીનાબેન મૈસમઅલી ભગત
રૂા.૫૦/- મો.હસનઅલી મૈસમઅલી ભગત
રૂા.૫૦/- મો.હબીબાબાનુ હસનઅલી ભગત
રૂા.૫૦/- મો.રાશેદાફાતેમા હસનઅલી ભગત
રૂા.૧૦૦/- મો.આબિદઅલી હાસમભાઈ ભગત
રૂા.૧૦૦/- મો.નજમાબાનુ આબિદઅલી ભગત
રૂા.૫૦/- મો.મંઝૂરફાતેમા આબિદઅલી ભગત
રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝઅલી હાસમભાઈ ભગત
રૂા.૧૦૦/- મો.તસ્લીમાબાનુ ઈમ્તિયાઝઅલી ભગત
રૂા.૧૦૦/- મો.સાદિકઅલી ઈમ્તિયાઝઅલી ભગત
રૂા.૧૧૦/- મો.અમ્મારઅલી હાસમભાઈ ભગત
રૂા.૧૦૫/- મો.જહાંનુમાબાનુ અમ્મારઅલી ભગત
રૂા.૧૦૫/- મો.રહેમતફાતેમા અમ્મારઅલી ભગત
રૂા.૧૦૫/- મો.મેઅરાજફાતેમા અમ્મારઅલી ભગત
રૂા.૧૦૫/- મો.ઝાહિદઅલી અમ્મારઅલી ભગત
રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝઅલી મિકદાદઅલી ભગત
રૂા.૫૦/- મો.નુસરતબાનુ આબિદઅલી નડીઆદ
રૂા.૫૦/- મો.આબિદઅલી ગુલામમોહંમદ નડીઆદ
રૂા.૫૦/- મો.બિલાલહૈદર આબિદઅલી નડીઆદ

રૂા.૨૫૦/- મો.હાજી ગુલામઅબ્બાસ હાજી ગુલામનબી પ્રોફેસર (વસો) તરફથી તેમના મર્હૂમ પિતાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.ગુલામહૈદર મોહંમદઅલી (લંડન) તથા તેમનાં મહોરદાર ઝૈનબ તથા તેમના દીકરા ફુરાતહુસૈન કરબલા મોઅલ્લાની ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રંસગે.

રૂા.૨૧૦/- મો.ગુલામશબ્બીર ફતેહભાઈ તથા તેમનાં મહોરદાર ગુલબાનુ (લંડન) કરબલા મોઅલ્લાની ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રંસગે.

**હાજી ગુલામરસૂલ હાજી ગુલામઅલી મોમિન તરફથી નીચેના મર્હૂમોની રૂહના સવાબ અર્થે મળેલ. ડોનેશન.**

રૂા.૪૪૦/- શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના કુલ્લે મોમિનીન વલ મોમિનાત અરવાહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામઅલી જમાલભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ અબ્દુર્રહેમાન ગુલામનબી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ જમાલભાઈ એહમદજીભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ફતેભાઈ જમાલભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ફતેભાઈ રસૂલભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મોહંમદહુસૈન પીરભાઈ (મુખી)
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મોહંમદશરીફ ગુલામઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ અલ્લારખા ગુલામઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગુલામઅબ્બાસ મોહંમદઅલી
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ગફૂરભાઈ ફતેહભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ સકીનાબેન ફતેહભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ઝૈનબબેન ફતેહભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ ફાતમાબેન ફતેહભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મરયમબેન ફતેહભાઈ
રૂા.૧૦૦/- મો.મર્હૂમ મરયમબેન એહમદજી

રૂા.૧૦૦/- મો.મર્હૂમ હલીમાબેન અલીભાઈ

રૂા.૧૦૦૦/- ડૉ. એચ. એફ. પટાવટ તથા પરિવાર (કાકોશીવાળા-અમદાવાદ) તરફથી કરબલાના શહીદો તથા અસીરાને કરબલાની અરવાહને નજરાણા તરીકે.

રૂા.૧૦૦૦/- મો.અબ્બાસઅલી મીયાંજી રામસડા તથા પરિવાર (કેસીમ્પાવાળા-ગાંધીનગર) તરફથી કરબલાના શહીદો તથા અસીરાને કરબલાની અરવાહને નજરાણા તરીકે.

**મો.ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી (મુખી) (વસો) તરફથી કરબલાના શહીદોની અરવાહના સવાબ અર્થે.**

રૂા.૫૦૦/- મોમિન ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી વસો.

રૂા.૨૫૦/- મોમિન સાબેરાફાતેમા હાજી ગુલામ અબ્બાસ વસો.

રૂા.૧૨૫/- મોમિન અનીસાફાતેમા હાજી ગુલામ અબ્બાસ વસો.

રૂા.૧૨૫/- મોમિન અકીલાઝૈનબ હાજી ગુલામ અબ્બાસ વસો.

રૂા.૧૦૦/- મો.જીવાભાઈ ભાઈજીભાઈ દેવાવાળા (વસો) તરફથી તેમનાં મહોરદાર શેરબાનુના રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો. હબીબભાઈ સુલેમાન નુરભાણેજ (ઈલોલ.ત.) તરફથી તેમના ઘેર પૌત્ર 'ઈકબાલ એહમદ'ના જન્મ ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો. ઈસ્માઈલભાઈ ગફૂરભાઈ સુથાર (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુંટુબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.સુગરાબેન ઈસ્માઈલ ગફૂરભાઈ સુથાર તથા મો. ઈમ્દાદઅલી ઈસ્માઈલભાઈ ગફૂરભાઈ સુથારના પરિવારજનો તરફથી

રૂા.૧૨૦/- મો.ઈબ્રાહીમભાઈ ગફૂરભાઈ સુથારના પરિવારજનો તરફથી.

રૂા.૫૩૦/- મો.ગુલામમોહંમદ ગફૂરભાઈ સુથારના પરિવારજનો તરફથી

રૂા.૫૦૦/- મો.મિકદાદઅલી ગફૂરભાઈ સુથાર પરિવારજનો તરફથી

રૂા.૫૦૦/- મો.યૂસુફઅલી ગફૂરભાઈ સુથારના પરિવારજનો તરફથી

રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ભગત તથા મો. મરયમબેન ઈસ્માઈલભાઈ ભગત (બાદરપુર)ના પરિવારજનો

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ સુથાર તથા મો. ફાતમાબેન શબ્બીરઅલી સુથાર (કેસીમ્પા)ના પરિવારજનો તરફથી.

રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝઅલીખાન એહમદખાનજી તુંવર (ડભાડ)ના પરિવારજનો તરફથી

રૂા.૧૨૧/- મો.ગુલામમોહંમદ ગફૂરભાઈ સુથાર (બાદરપુર)તરફથી પીર સૈયદ ઝહીરહુસૈન બાવા સાહેબ (રહે.અ.)ની રૂહને નજરાણા અર્થે.

રૂા.૧૨૧/- મો.શીરીનબેન ગુલામમોહંમદ સુથાર (બાદરપુર) તરફથી સૈયદા ઈતરાતફાતમા અમ્માજી સાહેબા તથા સૈયદા પરવીનફાતેમા અમ્માજી સાહેબાની રૂહને નજરાણા અર્થે.

રૂા.૫૩૦/- મો.મર્હૂમા ઝૈનબબેન હબીબભાઈ લોઢા (કનાઇ) ની રૂહના સવાબ અર્થે કુટુંબીજનો તરફથી.

રૂા.૧૦૦/- મોમિન અબ્બાસઅલી હૈદરભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી (GSET)ની પરીક્ષામાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.મહદીહુસૈન ગુલામભાઈ ભટ્ટા (સાગર કુમાર) (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના સબંધીઓ તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/-મો. કુલસૂમબેન મહદીહુસૈન ભટ્ટા

રૂા.૨૫૦/-મો. હસનઅબ્બાસ મહદીહુસૈન ભટ્ટા
રૂા.૨૫૦/-મો. શાકેરાબેન હસનઅબ્બાસ ભટ્ટા
રૂા.૩૦૦/-મો. યાકુબભાઈ ગુલામભાઈ ભટ્ટા
રૂા.૨૫૦/-મો. ફિઝ્ઝાબેન યાકુબભાઈ ભટ્ટા
રૂા.૧૫૦/-મો. સાબિરહુસૈન યાકુબભાઈ ભટ્ટા
રૂા.૧૫૦/-મો. સાબેરાબેન સાબિરહુસૈન ભટ્ટા
રૂા.૫૦/-મો. મોહંમદહુસૈન સાબિરહુસૈન ભટ્ટા
રૂા.૩૦૦/-મો. નજમાબેન મોહંમદહુસૈન ગોદડ
રૂા.૧૦૦/-મો. શરીફભાઈ વજીરભાઈ ભટ્ટા
રૂા.૧૦૦/-મો. યૂસુફભાઈ સુલેમાનભાઈ ભટ્ટા
રૂા.૨૫૦/-મો. અલુબેન હસનભાઈ હોલ્ડા
રૂા.૧૦૦/-મો. ઝૈનબબેન હાસમભાઈ મોટલા
રૂા.૧૦૦/-મો. શેરબાનુ ગુલામઅલી ભટ્ટા
રૂા.૧૦૦/-મો. તાહેરાબેન ગુલામમોહંમદ ભટ્ટા
રૂા.૧૦૦/-મો. નુરજહાં શબ્બીરઅલી હાજી
રૂા.૧૦૦/-મો. ફાતમાબેન ઈસ્માઈલભાઈ રાજપુરા
રૂા.૧૦૦/-મો. સુગરાબેન યૂસુફભાઈ વાઘ
રૂા.૧૦૦/-મો. સુગરાબેન ઈસ્માઈલભાઈ દાંત્રેલીયા
રૂા.૫૦/-મો. ફાતમાબેન સલમાનઅલી દાવડા
રૂા.૫૦/-મો. હબીબાબેન મહેમુદહુસૈન શાવદી
રૂા.૧૦૦/-મો. શેરઅલી સુલેમાનભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/-મો. નશીરૂદ્દીન ઈબ્રાહીમભાઈ શાવદી
રૂા.૫૦/-મો. ઝહરાબેન અનવરઅલી ખાણશીયા
રૂા.૧૦૦/-મો. અલીરઝા નુરભાઈ વેપારી
રૂા.૫૦/-મો. અબ્બાસઅલી હાસમભાઈ મોટલા

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ઈબ્રાહીમભાઈ ગુલામહુસૈન (પાડગોલ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.મોલ્વી ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ ડોડીયા તથા મોલ્વી કમ્બરઅલી ઈબ્રાહીમભાઈ ડોડીયા તથા મો.સિરાજએહમદ મીકદાદહૈદર ડોડીયા (કાટવાડ) તરફથી મર્હૂમા હૂરીબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમા ખાતૂનબેન મોહંમદઅલી બાલસાણીયા (જાફરીપુરા)ની રૂહના સવાબ અર્થે.


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)
મંઝર ચશ્માઘર
Manzar Optical
નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા
સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.
L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.



Abbas Ali
9925637429
Manjur Ali
9662238925
જ્યોતિ ઈલેક્ટ્રીક
ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ,
તથા ઓફિસના ઈલેક્ટ્રીક
માલ-સામાન અમારા
ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.
ઈસ્ત્રી, હીટર, ગ્રીઝર, મીક્સર
બ્રેન્ડર મળશે.
Hi-Fi MODULAR
RR KABEL
Rapid Electric accessories
Crompton Greaves EVERYDAY SOLUTIONS
POLYCAB WIRES & CABLES
(ગામ : સેદ્રાણાવાળા)
HAVELLS
જી-૮૦, સામર્થ કોમ્પલેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે,
તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.